RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ ભાદરવા સુદ - પુનમ | શનિવાર તા.૨૬-૦૯-૨૦૨૬ | અંક : ૨૨૮ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# જ્ઞાનેશ કુમાર મુદ્દે NDAના ૩ સહયોગી પક્ષોના વિરોધના સ્વર

## LJP, રાષ્ટ્રીય લોક મોરચા તથા TDPના નેતાઓએ ચૂંટણી પંચે વાસ્તવિકતા સ્પષ્ટ કરવા માંગ ઉઠાવી

નવીદિલ્હી,

ભાજપના NDAના ૩ સહયોગી પક્ષો, LJP (રામ વિલાસ)ના ચિરાગ પાસવાન, રાષ્ટ્રીય લોક મોરચાના ઉપેન્દ્ર કુશવાહા અને TDPએ ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા ચૂંટણી પંચ પાસે SIR (વિશેષ સઘન પુનરીક્ષણ) અંગે ખુલાસો માંગ્યો છે. દિલ્હીમાં આ નેતાઓએ લોકોમાં ઉભેલી મૂંઝવણ દૂર કરવા તાત્કાલિક સ્પષ્ટતાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ચૂંટણી પંચે કહ્યું કે, નિર્ણયો સર્વસંમતિથી લેવાયા છે.

વિશેષ સઘન પુનરીક્ષણ એટલે કે SIRને લઈને ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે ભાજપના નેતૃત્વ હેઠળના દ્ભદ્ભછના ત્રણ સહયોગી પક્ષોએ ચૂંટણી પંચ પાસે સ્પષ્ટતા



માગી છે. લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના નેતા ચિરાગ પાસવાન, રાષ્ટ્રીય લોક મોરચાના ઉપેન્દ્ર કુશવાહા અને તેલુગુ દેશમ પાર્ટીએ ચૂંટણી પ્રક્રિયા અંગે ઊભા થયેલા સવાલો અને લોકોમાં રહેલી મૂંઝવણ દૂર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.કેન્દ્રીય મંત્રી અને LJP (રામ વિલાસ)ના વડા ચિરાગ પાસવાને કહ્યું કે ચૂંટણી પંચ એક બંધારણીય સંસ્થા છે અને તેને કોઈ સરકારના બચાવની જરૂર નથી. જોકે, ચૂંટણી પ્રક્રિયા અંગે લોકોના મનમાં સવાલો ઊભા થયા હોય તો ચૂંટણી પંચે પોતાનું વલણ સ્પષ્ટ રીતે લોકો સમક્ષ રજૂ કરવું જોઈએ. પાસવાને કહ્યું કે જો લોકોનો ચૂંટણી વ્યવસ્થા પરથી વિશ્વાસ ઓછો થવા લાગે તો તે લોકશાહી માટે યોગ્ય સ્થિતિ નથી. તેથી ચૂંટણી પંચે લોકોના મનમાં રહેલી મૂંઝવણ દૂર કરવી જરૂરી છે.

રાષ્ટ્રીય લોક મોરચાના પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહાએ પણ SIR અંગે તાત્કાલિક સ્પષ્ટતા કરવાની માગ કરી હતી. તેમણે જણાવ્યું કે SIRના વિવાદને કારણે લોકોમાં મૂંઝવણ ઊભી થઈ છે અને ચૂંટણી પંચે વાસ્તવિક સ્થિતિ અંગે ખુલાસો કરવો જોઈએ. જયારે TDPના લોકસભા નેતા લાવુ શ્રીકૃષ્ણ દેવરાયાલુએ કહ્યું કે આંધ્ર પ્રદેશમાં જીંઈની પ્રક્રિયા પારદર્શક રીતે હાથ ધરાઈ હતી અને મતદારોને પોતાની ચિંતા રજૂ કરવા માટે સમય તથા તક આપવામાં આવી હતી. જોકે, તેમણે પણ કહ્યું કે કોઈ સવાલ ઊભો થાય ત્યારે ચૂંટણી પંચે યોગ્ય ખુલાસો કરવો અને પારદર્શિતા જાળવવી જરૂરી છે.

## કચ્છમાં મોડી રાત્રે ૨.૬ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો

કચ્છ,

ગુજરાતના કચ્છ જિલ્લામાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. મોડી રાત્રે અચાનક કચ્છની ધરા ધ્રુજી ઉઠતા લોકોમાં થોડીવાર માટે ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. રાત્રીના શાંત વાતાવરણમાં આવેલા આ ભૂકંપના આંચકાને કારણે કેટલાક જાગતા લોકોએ ધ્રુજારી અનુભવી હતી. જોકે, આંચકો હળવો હોવાથી મોટા નુકસાનના કોઈ અહેવાલ પ્રાપ્ત થયા નથી.

મહેસૂલ વિભાગ અને સિસ્મોલોજી સેન્ટરથી મળતી માહિતી મુજબ, આ ભૂકંપના આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૬ ની નોંધાઈ હતી.

રાત્રે બરાબર ૧:૩૪ કલાકે આ ધરતીકંપનો આંચકો આવ્યો હતો, જેના કારણે ગાઢ નિંદ્રામાં સૂતેલા કેટલાક લોકોને હળવા આંચકાનો અનુભવ થયો હતો. સામાન્ય રીતે કચ્છ પંથકમાં આવા હળવા આંચકાઓ અવારનવાર નોંધાતા રહે છે આ ભૂકંપનું કેન્દ્રબિંદુ કચ્છના દુધઈ વિસ્તારથી ૧૧ કિલોમીટર દૂર હોવાનું સામે આવ્યું છે. સદનસીબે આ આંચકો ખૂબ જ હળવા સ્વરૂપનો હોવાથી કોઈ જાનમાલ કે મિલકતને નુકસાન થયાના સમાચાર નથી. વહીવટી તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન ટીમ દ્વારા સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે.

## ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની શરતો ફગાવતાં ફરીથી લશ્કરી કાર્યવાહીની આશંકા!

### ટ્રમ્પને શંકા છે કે ઈરાન તેમની માંગણીઓ પૂરી નહીં કરે

વોશિંગટન,

ઈરાને કતાર મારફતે અમેરિકા સમક્ષ એક ૭ દિવસનો ખાસ પ્રસ્તાવ મૂક્યો હતો. આ યોજના હેઠળ ઈરાન આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્ત્વપૂર્ણ એવા સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ફરી ખોલવા અને પરમાણુ મુદ્દે અમેરિકા સાથે વાતચીત પુનઃ શરૂ કરવા તૈયાર થયું હતું. પરંતુ તેના બદલામાં ઈરાને અમેરિકા સામે ૩ મુખ્ય શરતો રાખી હતી.

અમેરિકન પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે આ પ્રસ્તાવને સ્પષ્ટપણે અસ્વીકાર કરી દીધો છે. ટ્રમ્પને શંકા છે કે ઈરાન તેમની માંગણીઓ પૂરી નહી કરે. અમેરિકાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રમ્પે તેમના સહયોગીઓને સંકેત આપ્યા છે કે નવેમ્બરમાં યોજાનારી 'મિડટર્મ' ચૂંટણીઓ પછી ઈરાન પર ફરીથી લશ્કરી કાર્યવાહી અને બોમ્બમારો શરૂ થઈ શકે છે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચીના જણાવ્યા અનુસાર, જો અમેરિકા તેમની શરતો સ્વીકારે તો આ ૭ દિવસની સમયસીમા તે જ દિવસથી શરૂ થઈ જાતઃ ૧ થી ૫ દિવસઃ અમેરિકાએ ઈરાની બંદરો પરથી નૌકાદળની નાકાબંધી હટાવવી, ઈરાની તેલના વેચાણ પરના પ્રતિબંધોમાં છૂટછાટ આપવી અને લેબનાનને પણ સાંકળતો યુદ્ધવિરામ અમલી બનાવવો. ૬ઠ્ઠો દિવસઃ ઈરાન દ્વારા સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ફરીથી ખોલી દેવામાં આવે. અને ૭મો દિવસઃ બંને દેશો વચ્ચે પરમાણુ મુદ્દે સત્તાવાર વાટાઘાટો પુનઃ શરૂ થાય.

## એક આતંકવાદી દેશ મને સવાલ પૂછે છે:UNમાં જયશંકર

### ભારતની વિદેશ નીતિ, વૈશ્વિક સુરક્ષા અને આતંકવાદ સામેની વૈશ્વિક લડાઈ અંગેની ચર્ચામાં પાકિસ્તાનના રિપોર્ટરે પ્રશ્ન પૂછેલો

ન્યૂયોર્ક,

વિદેશ મંત્રી એસ. જયશંકરે શુક્રવારે એક પાકિસ્તાની રિપોર્ટર પર કટાક્ષ કર્યો. રિપોર્ટરે ભારત પર પાકિસ્તાનમાં આતંકવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો. આ અંગે જયશંકરે કહ્યું, “એક આતંકવાદી દેશ મને આ સવાલ પૂછી રહ્યો છે.” રિપોર્ટરના સવાલનો જવાબ આપ્યા બાદ તેઓ સ્મિત કરીને ત્યાંથી નીકળી ગયા. ખરેખર, સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર મીડિયા દ્વારા પૂછાયેલા સવાલોના જવાબ આપી રહ્યા હતા. આ દરમિયાન ભારતની વિદેશ નીતિ, વૈશ્વિક સુરક્ષા અને આતંકવાદ સામેની વૈશ્વિક લડાઈ અંગે ચર્ચા થઈ રહી હતી.આ પહેલાં ડિસેમ્બર ૨૦૨૨માં ન્યૂયોર્કમાં એક પાકિસ્તાની પત્રકારે જયશંકરને પૂછ્યું હતું કે દક્ષિણ એશિયા આખરે ક્યાં સુધી ભારત, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન સાથે જોડાયેલા આતંકવાદનો સામનો કરતું રહેશે.તમે ખોટા મંત્રીને સવાલ પૂછી રહ્યા છો. પાકિસ્તાન આતંકવાદ કેટલા સમય સુધી ચાલુ રાખવા માગે છે, તે પાકિસ્તાનના મંત્રીઓ જણાવશે. ભારત લાંબા સમયથી પાકિસ્તાન પર સરહદ પારના આતંકવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવતું રહ્યું છે. પાકિસ્તાન આ આરોપોને નકારે છે. બંને દેશો વચ્ચે આતંકવાદનો મુદ્દો લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય મંચો પર ઉઠતો રહ્યો છે.

ભારતે એપ્રિલ ૨૦૨૫ના પહલગામ આતંકવાદી હુમલાનો મુદ્દો પણ આંતરરાષ્ટ્રીય મંચો પર ઉઠાવ્યો છે. આ હુમલામાં ૨૬ લોકોનાં મોત થયાં હતાં. ત્યારબાદ ભારતે ઑપરેશન સિંદૂર શરૂ કર્યું હતું.ભારતે આંતરરાષ્ટ્રીય મંચો પર



પાકિસ્તાનમાં હાજર અથવા ત્યાંથી સંચાલિત આતંકવાદી સંગઠનો અને આતંકવાદના ભંડોળનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. બીજી તરફ, પાકિસ્તાન ભારતના આરોપોને નકારતું રહ્યું છે.જયશંકરે પ્રેસ કૉન્ફરન્સમાં ખાડી, લાલ સમુદ્ર અને કાળા સમુદ્રમાં વેપારી જહાજો પર વધી રહેલા હુમલાનો મુદ્દો પણ ઉઠાવ્યો.વિદેશ મંત્રી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૧મા સત્રના હાઈ લેવલ સેશનમાં આજે ૨૬ સપ્ટેમ્બરે ભારતનો પક્ષ રજૂ કરશે. પોતાના સંબોધન દરમિયાન તેઓ વૈશ્વિક મુદ્દાઓ પર ભારતનો પક્ષ દુનિયા સમક્ષ રજૂ કરશે.

## હવામાં અધવચ્ચે પ્લેન ક્રેશ, કોંગો સૈન્યના બે મોટા અધિકારી સહિત ૧૪લોકોના મોત

### ટેકનિકલ ખામી સર્જાતા થયો અકસ્માત, વિમાન કોંગોના કિકવિટ શહેરથી રાજધાની કિંશાશા જતું હતું

કિંશાશા,

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં આજે શનિવારે સવારે એક દુઃખદ વિમાન અકસ્માત સર્જાયો. આ અકસ્માતમાં સૈન્યના બે ઉચ્ચ અધિકારીઓ સહિત કુલ ૧૪ લોકોના મોત નીપજયા છે. કોંગોની સેનાએ આ ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરી છે. મૃતકોમાં સૈન્ય અદાલતના વડા લેફ્ટનન્ટ જનરલ મુતોમ્બો કાટાલાઈ તિયેંદે અને સશસ્ત્ર દળોના ઓડિટર જનરલ લેફ્ટનન્ટ જનરલ બાકુમી લિકુલિયાનો સમાવેશ થાય છે. આ સિવાય ડેલિગેશનના અન્ય સભ્યો અને પ્લેનના કેબિન ક્રૂ મેમ્બર્સ પણ આ દુર્ઘટનામાં માર્યા ગયા છે.

કોંગોની સેનાના પ્રવક્તા મેજર જનરલ



એફોમી એકેંગે જણાવ્યું હતું કે, આ વિમાન દક્ષિણ-પશ્ચિમ કોંગોના કિકવિટ શહેરથી રાજધાની કિંશાશા તરફ પાછું ફરી રહ્યું હતું. તે દરમિયાન વિમાનમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાઈ હતી. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટેકનિકલ સમસ્યા બાદ વિમાન 'કેંગે' વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થઈને તૂટી પડ્યું હતું. વિમાનમાં સવાર તમામ ૧૪ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

કોંગોની નાગરિક ઉડ્ડયન ઓથોરિટી અને સેનાએ આ દુર્ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરી દીધી છે. અકસ્માત પાછળ કઈ ચોક્કસ ટેકનિકલ ખામી જવાબદાર હતી તે તપાસ અહેવાલ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. આ અકસ્માત એવા સમયે થયો છે જ્યારે કોંગોની સેના દેશના પૂર્વીય ભાગમાં 'સ્૨૩' જેવા બળવાખોર જૂથો સામે યુદ્ધ લડી રહી છે. આવા સંવેદનશીલ સમયે સેનાના બે ટોચના લેફ્ટનન્ટ જનરલોનું મોત થવું એ કોંગોની સેના માટે ખૂબ મોટો આંચકો માનવામાં આવે છે.

## સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પાકિસ્તાનના PMએ કાશ્મીરને ગણાવ્યું 'ગળાની નસ

### સિંધુ જળ સંધિ અંગે ભારતના પગલાને પણ ગેરકાનૂની ગણાવ્યું

ન્યૂયોર્ક,

પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે શુક્રવારે ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્રમાં કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો. શહબાઝે કહ્યું કે કાશ્મીર તેમના માટે જગર વેઈન (ગળાની નસ) છે. ભારત અહીં લોકો સાથે અત્યાચાર કરી રહ્યું છે. શહબાઝ શરીફે ભારતને સિંધુ નદીનું પાણી ન રોકવાની ધમકી પણ આપી. તેમણે કહ્યું કે પાણી રોકવાના પ્રયાસને 'યુદ્ધની કાર્યવાહી' માનવામાં આવશે.



શહબાઝે કહ્યું કે પાણીનો ક્યારેય હથિયાર તરીકે ઉપયોગ ન કરવો જોઈએ. નદીઓનું કામ દેશોને પાણી આપવાનું છે, તેમને વહેંચવાનું નહીં. ભારતે આ બાબતે કોઈ ભૂલ ન કરવી જોઈએ.શહબાઝે સિંધુ જળ સંધિનો મુદ્દો પણ ઉઠાવ્યો. તેમણે કહ્યું કે ગયા વર્ષે ભારત-પાકિસ્તાન સંઘર્ષ બાદ ભારતે આ સંધિને એકતરફી રીતે સ્થગિત કરી દીધી, જેના માટે કોઈ કાનૂની આધાર નથી.શહબાઝે દાવો કર્યો કે UNના નિષ્ણાતો અને કાયમી મધ્યસ્થતા અદાલતે પણ આ મામલે ભારતના દાવાઓ અને પગલાંને ફગાવી દીધા છે. તેમણે કહ્યું કે તેનાથી પાકિસ્તાનનું વલણ સાચું સાબિત થયું છે.

### જમ્મુ-કાશ્મીર પર ભારતનો જવાબ

ભાષણ દરમિયાન જમ્મુ-કાશ્મીરનો મુદ્દો ઉઠાવવા પર ભારતે જવાબ આપ્યો કે, 'જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અને અવિભાજ્ય અંગ છે અને હંમેશા રહેશે.' આની સાથે જ ભારતે પાકિસ્તાનને પોતાના કબજા હેઠળના જમ્મુ-કાશ્મીરમાં ડોકિયું કરવાની સલાહ આપી અને રાવલકોટના લોકો દ્વારા વેઠવી પડતી ક્રૂર હિંસા, મનસ્વી હત્યાઓ અને પાયાના અધિકારોથી વંચિત રાખવાના મુદ્દાને ઉજાગર કર્યો.

## ગુજરાતમાં ગણપતિ વિસર્જનમાં ડૂબી જવાથી દસ લોકોના મોત

અમદાવાદ,

ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ધામધૂમથી ગણપતિ વિસર્જનનો પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો. પરંતુ આ દરમિયાન પાણીમાં ડૂબી જવાના કારણે ૧૦ લોકોના મોત નિપજયા છે. સુરત, ધોળકા અને મોરબી જિલ્લામાં આ કરુણ ઘટનાઓ ઘટી છે.

બીજી તરફ અમરેલી જિલ્લાના બાબરામાં ગણપતિ વિસર્જન કરવા ગયેલા લોકોને ચેકડેમમાંથી ચાર મૃતદેહો મળી આવતા ચકચાર મચી ગઈ છે. અલબત, આ ચારેય લોકો ન્હાવા જતા ડૂબ્યા હોવાનું પ્રાથમિક અનુમાન છે.

કામરેજ તાલુકાના ધોરણ પારડી ગામે સાંજે તાપી નદીના કિનારે વિસર્જન અર્થે ગયેલી હોડી અચાનક પલટી મારી જતા ૫ લોકો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

જેમાં ત્રણના ડૂબી જવાના કારણે મૃત્યુ નિપજયા છે. માંગરોળના લિડીયાત અને કુંવરદા ગામે તેમજ ઓલપાડ તાલુકાના દિહેણ ગામે પણ ગણપતિ વિસર્જન દરમિયાન ત્રણ વ્યક્તિઓ ડૂબી ગયા હોવાની ઘટનાઓ નોંધાઈ છે. બગોદરા-શિયાળ રોડ પર આવેલ થાળાવાળી પાણીની દીરમાં ગણપતિ વિસર્જન બાદ નાહવા પડેલા બે કિશોરો ડૂબવાની ઘટના સામે આવી છે. મોરબીમાં મચ્છુ ૩ ડેમમાં ગણેશ વિસર્જન કરવા ગયેલા ચાર યુવાનો પાણીમાં ડૂબી ગયા હતા. મોરબી ફાયર ટીમને કોલ મળતા તુરંત રેસ્ક્યુ શરૂ કરી ૨ને બચાવી લીધા હતા. બીજા ૨ યુવાનોના મૃતદેહ મળી આવ્યા છે.

## એશિયન ગેમ્સ:કબ્બડીમાં ભારતની દીકરીઓને ગોલ્ડ



નેગાયા,

નાગોયા ખાતે યોજાઈ રહેલી એશિયન ગેમ્સ ૨૦૨૬ ના ૭મા દિવસે ભારતે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ભારતીય મહિલા કબડ્ડી ટીમે રોમાંચક ફાઈનલ મુકાબલામાં ઈરાનને ૩૭-૩૪ થી હરાવીને ગોલ્ડ મેડલ (સુવર્ણ પદક) પોતાના નામે કર્યો છે. એશિયન ગેમ્સમાં મહિલા કબડ્ડી ક્ષેત્રે ભારતનો આ ચોથો મેડલ છે, જ્યારે આ ચાલુ એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતનો આ કુલ ત્રીજો ગોલ્ડ મેડલ છે.

૭મા દિવસે ભારતીય ખેલાડીઓ એથ્લેટિક્સ, શૂટિંગ, કબડ્ડી, હોકી, ફેન્સિંગ, બોક્સિંગ, સ્ક્વોશ, તીરંદાજી, સેલિંગ, સર્ફિંગ અને બેડમિન્ટન જેવી વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે. એશિયન ગેમ્સના છઠ્ઠા દિવસે ભારતે ૧ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૩ બ્રોન્ઝ સહિત કુલ ૬ મેડલ જીત્યા હતા.

એશિયન ગેમ્સમાં અગાઉ ભારતને ક્રિકેટ સહિત બે ગોલ્ડ મેડલ મળ્યા હતા અને કબડ્ડીમાં ગોલ્ડ મેડલ મળતા ત્રણ ગોલ્ડ ભારતના નામે થયા છે. અત્યાર સુધીમાં કુલ ૨૭ મેડલો મળ્યા છે.

### મેન્સ મેરેથોનમાં સાવનને સિલ્વર




સાવન બરવાલે એશિયન ગેમ્સ ૨૦૨૬માં પુરુષ મેરેથોન સ્પર્ધામાં સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચી દીધો છે. ૨:૧૧:૩૭ના પર્સનલ બેસ્ટ સમય સાથે તેમણે ૪૪ વર્ષ બાદ ભારતને આ ઈવેન્ટમાં પદક અપાવ્યો છે. જાપાનના ઈચિટાકા યામશિતાએ ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે ચીનના પેઈયુ ફેંગને બ્રોન્ઝ મેડલ મળ્યો હતો. સાવને આ રેસના મોટાભાગના સમય સુધી પોતાની સરસાઈ જાળવી રાખી હતી. સાવને રેસની શરૂઆતથી જ દમદાર પ્રદર્શન બતાવ્યું હતું.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રધાનમંત્રી મોદીના જનસેવાના ૨૫ વર્ષ નિમિત્તે 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં નાગરિકોને સ્થળ પર જ સરકારી યોજનાઓના લાભો અને પ્રમાણપત્રોનું વિતરણ કરાયું



અમદાવાદ,

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા, સુશાસન અને સમર્પણના ૨૫ ગૌરવવંતા વર્ષોની ઉજવણીના ભાગરૂપે ચાલતા 'સેવા સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરી વિસ્તારના ૧૨મા તબક્કાના 'સેવા સેતુ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

દક્ષિણ ઝોન, પૂર્વ ઝોન, મધ્ય ઝોન અને ઉત્તર ઝોનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ સેવા સેતુ કાર્યક્રમનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોને સરકારી યોજનાઓના લાભો મેળવવામાં સરળતા રહે અને તેમની વ્યક્તિગત અરજીઓનો સ્થળ પર જ ત્વરિત નિકાલ થાય તે સુનિશ્ચિત કરવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'સેવા સેતુ' સ્થળ પર ઉપસ્થિત રહીને વિવિધ સરકારી યોજનાઓ હેઠળના લાભાર્થીઓને સ્થળ પર જ પ્રમાણપત્રો તથા સહાયના ચેક અર્પણ કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ લાભાર્થીઓ સાથે ખૂબ જ આત્મીયતાપૂર્વક વાતચીત કરીને યોજનાઓના લાભ મળવા અંગે પ્રતિભાવો મેળવ્યા હતા. આ ઉપરાંત, તેમણે સેવા સેતુ સ્થળ પર નાગરિકોની સુવિધા માટે ઊભા કરવામાં આવેલા વિવિધ યોજનાકીય ડેસ્કનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું અને કામગીરીની સમીક્ષા કરી હતી.

પ્રધાનમંત્રીશ્રીના 'છેવાડાના માનવી સુધી લાભો પહોંચાડવાના' સંકલ્પને સાકાર કરતા આ સેવા સેતુ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકોએ હાજરી આપી સ્થળ પર જ વિવિધ સરકારી સેવાઓ અને સહાયનો લાભ મેળવ્યો હતો.

આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા, અમદાવાદના મેયર હિતેશ બારોટ,સાંસદ દિનેશ મકવાણા, ધારાસભ્ય સવેશ્રી અમુલ ભટ્ટ, દિનેશસિંહ કુશવાહ,

મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાની,નાયબ મેયર અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશ પટેલ, અગ્રણી પ્રેરક શાહ સહિત કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અંબાજી ભાદરવી પૂનમના મેળાના સમાપન અગાઉ બનાસકાંઠા કલેક્ટર સહીત અધિકારીઓની પદયાત્રા

## ત્રિશૂલિયા ઘાટથી અંબાજી સુધી પદયાત્રા કરી માતાજીના દર્શન કરી આશિર્વાદ મેળવ્યા

અમદાવાદ,

સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ એવા પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળાના સમાપન અગાઉ એક ભાવુક અને શ્રદ્ધામય દ્રશ્ય જોવા મળ્યું હતું. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર મિહિર પટેલના નેતૃત્વમાં સમગ્ર બનાસકાંઠા વહીવટી તંત્રએ માં અંબાના ચરણોમાં કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે વિશાળ પદયાત્રા યોજી હતી. મહામેળો હવે ગણતરીના કલાકોમાં પૂર્ણ થવા તરફ છે ત્યારે રાત-દિવસ અવિરત સેવા આપનારા વિવિધ વિભાગોના આશરે ૫૦૦ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓ આ પદયાત્રામાં પદયાત્રી બનીને જોડાયા હતા.

જિલ્લા કલેક્ટર મિહિર પટેલ સાથે દાંતા જીલ્લ્સ, અમીરગઢ જીલ્લ્સ, પાલનપુર જીલ્લ્સ તેમજ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ત્રિશૂલિયા ઘાટથી અંબાજી મંદિર સુધી પગપાળા ચાલીને પહોંચ્યા હતા. આ પદયાત્રા દરમિયાન અધિકારીઓએ ત્રિશૂલિયા ઘાટના કઠિન વળાંકો વચ્ચે ચાલીને દૂર-દૂરથી આવતા લાખો શ્રદ્ધાળુઓની અથાક ભક્તિ અને શ્રમનો રૂબરૂ અનુભવ કર્યો હતો. કલેક્ટર સહિત સમગ્ર કાફલાએ અંબાજી પહોંચી મા અંબાના નિજ મંદિરે શીશ નમાવી ધન્યતા અનુભવી હતી.

ખુબ મોટી સંખ્યામાં હાજર ભક્તોની વચ્ચે ભાદરવી પૂનમનો આ મહામેળો અત્યંત શાંતિપૂર્ણ, સુવ્યવસ્થિત અને સુખરૂપ રીતે સંપન્ન થાય તેવા પવિત્ર આશય સાથે આ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્રના રાત-દિવસના અથાક પરિશ્રમ અને સફળ આયોજન બદલ કલેક્ટર સહિતના તમામ અધિકારીઓએ જગતજનની અંબાના ચરણોમાં આભાર વ્યક્ત કર્યો હતો તેમજ મા અંબાના આશીર્વાદ સમગ્ર બનાસકાંઠા જિલ્લા, ગુજરાતની પ્રજા અને તંત્ર પર સદાય બન્યા રહે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી.

# અમદાવાદના કોચરબ આશ્રમ પાસે આવેલા એક સ્પામાં આગ

## ૩ મહિલા અને ૧ પુરુષ સહિત ૪ લોકોનું ફાયર વિભાગે રેસ્ક્યૂ કરી હોસ્પિટલ ખસેડયા

અમદાવાદ,

શહેરના પાલડી વિસ્તારમાં આવેલ કોચરબ આશ્રમ પાસે આવેલા એક સ્પામાં આગની ઘટના બની છે. કોચબર આશ્રમ પાસે કોઠાવાલા ફ્લેટ નજીક આવેલા એક સ્પામાં બપોરના સમયે આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

પાલડી વિસ્તારમાં કોચરબ આશ્રમ પાસે કોઠાવાલા ફ્લેટ નજીક એક સ્પામાં આગ લાગી હોવાનો ફાયર વિભાગને કોલ મળ્યો હતો. સ્પામાં લાગેલી આ આગમાં પાંચ લોકો ફસાયા હોવાની પણ ફાયર વિભાગને માહિતી મળી હતી. ફાયરનો કોલ મળતા જ ફાયર વિભાગ દોડતું થઈ ગયું હતું. ફાયર વિભાગની ૭થી ૮ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

ફાયર ઓફિસર અભિષેક તોમરેના અનુસાર, સ્પામાં લાગેલી આગમાં ૫ લોકો ફસાયા હોવાની માહિતી મળી હતી. ફાયર વિભાગે ઘટનાસ્થળે પહોંચીને આ પાંચેય લોકોને બચાવ્યા હતા. ફાયર વિભાગે આગમાંથી બચાવેલા લોકોમાં ૩ મહિલા અને ૨ પુરૂષોનો સમાવેશ થાય છે. ફાયર અધિકારીના કહેવા મુજબ હાલ સંપૂર્ણપણે આગને કાબૂમાં લેવાની કામગીરી ચાલી રહી છે.

# પ્રિવેન્શન અને ડિટેક્શનમાં સીસીટીવી કેમેરા અત્યંત અસરકારક : રાજ્યમાં સીસીટીવી નેટવર્કનું બનશે મજબૂત કવચ

## સીસીટીવી નેટવર્ક વધુ સઘન બનાવવા રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકની ખાસ પહેલ

ગાંધીનગર,

રાજ્યમાં જાહેર સલામતી વધુ સુદ્રઢ કરવા તથા ક્રાઈમ પ્રિવેન્શન અને ત્વરિત ડિટેક્શનના ઉદ્દેશથી સમગ્ર રાજ્યમાં સીસીટીવી સર્વેલન્સને લોકભાગીદારી થકી વધુ વ્યાપક અને મજબૂત બનાવવા રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક જ્યારે અમદાવાદ શહેર પોલીસ કમિશનર તરીકે સેવારત હતા, ત્યારે વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૬ દરમિયાન નાગરિકો, વેપારી સંગઠનો અને વિવિધ એસોસિએશનોના સ્વૈચ્છિક સહયોગથી ૨૪ હજારથી પણ વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા



હતા. નાગરિકોના આ સક્રિય સહયોગના પરિણામે શહેરમાં ક્રાઈમ પ્રિવેન્શન કરવામાં અને ખાસ કરીને ક્રાઈમ ડિટેક્શનમાં પોલીસને અભૂતપૂર્વ સફળતા મળી હતી. લોકભાગીદારીથી ઊભું થયેલું આ મજબૂત નેટવર્ક સુરક્ષા વ્યવસ્થામાં એક ગેમ-ચેન્જર સાબિત થયું હતું. અમદાવાદના આ અત્યંત સફળ પ્રયોગને સમગ્ર રાજ્યમાં લાગુ કરી નાગરિકોની સીધી ભાગીદારીથી સલામતીનું એક મજબૂત કવચ તૈયાર કરવાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. રાજ્યમાં હાલ ૩.૮૮ લાખથી વધુ ખાનગી સીસીટીવી કેમેરા કાર્યરત છે, પરંતુ તેમાંથી જાહેર માર્ગો, પાર્કિંગ કે સોસાયટીઓના એન્ટ્રી-એક્ઝિટને આવરી લેતા કેમેરા પ્રમાણમાં ઓછા છે. સીસીટીવી નેટવર્કનો વ્યાપ જેટલો મોટો અને સુવ્યવસ્થિત હશે, તેનો સીધો લાભ નાગરિકોની પોતાની સુરક્ષા અને શાંતિ-વ્યવસ્થામાં થશે. આ બાબતને ધ્યાનમાં રાખીને રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા તમામ શહેરના પોલીસ કમિશનરશ્રીઓ અને જિલ્લા પોલીસ વડાઓને સૂચના અપાઈ છે કે તેઓ સ્થાનિક નાગરિકો, રહેવાસી સોસાયટીઓ અને વેપારી મંડળો સાથે સ્નેહપૂર્ણ સંવાદ અને બેઠકો યોજીને મહત્તમ સીસીટીવી કેમેરા લગાડવા માટે વધુમાં વધુ લોકો સ્વેચ્છાએ પ્રેરાય તેવું વાતાવરણ ઊભું કરે. નાગરિકો જ્યારે પોતાની સોસાયટી કે વ્યાપારી પરિસરમાં સીસીટીવી લગાવવાનું આયોજન કરે, ત્યારે તે કેમેરા માત્ર અંદર પૂરતા મર્યાદિત ન રહેતાં બહારના મુખ્ય રોડ, પાર્કિંગ અને અવરજવરના મુખ્ય પોઈન્ટ્સને આવરી લેતે હિતાવહ છે. આ ઉપરાંત, નાઈટ વિઝન ક્ષમતા અને આધુનિક ૪ મેગાપિક્સલ કે તેથી વધુ સ્પષ્ટતા ધરાવતા તેમજ પૂરતો વિડીયો બેકઅપ ધરાવતા કેમેરા પસંદ કરવાથી રાત્રિના સમયે પણ ઉત્તમ સર્વેલન્સ મળે છે.

# ગાંધીનગર મનપા ચૂંટણી માટે ભાજપે ૮ વોર્ડના ૩૨ ઉમેદવારો કર્યા જાહેર

ગાંધીનગર,

ગાંધીનગર મહાપાલિકાની સામાન્ય ચૂંટણીઓ માટે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા ઉમેદવારોના નામોની સત્તાવાર યાદી જાહેર કરી દેવામાં આવી છે. મોવડી મંડળની લાંબી કસરત અને નિરીક્ષકોના અહેવાલો બાદ ભાજપે પ્રથમ તબક્કામાં ૮ વોર્ડના કુલ ૩૨ ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. વોર્ડવાર ઉમેદવારોના નામોની યાદી બહાર આવતાં જ ગાંધીનગર શહેરના રાજકારણમાં ભારે ચર્ચા, અફડાતફરી અને ચૂંટણીનો ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે.

ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલી આ યાદીમાં અનેક મહત્વપૂર્ણ રાજકીય સમીકરણો જોવા મળ્યા છે. વોર્ડ નંબર ૧૧ માં જનરલ બેઠક હોવા છતાં ભાજપે જીઞ ઉમેદવાર સેજલ પરમાર પર પસંદગીનો કળશ ઢોળ્યો છે, જ્યારે અનુભવી પૂર્વ કોર્પોરેટર મહેન્દ્ર દાસને પણ ફરી ટિકિટ આપવામાં આવી છે. આ ઉપરાંત પૂર્વ કામગીરીને ધ્યાને રાખીને વોર્ડ નંબર ૩ માંથી અંકિત બારોટ અને વોર્ડ નંબર ૫ માંથી હેમાબેન ભટ્ટને રિપીટ કરવામાં આવ્યા છે. ભાજપે સગાંવાદના સમીકરણ વચ્ચે પૂર્વ એમએલએ અશોક પટેલના પુત્રવધૂ તન્વી પટેલને વોર્ડ નંબર ૧૦ માંથી ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે.

એક તરફ ૮ વોર્ડના નામો જાહેર થઈ ગયા છે, તો બીજી તરફ વોર્ડ નંબર ૨ માં ઉમેદવારની પસંદગીને લઈને ભારે ખેંચતાણ સર્જાઈ છે.

# અમદાવાદ : ઢાલગરવાડ કાપડ બજારમાં સામાન્ય બાબતે વેપારી ઉપર ટોળાનો જીવલેણ હુમલો

## દુકાન માલિક સહિત ત્રણ વ્યક્તિને ગંભીર ઈજા : કાપડ બજારની ૧૦૦૦થી વધુ દુકાનો સજ્જડ બંધ

અમદાવાદ,

અમદાવાદના લાલ દરવાજા વિસ્તારમાં આવેલા ઢાલગરવાડ કાપડ બજારમાં વાહન સાઈડમાં લેવા બાબતે થયેલી સામાન્ય બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. ટ્રાફિકમાં ગાડી હટાવવા જેવી સામાન્ય બાબતે અગાઉ થયેલી માથાકૂટની અદાવત રાખીને ૧૦થી વધુ લોકોના ટોળાએ એક દુકાનમાં ઘૂસીને ભારે તોડફોડ અને મારામારી કરી હતી. આ ઘટનામાં દુકાન માલિક, તેમના ભત્રીજા અને તેમને બચાવવા આવેલા એક મિત્રને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે જીફ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, વાહન હટાવવાના મુદ્દે થયેલી બબાલનો ખાર રાખીને ૫ જેટલા મુખ્ય શખ્સોએ દુકાનમાં ઘૂસીને આતંક મચાવ્યો હતો. આ શખ્સોએ દુકાનમાં બેઠેલા ૧૭ વર્ષીય સગીર અને તેના કાકા પર ઢોર માર મારવાનું શરૂ કર્યું હતું. હુમલાખોરોએ પરિવારના સભ્યોને એક બાદ એક નિશાન બનાવીને છરી વડે ઘાતક હુમલો કરતા કાકા અને ભત્રીજો બંને લોહીલુહાણ થઈ ગયા હતા. મારપીટ અને તોડફોડની આ સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.

# ગાંધીનગર મનપા ચૂંટણી : કોંગ્રેસે ૧૯ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી

ગાંધીનગર,

ગાંધીનગર મહાપાલિકાની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો વધી ગયો છે, જે અંતર્ગત કોંગ્રેસ પક્ષ દ્વારા પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીમાં જીત મેળવવાના હેતુથી કોંગ્રેસે પ્રથમ તબક્કામાં કુલ ૧૯ ઉમેદવારોના નામોની જાહેરાત કરી છે. આ યાદીમાં મુખ્યત્વે પાંચ વોર્ડ—વોર્ડ નંબર ૧, ૩, ૮, ૯ અને ૧૦ ના ઉમેદવારોના નામોનો સમાવેશ થાય છે. પક્ષ દ્વારા અનુભવી અને સ્થાનિક સ્તરે સક્રિય કાર્યકરોને ટિકિટ આપી ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

વોર્ડ નંબર ૧ માં કોંગ્રેસ પક્ષે જલ્પાબેન ઠાકોર, સુનિતાબેન સંજયકુમાર પટેલ, રવિન્દ્રકુમાર છોટાલાલ ત્રિવેદી અને નંદુભાઈ રમણભાઈ પટેલ પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. જ્યારે બીજી તરફ વોર્ડ નંબર ૩ માટે હેતલ રાઠોડ, શિવાની સતીશકુમાર શાહ, માનજી મોદી અને મહેન્દ્રસિંહ સતુભા ચાવડાને ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. બંને વોર્ડમાં મહિલા અને પુરુષ ઉમેદવારોનું યોગ્ય સંતુલન જાળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વોર્ડ નંબર ૮ માં આશાબેન જશુભાઈ ઠાકોર, દક્ષાબેન દિનેશભાઈ પરમાર, ચિરાગકુમાર પ્રતાપજી ઠાકોર અને ફેવીન ધિરેનકુમાર પટેલને ચૂંટણી જંગમાં ઉતારાયા છે. વોર્ડ નંબર ૯ માં રંજનબેન અમરસિંહ રમલાવત, અશ્વિનકુમાર દાનાભાઈ સુહાન અને ધ્રુવ સીતારામભાઈ પટેલના નામોની જાહેરાત થઈ છે.

# અમદાવાદના ઈસનપુરમાં આંગડિયા પેઢીમાં હથિયાર સાથે ઘુસેલા બે શખ્સ ઝડપાયા

## પોલીસે ૩ તમંચા અને ૧૯ જીવતા કારતૂસ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ,

ઈસનપુરમાં આંગડિયા પેઢીમાં લૂંટ કરવા આવેલા બે હથિયારધારી શખ્સો સાથે ફિલ્મી સીન જેવી ઘટના બની હતી. આંગડિયા પેઢીમાં બે શખ્સો લૂંટના ઈરાદે ઘુસ્યા હતા અને તમંચો બતાવી ૧૧ લાખની રકમ લૂંટી લીધી હતી. જોકે, સ્થાનિકોએ બન્ને આરોપીને ઝડપીને પોલીસને સોપ્યા હતા. પોલીસે તેમની પાસેથી ૩ તમંચા અને ૧૯ જીવતા કારતૂસ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

૨૪ સપ્ટેમ્બરની સાંજે નારોલ બીઆરટીએસ બસ સ્ટેન્ડ સામે આવેલા આદર્શ કોમ્પલેક્સમાં 'પટેલ મહેન્દ્રભાઇ સોમાભાઇ આંગડિયા પેઢી' આવેલી છે. આ આંગડિયા પેઢીમાં વસ્ત્રાલમાં રહેતા ૩૮ વર્ષીય અંકિતભાઈ ગજ્જર કેબિનમાં એકલા



કામ કરી રહ્યા હતા અને ટેબલના ખાનામાં આશરે રૂ.૧૧ લાખની રોકડ હતી. આરોપીઓએ તમંચો બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી રોકડની માંગણી કરી હતી. જોકે અંકિતભાઈએ ડર્યા વિના બંને આરોપીઓના હથિયારવાળા હાથ પકડી લીધા હતા. આરોપીઓએ પકડ છોડાવવા અંકિતભાઈ સાથે ઝપાઝપી કરી અને માર માર્યો હતો, પરંતુ તેમણે હાથ છોડ્યા નહોતા અને ત્યારબાદ અંકિત ભાઈએ બૂમાબૂમ કરતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને બંને આરોપીઓને સ્થળ પર જ ઝડપી પોલીસને સોંપી દીધા હતા.

# ગિફ્ટ સિટીમાં નવી બિઝનેસ એકોમોડેશન પોલિસી : હવે બેચલર્સને પણ રૂમ ભાડે મળશે

## રહેઠાણની મુશ્કેલીને કારણે કેટલાક કર્મચારીઓએ અન્ય સ્થળે ટ્રાન્સફર માગી હોવાના કિસ્સા પણ સામે આવ્યા બાદ લેવાયો નિર્ણય



ગાંધીનગર,

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ-ટેક (ગિફ્ટ) સિટી ખાતે કામ કરતા કે અભ્યાસ કરતા બેચલર્સ અને સિંગલ પ્રોફેશનલ્સને રહેઠાણ મેળવવામાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે નવી 'બિઝનેસ એકોમોડેશન પોલિસી' લાવવાની તૈયારી ચાલી રહી છે. ગિફ્ટ સિટી સત્તાવાળાઓ એવી વ્યવસ્થા ઊભી કરવા માગે છે, જેમાં નોકરી, બિઝનેસ, તાલીમ, અભ્યાસ અથવા સરકારી કામગીરી માટે થોડા સમય માટે રહેતા લોકોને વ્યવસ્થિત અને નિયંત્રિત રહેઠાણ મળી રહે.

ગિફ્ટ સિટીમાં ઓછામાં ઓછા ૨૫૦૦ લોકો કામ કરે છે, જેમાં મોટી સંખ્યામાં સિંગલ પ્રોફેશનલ્સ અને અન્ય સ્થળેથી આવેલા કર્મચારીઓનો સમાવેશ થાય છે. રહેઠાણની મુશ્કેલીને કારણે કેટલાક કર્મચારીઓએ અન્ય સ્થળે ટ્રાન્સફર માગી હોવાના કિસ્સા પણ સામે આવ્યા છે.

ગિફ્ટ સિટી સત્તાવાળાઓ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઓના રજિસ્ટ્રાર સમક્ષ રજૂઆત કરવા અંગે પણ વિચારણા કરી રહ્યા છે, જેથી ગિફ્ટ સિટીની અંદરની કોઈ હાઉસિંગ સોસાયટી પોતાના બાયલોઝમાં બેચલર્સ અથવા સિંગલ ઓક્યુપન્ટને રહેઠાણ આપવાની મનાઈ ન કરી શકે.

આ પગલું એવા કિસ્સાઓને ધ્યાનમાં રાખીને વિચારાઈ રહ્યું છે, જેમાં ગિફ્ટ સિટીની બહાર આવેલી રહેણાક સોસાયટીએ પોતાના નિયમોમાં ફેરફાર કરીને પીજી અથવા સિંગલ પ્રોફેશનલ્સ માટેની રહેવાની વ્યવસ્થા બંધ કરી હતી, જેના કારણે કેટલાક કર્મચારીને ફ્લેટ ખાલી કરવાની ફરજ પડી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે ગિફ્ટ સિટીમાં અન્ય રાજ્ય અને દેશોમાંથી લોકો નોકરી માટે આવે છે અને ઘણી વખત તેમના પરિવારજનો પાછળ રહે છે.

# અમદાવાદ શહેરમાં છેલ્લા ૫ વર્ષમાં અકસ્માતની ૬૦૦૦ થી વધુ ઘટનામાં ૧૬૩૪ લોકોના મોત

## ૩૧૦૦ થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈને દિવ્યાંગતા કે લાંબી શારીરિક પીડાનો ભોગ બન્યા

અમદાવાદ,

અમદાવાદ ટ્રાફિક પોલીસના વર્ષ ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૬ સુધીના સત્તાવાર રેકોર્ડ અનુસાર, ગુજરાતના વાણિજ્યિક પાટનગર ગણાતા અમદાવાદ શહેરમાં માર્ગ અકસ્માતોની સ્થિતિ અત્યંત વિસ્ફોટક અને ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે. આ સાડા પાંચ વર્ષના સમયગાળામાં શહેરમાં ૬,૦૦૦ થી વધુ ગંભીર માર્ગ અકસ્માતો સર્જાયા છે, જેમાં કુલ ૧,૬૩૪ નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. જ્યારે ૩,૧૦૦ થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈને દિવ્યાંગતા કે લાંબી શારીરિક પીડાનો ભોગ બન્યા છે. પબ્લિક ટ્રાન્સપોર્ટ, કોમર્શિયલ હેવી વાહનો અને ખાનગી





વાહનોના ડેટા દર્શાવે છે કે એસ.જી. હાઈવે, સિંધુભવન રોડ અને એસ.પી. રિંગ રોડ જેવા હાઈ-સ્પીડ કોરિડોર શહેરના સૌથી ખતરનાક અને જોખમી કોલિઝન ઝોન તરીકે ઉભરી આવ્યા છે, જ્યાં બેફામ વાહન ચલાવવાના કારણે સતત જીવલેણ અકસ્માતો થઈ રહ્યા છે.પ્રવાસ ગાઈડ વાંચો. શહેરમાં દોડતી સરકારી અને મ્યુનિસિપલ બસો પણ અકસ્માતોના કાળા આંકડામાં મોટો ભાગ ભજવી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ,બસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ અને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવહાર નિગમની બસો આ સમયગાળા દરમિયાન કુલ ૩૬૨ અકસ્માતોમાં સંડોવાયેલી હતી, જેમાં ૧૩૮ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જેમાં એકલા છ્સ્જી બસો દ્વારા ૧૮૫ અકસ્માતો સર્જાયા હતા જેમાં ૬૨ લોકોના મોત થયા હતા, અને વર્ષ ૨૦૨૩ માં એક જ વર્ષમાં ૧૭ મોત સાથે આ આંકડો ટોચ પર પહોંચ્યો હતો. બીજી તરફ, અલગથી સુરક્ષિત માનવામાં આવતા બીઆરટીએસ કોરિડોરમાં પણ ૮૪ અકસ્માતોમાં ૩૭ લોકોનાં મોત થયાં છે. જ્યારે મ્યુનિસિપલ મર્યાદામાંથી પસાર થતી ય્જીઇ્ઝ ની બસોથી ૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. મોટાભાગની મ્યુનિસિપલ બસો ખાનગી કોન્ટ્રાક્ટરો દ્વારા સંચાલિત થાય છે, જ્યાં ડ્રાઈવરો પર ફિક્સ્ડ ટ્રિપ અને કડક સમયપત્રક પૂરું કરવાનું માનસિક દબાણ રહેતું હોવાના કારણે સ્પીડ વાયલેશન અને સિગ્નલ કૂદવાના બનાવો બને છે અને ઓપરેટરો સામે લઘુત્તમ દાવાઓ સિવાય કોઈ કડક જવાબદારી નક્કી થતી નથી. શહેરમાં ઝડપી રિયલ એસ્ટેટ વિસ્તરણ અને માલસામાનની હેરફેરને કારણે ભારે વાહનોનો ત્રાસ પણ ચિંતાજનક રીતે વધ્યો છે. ડમ્પર, ફ્રેટ ટ્રક અને રેડી-મિક્સ કોંક્રીટ મિક્સર જેવા ભારે વાહનો દ્વારા ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૬ વચ્ચે ૫૨૧ અકસ્માતો સર્જાયા હતા.

# પવનચક્કીથી લાલપુર બાયપાસ સુધીના દબાણ દુર કરાતા વેપારીમાં આક્રોશ





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરને સ્વચ્છતા તરફ લઈ જવા અને ટ્રાફિક વ્યવસ્થા સુઘડ બનાવવા મહાનગરપાલિકા કમિશનરે કમ્મર કસી છે. તેવામાં શહેરના અનેક વિસ્તારમાં ગેરકાયદેસર દબાણ દુર કરવાની કામગીરી ચાલી રહી છે ગઈકાલે એસ્ટેટ વિભાગ દ્વારા પવનચક્કીથી લાલપુર બાયપાસ સુધી દબાણ હટાવવાની મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જે અંતર્ગત એસ્ટેટ વિભાગની અધિકારી સહિતની ટુકડીએ કામગીરી હાથ ધરી પથારા અને રેંકડી ધારકો કે જેઓ આડેધડ અડિંગો જમાવી ધંધો કરતા હોય તેને હટાવી દબાણો દુર કરવામાં આવ્યા હતા શહેરમાં દરેક જગ્યાએ ટ્રાફિકની સમસ્યા જટીલ બની છે જેથી વારંવાર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતા વાહનચાલકોને મુશ્કેલી પડે છે. બીજીતરફ આ દબાણ હટાવવાની કામગીરીથી વેપારીઓમાં નારાજગી જોવા મળી હતી અને દુકાનોના શટર પાડી એકસાથે વિરોધ નોંધાવ્યો હતો જેમાં ધંધા - રોજગારને માઠી અસર થતી હોવાનું બહાનું આગળ કર્યું હતું પરંતુ તંત્રએ કામગીરી ચાલુ રાખતા વેપારીઓ અને તંત્ર આમને-સામને થઈ ગયેલ હતાં.

## જામનગરના ઉદ્યોગકારો જીએસટીના પ્રશ્ને ઉદ્યોગ બંધ રાખી બાઈક રેલી દ્વારા પાઠવશે આવેદન

જામનગર : જામનગરના બ્રાસ ઉદ્યોગકારોને જીએસટી વિભાગ દ્વારા આપવામાં આવેલી નોટિસો તેમજ જીએસટી કાયદાની જટિલતાઓના કારણે પડી રહેલી મુશ્કેલીઓના કાયમી અને વ્યવહારુ ઉકેલની માંગ સાથે જામનગરના ઉદ્યોગ સંગઠનો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૮ ના રોજ એક દિવસ માટે ઉદ્યોગો બંધ રાખી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવશે.

જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસિએશન, જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ તથા જીઆઈડીસી પ્લોટ/શેડ હોલ્ડર્સ એસોસિએશન ફેઝ-૨ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮ના સવારે ૧૦ વાગ્યે જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસિએશન ખાતેથી શાંતિપૂર્ણ અને લોકશાહી ઢબે મૌન સ્કૂટર-બાઈક રેલી યોજાશે.

રેલીમાં જોડાયેલા ઉદ્યોગકારો જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચીને જીએસટી સંબંધિત પ્રશ્નોના ઉકેલ માટે આવેદનપત્ર પાઠવશે. ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ, જીએસટી કાયદાની જટિલતાઓ તથા વિવિધ નોટિસોના કારણે પ્રામાણિક કરદાતાઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ પ્રશ્નોના નિવારણ માટે જીએસટી કાયદામાં જરૂરી ફેરફારો કરી સ્પષ્ટ નીતિ અને માર્ગદર્શિકા બનાવવામાં આવે તેવી રજૂઆત સરકાર સમક્ષ કરવામાં આવશે.

જામનગરના વેપાર-ઉદ્યોગ જગત સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓને તેમના સભ્યોને તા. ૨૮મીએ ફરજિયાત ઉદ્યોગ બંધ રાખવા તેમજ મૌન સ્કૂટર-બાઈક રેલીમાં મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરવામાં આવી છે. આ આયોજનને સફળ બનાવવા માટે સંસ્થાઓ પાસેથી લેખિત સમર્થન આપવા પણ વિનંતી કરવામાં આવી છે.

## દ્વારકાધીશજી જગત મંદિરમાં ઠાકોરજીને સુકા મેવા મનોરથ



દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલે ઠાકોરજીના ભાવિક ભક્ત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે સુકા મેવા મનોરથ યોજવામાં આવ્યો હતો. શુક્રવારના શ્વેત વાઘા સાથેના દૈદિપ્યમાન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભક્તોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.

## સોયલ નજીકથી ગાંજા સાથે બે શખ્સોને દબોચી લીધા બાદ સપ્લાયર સસરાની ધરપકડ

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ નજીકના સોયલ ટોલનાકા પાસેથી પોલીસે ગાંજાના જથ્થા સાથે બંધ કારમાથી પોરબંદર પંથકના બે શખ્સોને ૨ કિલો ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડયા હતા. અને પોલીસે કુલ રૂ.૪.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવમાં સપ્લાયર તરીકે આરોપીના સસરાની સંડોવણી સામે આવતા તેને ગણતરીની કલાકમાં દબોચી લીધો હતો.

નશીલા પદાર્થોના વેપલા મામલે બાતમી બાદ ધ્રોલ પોલીસે જામનગર હાઈવે પર આવેલા સોયલ ટોલનાકા નજીક ચંદ્રોદય હોટલ નજીક રેડ પાડી હતી. જ્યાં વરના કારમાં સવાર જયેશ રામાભાઈ કારાવદરા તથા જયદિપગર દયાગર અપારનાથી, બંને (રહે. રાણા રોઝીવાડા, તા.જી. પોરબંદર)ની તલાસી લેતા કારમાંથી રૂ.૧ લાખની કિંમતનો ૨ કિલો માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો. એસ.ઓ.જી. પોલીસે બંને શખ્સો પાસે ગાંજો તથા રૂ.૫૫ હજારની કિંમતના બે મોબાઈલ ફોન તથા રૂ.૩ લાખની કિંમતની કાર સહિત કુલ રૂ.૪.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કરી બંને શખ્સોની વધૂ પૂછપરછ હાથ ધરી હતી.

આ પ્રકરણમાં સપ્લાયર તરીકે આરોપી જયદિપગરના સસરા એવા આરોપી બકુલપરી ભગવાનપરી ગોસાઈ (રહે. જનતા સોસાયટી, મફતીયાપરા, છાયા, પોરબંદર) ની સંડોવણી બહાર આવતા પોલીસે ગણતરીની કલાકમાં જ આરોપીને ફલ્લા ગામથી આગળ રોડ પર કેનાલ પાસેથી ઝડપી લીધો હતો.

પોલીસ પૂછપરછ વધુમાં જાણવા મળ્યા મુજબ સસરા બકુલપરી બાવાજીએ પોતાના જમાઈ જયદિપગરને કહ્યું કે હું બહારના રાજયમાંથી ટ્રકમાં ગાંજો લઈ જામનગર આવું છું. જેથી ગાડી ખાલી કરતા વાર લાગશે એટલે તું સોયલ ટોલ નાકા પાસે આવ અને ગાંજો મારા ઘરે આપી દેજે. આથી જયદિપગરએ પોતાના મિત્ર જયેશને ફોન કરી ગાડીમાં ડિઝલ નખાવી દેવાની શરતે લઈ આવ્યો હતો. સસરા પાસેથી ગાંજો લઈ જતા હતા ત્યાં ગાડી બંધ પડી અને પોલીસે ખેલ બગાડી નાખ્યો હતો.

## મેઘપર પોલીસમાં વાહન ચોરીમાં ફરાર આરોપી જોગવડમાંથી ઝડપાયો



જામનગર : મેઘપર પોલીસ સ્ટેશનમાં બે મહિના પહેલાં વાહનચોરીનો એક ગુન્હો નોંધાયો હતો. આ ગુન્હામાં મૂળ મીઠાપુરના અને હાલમાં સોમનાથ વેરાવળમાં રહેતા શખ્સનું નામ ખૂલ્યું હતું. આ શખ્સને ગઈકાલે જોગવડમાંથી મેઘપર પોલીસે પકડી પાડ્યો છે.

લાલપુર તાલુકાના મેઘપર-પડાણા પોલીસ મથકમાં ચાલુ વર્ષે નોંધાયેલા વાહનચોરીના ગુન્હાની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી. આ ચોરીમાં મૂળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના મીઠાપુરના વતની અને હાલમાં સોમનાથ વેરાવળમાં વસવાટ કરતા ગોદરભાઈ ચનાભાઈ લધા ઉર્ફે ગોદરીયાનું નામ ખૂલ્યું હતું. તેના સગડ દબાવાઈ રહ્યા હતા. આ શખ્સ જોગવડ ગામમાં આવ્યો હોવાની બાતમી પરથી ત્યાં ધસી ગયેલી પોલીસ ટીમે આરોપીને પકડી પાડ્યો છે. પીઆઈ એ.એલ. બારસીયા તથા ટીમે તેની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે.

## ભીમરાણા ગામે છોટાહાથી સાથે મોટરકાર ટકરાતા ત્રણ વ્યક્તિ ઘાયલ

દ્વારકા : દ્વારકા તાલુકાના ભીમરાણા ગામના પુલ પાસે પૂરઝડપે પસાર થતી મોટરકારના ચાલકે છોટા હાથી વાહન સાથે અકસ્માત સર્જી તેના ચાલક સહિત ત્રણ વ્યક્તિને ઈજા પહોંચાડી હતી. આ બનાવ અંગે જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટાફે ઘટનાસ્થળે દોડી જઈ છોટા હાથી વાહનના ચાલકની ફરિયાદ પરથી મોટરકાર ચાલક સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દ્વારકા તાબેના સૂરજકરાડી ગામે ઉદ્યોગનગર વિસ્તારમાં રહેતો રોહિત રમેશભાઈ બારાચ નામનો યુવાન જી. જે. ૩૭. ટી. ૬૬૪૦ નંબરનું છોટા હાથી વાહન ચલાવી તેમાં શ્યામભા અને આરીફભાઈ નામના વ્યક્તિઓને બેસાડી મીઠાપુર ટાટા કંપનીના મુખ્ય દરવાજાથી ભીમરાણા હાઈવે પર જતો હોય દરમિયાન જી. જે. ૧૪. એ. પી. ૪૩૦૦ નંબરના એક કાર ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી છોટા હાથીના ડ્રાઈવરના ભાગે ઠોકર મારી અકસ્માત સર્જતા ચાલક રોહિતને પગના સાથળ, ગોઠણના ભાગમાં ફેક્ચરની તથા શ્યામભાને ડાબા પગના સાથળના ભાગે અને અંગૂઠાના ભાગે ફેક્ચરની તથા આરીફભાઈને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે રોહિત બારાચ દ્વારા કાર ચાલક સામે મીઠાપુર પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવતા હે. કો. કે. બી. વારોતરીયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

## જામનગર જિલ્લામાં દારૂના ચાર દરોડામાં ૧૩૮ બોટલ સાથે ૪ શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર જિલ્લામાં દારૂની હેરાફેરી અને વેચાણ સામે પોલીસે ચાર અલગ-અલગ દરોડા પાડી ચાર શખ્સોને ઝડપી લઈ કુલ ૧૩૮ બોટલ ઈંગ્લીશ દારૂની કબ્જે કરી છે. જ્યારે ત્રણ શખ્સોને ઝડપી લેવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

જામનગર સિટી 'એ' ડિવિઝન પોલીસે કિશન ચોક સ્થિત માલદે ભવન, દ્વારકાપુરી રોડ પર દરોડો પાડી ૧૩૮ બોટલ વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. રૂ.૨૨,૮૦૦ની કિંમતના દારૂ સાથે કિશનભાઈ મયૂરભાઈ મનસુખભાઈ કણખરા ભાનુશાળીને ઝડપી લેવામાં આવ્યો હતો. જ્યારે ધામિર્કભાઈ નંદા અને ભાવેશ પ્રકાશભાઈ દામા ફરાર હોવાનું પોલીસ ફરિયાદમાં દર્શાવાયું છે. પોલીસે રૂ.૫,૦૦૦નો મોબાઈલ ફોન પણ કબજે કર્યો હતો.

પંચ 'બી' ડિવિઝન પોલીસે દારેડ જીઆઈડીસીમાં શિવ હોટલ પાછળના ખુલ્લા પ્લોટમાંથી ૪.૫ લિટર, રૂ.૭,૨૦૦ની કિંમતની 'ગ્રીન લેબલ' દારૂની છ બોટલ સાથે મુકેશભાઈ હરિરામભાઈ દામાને ઝડપી લીધો હતો. દારૂનો જથ્થો પૂરો પાડનાર પિન્ટુ ઉર્ફે બાઠીયો પરમાર ફરાર હોવાનું પોલીસે જણાવ્યું છે.

કાલાવડ ટાઉન પોલીસે કાલાવડ બસ સ્ટેન્ડ સામેના રોડ પરથી ધર્મેશભાઈ વિરાજીભાઈ તિંબડીયાને ઝડપી લઇ તેની પાસેથી રૂ.૧,૦૫૦ની કિંમતની 'રિટ્ઝ રિઝર્વ સુપિરિયર ગ્રેન વ્હિસ્કી'ની ૧૮૦ મિલીની સાત બોટલ કબજે કરી હતી.

મેઘપર (પડાણા) પોલીસે મોટી ખાવડી ગામે પાયલ ધાર નજીક જાહેર સ્થળેથી દિવ્યરાજસિંહ રતુભા જાડેજાને ઝડપી લઇ તેની પાસેથી રૂ.૫૦૦ની કિંમતની વિદેશી દારૂની એક બોટલ કબજે કરી હતી.

## સચાણા અને જાંબુડા ગામે હુમલાની બે ઘટનામાં આઠ શખ્સો સામે ફરિયાદ

જામનગર : જામનગરના સચાણા ગામે અને જાંબુડા ગામના પાટીયા પાસે મારામારીની બે જુદી જુદી ઘટના સામે આવી છે. રૂપિયાની લેતીદેતી પ્રકરણમાં થયેલી માથાકૂટ પ્રકરણમાં પોલીસે બંને પક્ષે ૮ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સચાણા ગામે રહેતા કુલસુમબેન ઈકબાલ મકવાણાએ આરોપી આરોપી નવાજ અનવર કકલ, હલીમાં અનવર કકલ અને બે પુત્રી સહિતના સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર તા.૨૩ના રાત્રે તેઓ પતિ અને પુત્ર સાથે એક્ટિવા પર ધ્રોલથી સચાણા પરત આવી રહ્યા હતા. જાંબુડા ગામના પાટીયા પાસે પહોચતા આરોપી નવાજ અનવર કકલ સહિતનાઓએ એક્ટિવા અટકાવી પતિ સાથે બોલાચાલી કરી ગાળો આપી થપ્પડ મારતાં મહિલાએ વચ્ચે પડતાં ચારેયએ તેની સાથે ઝપાઝપી કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. મહિલાના પતિએ માછીમારીની બોટમાં આરોપી નવાજના ભાઈ એજાજ અનવર કકલને ખલાસી તરીકે રાખી રૂ.૫૦ હજાર ઉપાડ આપ્યો હતો. એજાજ કામે નહી આવતાં તેની પાસેથી રકમ પરત માંગવામાં આવતી હતી. આ મુદ્દે જાંબુડા પાટીયા પાસે હુમલો કરી ચારેયે પરિવારને ગામ છોડી દેવા અને નહી તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ ઉપરાંત સચાણા ગામે દુકાનદાર નુરમામદ ઈકબાલ સંઘારએ તોડફોડ મામલે એજાજ અનવર કકલ, નવાજ અનવર કકલ, અફસાર અનવર કકલ અને સહેનાજ અનવર કકલ સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપીઓ દુકાનમાં પથ્થરમારો કરી બહાર લગાવેલા બે સીસીટીવી કેમેરા તોડી નાખ્યા હતા. ઉધારમાં લીધેલા કરીયાણા અંગેના નાણાંની ઉઘરાણી બાબતે આરોપીઓએ દુકાનદાર સાથે ગાળાગાળી કરી ઢીકાપાટુનો માર માર્યો હોવાનું નોંધાયું છે.

## બાવાગોર પીરના ઉર્ષની અનોખી પરંપરા, પાણીની હેલ લઈ મહિલાઓની પદયાત્રા



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં બાવાગોર પીરના ઉર્ષ નિમિત્તે વર્ષોથી ચાલી આવતી ધાર્મિક પરંપરા અકબંધ રહી હતી. કળશ-કંડો પાણી ઠારવાની વિધિ અંતર્ગત યોજાયેલી પગપાળા યાત્રામા મહિલાઓએ માથે પાણીની હેલ લઈ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે યાત્રા સંપન્ન કરી હતી.

ગોવાળ મસ્જિદ ખાતેથી મહિલાઓએ માથે પાણીની હેલ ધારણ કરી વાજતે-ગાજતે પગપાળા યાત્રાનો પ્રારંભ કર્યો હતો. ધાર્મિક માહોલ વચ્ચે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ યાત્રામાં જોડાયા હતા. મહિલાઓ ભક્તિભાવપૂર્વક માથે પાણીની હેલ ધારણ કરીને લંઘાવાડના ઢાળિયા પાસે આવેલી બાવાગોર પીરની દરગાહ તરફ પ્રસ્થાન કર્યું હતું. ગોવાળ મસ્જિદથી શરૂ થયેલી આ યાત્રા બાવાગોર પીરની દરગાહ ખાતે પહોંચ્યા બાદ પૂર્ણ થઈ હતી. દરગાહ ખાતે ધાર્મિક વિધિ અને પરંપરાગત કાર્યક્રમો યોજાયા હતા, વર્ષોથી ચાલી આવતી આ પરંપરામાં મહિલાઓની વિશેષ ઉપસ્થિતિ જોવા મળી હતી. ઉર્સ નિમિત્તે યોજાયેલી આ પરંપરાગત યાત્રા શ્રદ્ધા, આસ્થા અને સામાજિક એકતાનો સંદેશ આપ્યો હતો.

પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ

**પાર્સલ સ્કેનરની સપ્લાય અને સ્થાપન**

**ઈ-ટેન્ડર નોટિસ નં.: 02 of 2026-27; તારીખ: 24/09/2026; ઈ-ટેન્ડર નં.: 87265877; કામનું નામ:** પાર્સલ સ્કેનરની સપ્લાય અને સ્થાપન; **માત્રા:** 03 સેટ; **ટેન્ડર બંધ થવાની તારીખ:** 26/10/2026; **કચેરીનું સરનામું:** મંડળ રેલવે મેનેજર (સ્ટોર્સ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત – 360001; **વેબસાઈટ:** www.ireps.gov.in

RJT – 152

અમને લાઇક કરો: facebook.com/WesternRly

### આણંદાબાવા ચોક મિત્ર મંડળ દ્વારા ગણેશ મહોત્સવની ઉજવણી

# અન્નકોટ, મટકીફોડ તેમજ રાસ-ગરબા રમી વિઘ્નહર્તાને આપી વિદાય



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરઃ શ્રી આણંદાબાવા ચોક મિત્ર મંડળ દ્વારા છેલ્લા ૧૯ વર્ષથી પરંપરાગત રીતે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તાલુકા શાળા ગ્રાઉન્ડ, આણંદાબાવા ચકલો, પંચેશ્વર ટાવર રોડ, જામનગર ખાતે ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પર્યાવરણ અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને મિત્ર મંડળ દ્વારા કુત્રિમ ગણેશ વિસર્જન કુંડનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. મહોત્સવ અંતર્ગત સાંજે ૮:૦૦ કલાકે મહાઆરતી, રાત્રે ૯:૦૦ કલાકે મટકી ફોડ કાર્યક્રમ તથા રાત્રે ૧૦:૦૦ કલાકે ગણેશ વિસર્જનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભક્તો માટે અન્નકૂટ દર્શન પણ યોજાયા હતા. જેમાં મેયર મોનિકાબેન વ્યાસ ઉપસ્થિત રહી ગરબે ઘૂમ્યા હતા અને ભક્તો સાથે ઉત્સાહપૂર્વક ગણેશ મહોત્સવની ઉજવણીમાં જોડાયા હતા. તેમજ ધારાસભ્ય દિવ્યેશ અકબરી પરિવાર સાથે, ડેપ્યુટી મેયર રાકેશ ડેર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેન મોનાણી, પૂર્વ કોર્પોરેટર આકાશ બારડ સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ

**CCTV સિસ્ટમનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ**

**ટેન્ડર નોટિસ નં.: M-2026-16-CCTV-HAPA તારીખ: 23/09/2026; કામનું નામ:** હાપા વેગન ડેપો ખાતે C C T V સિસ્ટમનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. **અંદાજિત કિંમત:** ₹ 3902563.11; **અર્નેસ્ટ મની (EMD):** ₹ 78,100/-; **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય:** 15.10.2026 ના રોજ 15:00 વાગ્યા સુધી; **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 15.10.2026 ના રોજ 15:30 વાગ્યે; **ટેન્ડર ફોર્મ ખરીદવા તથા નોટિસ બોર્ડનું સ્થળ:** મંડળ રેલવે મેનેજર (મિકેનિકલ), પશ્ચિમ રેલવે, રાજકોટ મંડળ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ – 360001. **વેબસાઈટ:** www.ireps.gov.in

RJT – 151


અમને લાઇક કરો: facebook.com/WesternRly

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# સૌરાષ્ટ્ર આસપાસ

## આકાશમાં ભારતની વધતી તાકાત

ભારતની અવકાશયાત્રા હવે માત્ર વૈજ્ઞાનિક સિદ્ધિઓની વાત રહી નથી. તે દેશના આત્મવિશ્વાસ, સ્વાવલંબન અને ભવિષ્યની દિશાનું પ્રતીક બની ગઈ છે. થોડા દાયકાઓ પહેલાં જે દેશ અવકાશ વિજ્ઞાનમાં શરૂઆતના પગથિયાં ચઢી રહ્યો હતો તે આજે પોતાની જરૂરિયાત મુજબ ઉપગ્રહો બનાવીને તેમને અવકાશમાં પહોંચાડવાની ક્ષમતા ધરાવે છે. તાજેતરમાં જી.એસ.એલ.વી.-એફ૧૭ દ્વારા પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહને સફળતાપૂર્વક તેની કક્ષામાં પહોંચાડવામાં આવ્યો તે આ લાંબી યાત્રાની વધુ એક મહત્વપૂર્ણ કડી છે.. આકાશ તરફ આગળ વધતું ભારત હવે કલ્પનાની વાત નથી. ભારતની વૈજ્ઞાનિક શક્તિ દરરોજ નવી ઊંચાઈ સર કરી રહી છે. અવકાશમાં પહોંચતી દરેક સફળતા દેશને માત્ર ગૌરવ નથી આપતી, પરંતુ ભારતની ક્ષમતાને વિશ્વ સમક્ષ વધુ મજબૂત બનાવે છે.અવકાશમાં ઉપગ્રહ મોકલવો પોતે એક સિદ્ધિ છે, પરંતુ તેની સાચી કિંમત ત્યારે સમજાય છે જ્યારે તેના પરિણામો ધરતી પરના જીવનને સ્પર્શે. પૃથ્વીનું નિરીક્ષણ કરતા ઉપગ્રહો પાસેથી મળતી માહિતી ખેતી, હવામાન, કુદરતી આફતો, જળસંપત્તિ, જમીન અને પર્યાવરણ જેવા અનેક ક્ષેત્રોમાં ઉપયોગી બની શકે છે. એટલે આકાશમાં મોકલાયેલો ઉપગ્રહ અંતે ધરતી પરના માણસની સેવા માટે જ કામ કરે છે.ભારત જેવા વિશાળ અને વિવિધતાથી ભરેલા દેશમાં આવી માહિતીનું મહત્વ ઘણું વધારે છે. દેશના એક ભાગમાં વરસાદનું પ્રમાણ વધારે હોય અને બીજા ભાગમાં દુષ્કાળની સ્થિતિ હોય ત્યારે જમીન અને હવામાન અંગેની ચોક્કસ માહિતી આયોજનમાં મદદરૂપ બની શકે છે. વાવાઝોડું કે પૂર જેવી આફત આવે ત્યારે સમયસર મળતી માહિતી જાનમાલનું નુકસાન ઘટાડવામાં મદદ કરી શકે છે. ખેડૂતો માટે પણ જમીન, પાણી અને પાક અંગેની માહિતી ભવિષ્યના આયોજનમાં ઉપયોગી બની શકે છે. આ રીતે અવકાશ વિજ્ઞાનનો સંબંધ અંતે સામાન્ય માણસના જીવન સાથે જોડાય છે.ભારતની સૌથી મોટી શક્તિ તેના વૈજ્ઞાનિકો છે. તેમની મહેનત ઘણી વખત દેશના સામાન્ય લોકોની નજરથી દૂર રહે છે. પ્રક્ષેપણના દિવસે થોડા મિનિટોની સફળતા આખા દેશને દેખાય છે, પરંતુ તેની પાછળ વર્ષોની મહેનત છુપાયેલી હોય છે. અનેક પરીક્ષણો, ગણતરીઓ, સુધારા અને ક્યારેક નિષ્ફળતાઓમાંથી પસાર થયા પછી સફળતા મળે છે. તેથી અવકાશમાં ઊડતા પ્રક્ષેપણને જોતી વખતે માત્ર તેના અંતિમ પરિણામને નહીં, પરંતુ તેની પાછળની લાંબી સાધનાને પણ સલામ કરવી જોઈએ.



# ૨૨-હરભાઈ : જીવનસંધ્યા અને મૃત્યુનો મહાઉત્સવ

- ખીલવું અને ખરી પડવું એ જ તો જીવનનું પરમ સત્ય છે.
- હું ધર્મની સનાતન વિભાવના અને ઈશ્વરના અસ્તિત્વમાં દ્રઢ શ્રદ્ધા રાખું છું."
- શબવાહિનીના ચાર ખૂણે શ્રીફળ ના બદલે ચાર મહાન વૈશ્વિક ગ્રંથો ફ્રોઈડ, નીત્શે, ભગવદ્ ગીતા અને પ્લેટો લટકાવવા.

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

"જેટલી પ્રીતિ આપણને જીવન કે ધર્મ પ્રત્યે હોય, તેટલો જ સ્નેહ મૃત્યુ સાથે પણ હોવો જોઈએ. મૃત્યુ પણ જન્મ જેટલું જ મંગલકારી, આનંદદાયક અને પ્રશાંતિ રેલાવનારું ઉત્સવ પર્વ છે." હરભાઈ

સને ૧૯૭૮-૭૯ના વર્ષોમાં, પોતાના જીવનના આખરી ચાર-પાંચ મહિના દરમિયાન હરભાઈના સદા ઉત્સાહી, પ્રફુલ્લિત મુખારવિંદ પર ક્ષણિક નિરુત્સાહ અને ગૂઢ નિરાશાની રેખાઓ અવારનવાર ઉપસી આવતી હતી. તેમની સદાયની પ્રખર અને ઝડપી ચાલમાં હવે એક અણધારી ઓટ વર્તાતી હતી. જે હંમેશાં મુક્તકંઠે ખડખડાટ હસવા માટે ટેવાયેલા હતા, તેઓ હવે અલ્પ હાસ્ય રેલાવીને માત્ર સ્મિતથી જ સંતોષ માની લેતા હતા.

એક સવારે તેઓ 'ઘરશાળા' સંસ્થામાં પોતાના નિયત સ્થાનેથી ઊભા થઈને વર્ગખંડોની મુલાકાતે નીકળ્યા. ભીંતો પર લટકાવેલા નકશાઓ અને ચિત્રોને તેઓ અત્યંત ઝીણવટપૂર્વક જોઈ રહ્યા હતા. એક વર્ગખંડમાં અસ્તાચળ તરફ જઈ રહેલા સૂર્ય, ઘેરા વાદળોથી આચ્છાદિત આકાશ અને માળા તરફ ઉતાવળે પાંખો ફફડાવતા પક્ષીઓનું એક સામાન્ય પ્રાકૃતિક દ્રશ્યે તેમનું ધ્યાન ખેંચી ગયું. આથમતા સૂરજનાં તામ્રવર્ણી કિરણો પૃથ્વી પર ઝાંખો પ્રકાશ રેડીને જાણે વસુધાને 'આવજો' કહીને વિદાય લઈ રહ્યાં હતાં. હરભાઈ આ ચિત્રને જુદા જુદા કોણથી એકાગ્ર થઈને પુનઃ પુનઃ નીરખતા રહ્યા. પ્રકૃતિનું આ આથમતું દ્રશ્ય જાણે તેમની પોતાની જ જીવનસંધ્યાનો પૂર્વાભાસ કરાવી રહ્યું હતું.

એકવાર તેમણે સંસ્થાના માળી પાસે છોડ પરથી તોડેલા તાજા પુષ્પોને બદલે નીચે ખરી પડેલા અને કરમાયેલા ગુલાબના ફૂલોની માંગણી કરી. કરમાયેલાં ફૂલો સ્વીકારતાં તેમની આંખો ભીની થઈ ગઈ. તેવી જ રીતે, એક સાંજે આક્રોશ સાથે પોતાની વ્યાવસાયિક ફરિયાદો લઈને આવેલા શિક્ષકો સમક્ષ, વૃક્ષની ડાળી પરથી ધીમેથી ખરી પડતા એક સૂકા પાંદડાને હથેળીમાં લઈ તેમણે દાર્શનિક અદાથી કહ્યું: "બિચારું પાંદડું, સુકાઈને આખરે જમીનદોસ્ત થઈ ગયું! જેનો જન્મ છે, તેનું મૃત્યુ પણ અનિવાર્ય છે ને? જન્મ અને મૃત્યુ એ પ્રકૃતિનો શાશ્વત અને ન્યાયી નિયમ છે."

હરભાઈનો ધર્મ અને જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ પરંપરાગત વ્યાખ્યાઓ કરતાં તદ્દન ભિન્ન અને ઉદાર હતો. એક વૃદ્ધ મંડળી સમક્ષ સંવાદ દરમિયાન તેમણે નિખાલસતાથી સ્વીકાર્યું, "હું મંદિરમાં નિયમિત જતો નથી, પરંતુ મારા આ વ્યવહાર પરથી એવો નિષ્કર્ષ ન તારવતા કે હું નાસ્તિક કે અધર્મી છું. હું ધર્મની સનાતન વિભાવના અને ઈશ્વરના અસ્તિત્વમાં દ્રઢ શ્રદ્ધા રાખું છું." તેઓ મંદિરમાં જઈને ઘંટનાદ સાંભળવા કે પ્રસાદ મેળવવાને બદલે મંદિરના સ્થાપત્ય, ભવ્ય બાંધણી અને મૂર્તિકલા પાછળ અણમોલ પરિશ્રમ રેડનારા અજ્ઞાત કારીગરોમાં ઈશ્વરીય અંશના દર્શન કરતા હતા.

વયના કારણે જ્યારે તેમને શ્વાસ લેવામાં તીવ્ર તકલીફ થઈ, ત્યારે તેમણે વાસ્તવિકતાનો સ્વીકાર કરતાં જણાવ્યું કે, જિંદગીભર સતત દોડાદોડી અને કઠોર પરિશ્રમને કારણે તેમનું ભૌતિક શરીર હવે જર્જરિત થઈ ગયું છે. તેમનો આત્મા ઉત્સાહી હતો અને ઘણું શૈક્ષણિક કાર્ય અધૂરું હતું, પરંતુ દેહ હવે સાથ આપવા અસમર્થ હતો. આ શારીરિક વ્યાધિ વચ્ચે પણ તેમની જીવદયા અને માનવતા અકબંધ હતાં. જ્યારે એક ક્રોધિત પિતા પોતાના પાંચ વર્ષના માસૂમ બાળકને નિર્દયતાથી મારતો-મારતો શાળા તરફ ખેંચી જતો હતો, ત્યારે હરભાઈ પોતાના શરીરની પીડા ભૂલીને ત્વરિત ગતિએ દોડ્યા અને બાળકને પિતાની પકડમાંથી છોડાવી પોતાની ગોદમાં લીધું. હરભાઈના પ્રભાવશાળી વ્યક્તિત્વ સામે તે ગુસ્સે ભરાયેલો પિતા પણ નતમસ્તક થઈ ગયો હતો.

હરભાઈની પ્રત્યેક વાણીમાં ભાવી મહાપ્રયાણના સ્પષ્ટ સંકેતો મળતા હતા. તત્કાલીન ભાવનગર યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી આર.એસ. ત્રિવેદી (રમણભાઈ) સાથે રમાયેલી ક્રિકેટ મેચના સંદર્ભમાં તેમણે અદ્ભુત દાર્શનિક સંવાદ કર્યો. રમણભાઈએ જ્યારે સુનિલ ગવાસ્કરની સદી ચૂકવાનો ઉલ્લેખ કર્યો, ત્યારે હરભાઈએ ગંભીરતાપૂર્વક કહ્યું: "સદી પૂરી કરવાનું સદભાગ્ય બધાના નસીબમાં નથી હોતું. જીવનની સદી પૂરી કરવામાં મારે હજી અગિયાર-બાર વર્ષ ખૂટે છે, પરંતુ હવે એ ચોગ્ગા ફટકારવાની શારીરિક તાકાત આ દેહમાં રહી નથી. જ્યારે સ્વયં જગદીશ્વર કાતિલ બોલિંગ કરે અને સ્ટમ્પ ગબડાવી નાખે, ત્યારે આઉટ થયા વિના કોઈ વિકલ્પ રહેતો નથી."

મૃત્યુને પોતાનો 'પરમ સખા' ગણાવતા હરભાઈએ પોતાની આખરી ઈચ્છાઓ વ્યક્ત કરી, જે કોઈ અલૌકિક વસિયત જેવી હતીઃ તેમનું મહાપ્રયાણ રવિવારે જ થાય, જેથી રજાના કારણે કોઈના રોજિંદા કાર્યો અટકે નહીં અને સંસ્થાઓ બંધ રાખવી ન પડે. પાર્થિવ દેહને નનામીમાં બાંધવાને બદલે શ્વેત ખાદીના વસ્ત્રોથી સજ્જ કરી, ખુલ્લા મુખે શબવાહિનીમાં રાખવો. શબવાહિનીના ચાર ખૂણે શ્રીફળ બાંધવાને બદલે તેમના અત્યંત પ્રિય એવા ચાર મહાન વૈશ્વિક ગ્રંથો ફ્રોઈડ, નીત્શે, ભગવદ્ ગીતા અને પ્લેટો લટકાવવા. સ્મશાનભૂમિ તરફ જતાં પહેલાં તેમના દેહને પ્રાણપ્રિય 'ઘરશાળા'ની પાંચ વાર પ્રદક્ષિણા કરાવવી અને ત્યાં રોજ ગવાતી પવિત્ર પ્રાર્થનાઓનું ગાન કરવું.

શનિવાર, ૧૮મી ઓગસ્ટ ૧૯૭૯ની રાત્રે હરભાઈએ રમણભાઈને ટેલિફોન કરીને આગામી દિવસના રોટરી ક્લબના વ્યાખ્યાન વિશે ખૂબ જ ઉત્સાહથી વાત કરી હતી. પરંતુ બીજે જ દિવસે, રવિવાર ૧૯મી ઓગસ્ટના રોજ પ્રભાતે નિયતિએ પોતાનો ખેલ બદલ્યો. હરભાઈને છાતીમાં તીવ્ર દર્દ ઉપડ્યું અને શ્વાસ રૂંધાવા લાગ્યો. પરિવારના સભ્યોની હાજરીમાં તેમણે શાંત ચહેરે ઉચ્ચાર્યુંઃ "આજની આ વેદના અંતિમ છે. પરંતુ તમે ગભરાશો નહીં. મારી વિદાયની ઘડી આવી ગઈ છે."

તબીબી તપાસમાં જાણવા મળ્યું કે આ એક તીવ્ર હૃદયરોગનો હુમલો હતો. ડૉક્ટર જ્યારે ઈન્જેક્શન આપવાની તૈયારી કરવા લાગ્યા, ત્યારે હરભાઈએ મૃદુ સ્મિત આખરી શબ્દો કહ્યાઃ ''ડૉ.ઈન્જેક્શન આપવાનો કંઈ અર્થ નથી. હું જાઉં છું ''

''આ શબ્દો સાથે જ એ મહામાનવનો પ્રાણદીપ કાયમ માટે બુઝાઈ ગયો. હોઠ પર એ જ સનાતન સ્મિત અકબંધ રહ્યું. શિક્ષણ જગતનો એક ઝળહળતો સિતારો ૮૭ વર્ષ, ૯ મહિના અને ૫ દિવસ સુધી આ પૃથ્વીને પ્રકાશિત કરીને ખરી પડ્યો.

હરભાઈના અવસાન બાદ, શ્રી આર.એસ. ત્રિવેદીએ તેમની અંતિમ ઈચ્છાઓ સૌની સમક્ષ મૂકી. લોકોના આશ્ચર્ય વચ્ચે, હરભાઈના આદેશ મુજબ જ તમામ આયોજન થયું. શ્વેત ખાદીથી સજ્જ ખુલ્લો પાર્થિવ દેહ, શબવાહિનીના ચાર ખૂણે લટકતા ચાર મહાન વૈશ્વિક ગ્રંથો અને 'ઘરશાળા'ની પાંચ પ્રદક્ષિણા સાથે ગવાતી પવિત્ર પ્રાર્થનાઓ વચ્ચે ભાવનગરની સંસ્કારી જનમેદનીએ સજળ નેત્રે આ અનોખી સ્મશાનયાત્રામાં ભાગ લીધો. રવિવાર, ૧૯મી ઓગસ્ટ ૧૯૭૯નો એ દિવસ ગુજરાતના શૈક્ષણિક અને સાંસ્કૃતિક ઈતિહાસમાં સુવર્ણ પૃષ્ઠ તરીકે અંકિત થઈ ગયો.

મહાપ્રયાણ બાદ જ્યારે તેમના સુપુત્ર બકુલેશભાઈએ પિતાના ખંડની તપાસ કરી, ત્યારે ત્યાં કોઈ ભૌતિક વૈભવ, રોકડ રકમ કે સોના-ચાંદીના દાગીના ન મળ્યા. તે ઓરડામાંથી માત્ર નીચે મુજબની સીમિત વસ્તુઓ જ પ્રાપ્ત થઈઃ અસંખ્ય અમૂલ્ય પુસ્તકોનો સંગ્રહ., ત્રણ જોડી ચશ્મા અને હજામતનો સામાન., કૃત્રિમ દાંત (ડેન્ચર) અને દવાની કેટલીક બાટલીઓ તથા ચમચી., બે ટુવાલ, ચાર ધોતિયાં, ત્રણ સદરા અને ચાર પહેરણ., ચાલવાની ત્રણ લાકડીઓ.

હરભાઈએ તેમના મૃત્યુના પંદર વર્ષ પૂર્વે તૈયાર કરેલા વસિયતનામા પરથી સાબિત થાય છે કે, આ પુરુષની સાચી સંપત્તિ કોઈ ભૌતિક ધન કે વૈભવ નહોતો. તેમણે જીવનભર અવિરતપણે કમાયેલું જ્ઞાન, સમાજમાં વાવેલા ઉત્કૃષ્ટ સંસ્કારો અને માનવતાના ઉચ્ચ આદર્શો જ તેમની સાચી અને શાશ્વત મૂડી હતી.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે શનિ બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારા ભૂતકાળના ઘણા ખોટા નિર્ણયો તમારા માટે માનસિક અશાંતિ અને પારિવારિક ક્લેશનું કારણ બની શકે છે. આવી સ્થિતિમાં જેટલું શક્ય હોય એટલું ઘરના સભ્યો સાથે બેસીને દરેક સમસ્યાને શાંતિપૂર્વક ઉકેલવાનો પ્રયાસ કરો. અન્યથા સ્થિતિ વધુ બગડવા પર તમે તમારી જાતને એકલી અનુભવશો અને સાચું-ખોટું નક્કી કરવામાં અસમર્થતા અનુભવશો. ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે જો તમે ભાગીદારીમાં વેપાર કરો છો, તો તમારે આ અઠવાડિયે તમારા ભાગીદાર સાથે સંબંધો સુધારવાની જરૂર રહેશે. કારણ કે આવું કરીને જ તમે તેમની મદદથી સારો આર્થિક નફો કમાઈ શકશો. તેથી આ વાતને ધ્યાનમાં રાખીને તમારા પ્રયાસોને સાચી દિશામાં આગળ વધારતા રહો. આ અઠવાડિયે યોગ બની રહ્યા છે કે પરિવારના કોઈ સભ્યને નોકરી મળવાને કારણે ઘરની આવકમાં પણ વધારો થાય. જેનાથી ઘરના નવીનીકરણ અથવા તેના નિર્ણયનું જે કાર્ય લાંબા સમયથી અટકેલું હતું, તેને પૂરું કરવા વિશે વિચાર કરી શકાય છે. આ રાશિના વેપારીઓને આ અઠવાડિયે કાર્યક્ષેત્ર સંબંધિત કોઈ અનિચ્છનીય યાત્રા પર જવું પડી શકે છે. તેથી બહેતર એ જ રહેશે કે અત્યારે આ યાત્રાથી બચો, અન્યથા આનાથી તમને માનસિક તણાવની સાથે આર્થિક નુકસાન પણ ઉઠાવવું પડશે.

**વૃષભ - (બ, વ, ઉ)** ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારે વિશેષ રૂપે ઘર-પરિવારના વડીલોની તંદુરસ્તીનો ખ્યાલ રાખવાની જરૂર રહેશે. કારણ કે યોગ દર્શાવી રહ્યા છે કે તેમને તેમના કોઈ જૂના રોગને કારણે સમસ્યા થઈ શકે છે, જેની નકારાત્મક અસર જીવનના વિવિધ ક્ષેત્રો પર પણ પડશે. ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમને એ વાતનો અહેસાસ થશે કે મુશ્કેલ સમય માટે જ ધનનો સંચય કરવામાં આવે છે. કારણ કે આ અઠવાડિયે તમારી આર્થિક સ્થિતિ થોડી ઉપર-નીચે થઈ શકે છે, પરંતુ ભૂતકાળમાં તમારા દ્વારા સંચિત કરવામાં આવેલું ધન તમારા કામમાં આવશે અને તમે ખરાબ આર્થિક સ્થિતિઓમાંથી આ સમયે પણ છુટકારો મેળવવામાં સફળ રહેશો. આ અઠવાડિયે ઘરની ઘણી બાબતોને સંભાળવામાં તમને ખાસી મુશ્કેલી પડશે. આવી સ્થિતિમાં તમે અનુભવશો કે ઘણા લોકો તમને નીચે ખેંચવાનો પ્રયાસ પણ કરી રહ્યા છે, જેનાથી તમારું મન ઉદાસ થઈ શકે છે. ભાગીદારીમાં કોઈ નવી પરિયોજના શરૂ કરવા માટે આ અઠવાડિયું ઉત્તમ રહેવાનું છે. કારણ કે આનાથી તમને અને પાર્ટનરને પણ સારો નફો થશે. પરંતુ ભાગીદાર સાથે હાથ મિલાવતા પહેલા સારી રીતે વિચાર કરી લો, અન્યથા ઓછી વાતચીતને કારણે તમારા બંને વચ્ચે વિવાદ થઈ શકે છે. આ સમયે કોઈ નજીકની વ્યક્તિ લક્ષ્ય પ્રાપ્તિ માટે તમારી સહાયતા કરવા માટે આગળ આવી શકે છે. જો કે આશંકા એ પણ છે કે તમે તમારી જાતને સર્વોપરી સમજતા તેમની મદદ લેવાનો ઇનકાર કરી દો, જેનું નુકસાન તમારે અસફળતાના રૂપમાં ઉઠાવવું પડી શકે છે.

**મિથુન - (ક, છ, ઘ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ બીજા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારે બહેતર સ્વાસ્થ્ય પ્રાપ્તિ માટે તમારી સવારની શરૂઆત કસરતથી કરવી પડશે. કારણ કે આ વાતને તમારે પણ સમજવી પડશે કે આ જ સમય છે જ્યારે તમે તમારા વિશે સારું અનુભવવાની શરૂઆત કરી શકો છો. આવી સ્થિતિમાં આ ફેરફારને રોજબરોજની દિનચર્યામાં સામેલ કરો અને તેને નિયમિત રાખવાનો પ્રયાસ કરો. આ અઠવાડિયે જો તમે વિદેશ સાથે જોડાયેલો વેપાર કરો છો, તો તમને ઘણા નવા સ્ત્રોતો સાથે જોડાવા અને તેમનાથી આર્થિક લાભ મેળવવામાં અપાર સફળતા મળવાની સંભાવના છે. આ માટે તમારે શરૂઆતથી જ તૈયાર રહેતા સાચી રણનીતિ અપનાવવાની જરૂર રહેશે. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ આખું અઠવાડિયું ઘણી પારિવારિક બાબતો તમારા મગજ પર છવાયેલી રહેશે અને આ તમારી યોગ્ય રીતે કામ કરવાની ક્ષમતાને પણ બગાડી દેશે. જેની સીધી અસર તમારા પારિવારિક જીવન પર પડશે. આ અઠવાડિયે તમે કરિયરમાં વિકાસની પ્રાપ્તિ માટે કોઈ ખર્ચાળ કામ અથવા યોજનામાં હાથ નાખી શકો છો.

**કર્ક - (ડ, હ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે ઘર-પરિવાર અને અંગત જીવનમાં ચાલી રહેલી તણાવગ્રસ્ત પ્રવૃત્તિઓ તમને અંદરથી માયૂસ અને બેચેન કરી શકે છે. જો કે આ દરમિયાન તમે તમારી બેચેનીને બીજાથી છુપાવતા જોવા મળશો, જેનાથી તમારા સ્વભાવમાં થોડી આક્રમકતાનો વધારો પણ થઈ શકે છે. આ અઠવાડિયે યોગ બની રહ્યા છે કે તમારું કોઈ ઉપકરણ અથવા ઇલેક્ટ્રોનિક સામાન કે કોઈ પ્રકારનું ગેજેટ બગડી જાય, જેના પર તમારે આર્થિક યોજનાથી પરે જઈને તમારું વધારાનું ધન પણ ખર્ચ કરવું પડી શકે છે. આવી સ્થિતિમાં તમારા માટે બહેતર એ જ રહેશે કે શરૂઆતથી જ તમારા સામાનનું ધ્યાન રાખો. આ અઠવાડિયે તમે પોતે જ ઘરના કાર્યોમાં રસ લેતા ઘરની અન્ય મહિલાઓની મદદ કરી શકો છો. આનાથી પરિવારમાં માન-સન્માન વધવાની સાથે જ તમને બીજા સભ્યો સાથે પોતાના સંબંધને મજબૂત કરવામાં મદદ મળશે. જો કરિયરની વાત કરીએ તો સચોટતા સાથે આગળ વધવામાં આ અઠવાડિયે તમને પરેશાની થઈ શકે છે. પરંતુ તમે તમારી જાતને સર્વોપરી સમજતા આ સમયે બીજાની મદદ લેતા પોતાની જાતને રોકશો. આનાથી તમારે ભવિષ્યમાં અસફળતાનો સામનો પણ કરવો પડી શકે છે.

**સિંહ - (મ, ટ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે એ જાતકો જેમને આંખ સંબંધિત વિકાર હતો, તેમના જીવનમાં આ અઠવાડિયું વિશેષ શુભ પરિણામ લઈને આવી રહ્યું છે. કારણ કે આ દરમિયાન તમે તમારી આંખોની સાચી અને યોગ્ય દેખભાળ કરવામાં સફળ તો રહેશો જ, સાથે જ તેમાં સુધારો લાવવા માટે તમે કોઈ નિર્ણય પણ લઈ શકો છો. ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે આર્થિક સ્થિતિમાં સુધારાને લીધે તમારા માટે ઘરની જરૂરી વસ્તુઓની ખરીદી ઘણી હદ સુધી સરળ રહેશે. જેના કારણે તમારા ઘરના લોકો પણ તમારાથી ખુશ થશે, સાથે જ તમને પણ બહેતર કરવાનું પ્રોત્સાહન પ્રાપ્ત થઈ શકશે. જો આ અઠવાડિયે તમે પરિવારના લોકો પાસેથી પોતાના પ્રત્યે સારો વ્યવહાર ઈચ્છો છો, તો તમારે પણ તેમની સાથે એ જ રીતનો વ્યવહાર કરવો પડશે. કારણ કે આશંકા છે કે આ દરમિયાન તમારો વ્યવહાર પરિવારના સભ્યો સાથે ખરાબ હોય, પરંતુ તમે બદલામાં તેમની પાસે હંમેશા બહેતર વ્યવહારની અપેક્ષા રાખો.

**કન્યા - (પ, ઠ, ણ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે જો કે તમે આ અઠવાડિયે ખુશખુશાલ જિંદગી વિતાવવા ઈચ્છો છો તો તમારે આના માટે તમારું જિદ્દી અને અડિયલ વલણ બાજુ પર રાખવાની સૌથી વધુ જરૂરિયાત રહેવાની છે. કારણ કે આનાથી તમારા સમયની બરબાદી થવાની સાથે-સાથે બીજા સાથે તમારા સારા સંબંધો પણ બગડી શકે છે. એ જોવામાં આવ્યું છે કે તમે જીવનમાં પૈસાની અહેમિયત નથી સમજતા, પરંતુ આ અઠવાડિયે તમને પૈસાની અહેમિયત સારી રીતે સમજાઈ શકે છે. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ દરમિયાન તમને પૈસાની ખૂબ જરૂરિયાત હશે, પરંતુ તમારી પાસે પૂરતું ધન નહીં હોય. સાથે જ આ બાબતમાં તમે કોઈ નજીકની વ્યક્તિ પાસેથી પણ આર્થિક સહયોગની અપેક્ષા રાખી શકશો નહીં. આ અઠવાડિયે તમે તમારા કાર્યક્ષેત્રથી વહેલા ઘરે આવવાનો પ્રયાસ કરશો, જેમાં તમને સફળતા પણ મળશે. આ દરમિયાન પરિવારનું કોઈ જૂનું આલ્બમ અથવા કોઈ જૂની તસવીર તમારા અને પરિવારની જૂની યાદોને તાજી કરશે અને તમે તે સંદર્ભમાં જૂની સ્મૃતિઓને યાદ કરશો. આ અઠવાડિયે વેપારીઓએ પોતાના કારોબારથી જોડાયેલી કોઈ પણ વાત દરેક વ્યક્તિ સાથે શેર કરવાથી બચવું પડશે.

**તુલા - (ર, ત) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમને અનુભવ થશે કે આસપાસના લોકો તમારી પાસે વધુ માંગ અને અપેક્ષા રાખી રહ્યા છે. આવી સ્થિતિમાં તમે તેમની દરેક માંગને પૂરી કરવા માટે પોતાની જાત પર વધારાનું દબાણ અનુભવશો. પરંતુ તમારે એ સમજવું પડશે કે જેટલું તમે કરી શકો છો, તેનાથી વધારે કોઈને પણ વચન ન આપો અને માત્ર બીજાને ખુશ કરવા માટે પોતાની જાતને નકામા તણાવથી થકવી ન નાખો. ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે સૌથી વધુ તમારે તમારા ખર્ચાઓ પર કાબૂ રાખવાની જરૂર રહેશે. આ માટે ઘરની ખરીદી કરતી વખતે પોતાના હાથ ખોલીને પૈસા વ્યય કરવાથી બચો. અન્યથા ભવિષ્યમાં તમારે ભારે આર્થિક સંકટોને કારણે સમસ્યા થઈ શકે છે. પરિવારના નાના સભ્યો સાથે સમય વિતાવવો આ અઠવાડિયે તમારા માટે વિશેષ સારું રહેશે. કારણ કે તેમની સાથે સમય વિતાવીને તમે પોતાની જાતને કાફી તરોતાજા અનુભવશો અને સાથે જ આનાથી તમને તેમના જીવન સાથે જોડાયેલી ઘણી પરિસ્થિતિઓ વિશે જાણવાનો અવસર પણ મળશે. આ સમયે તમે તેમને કોઈ સમસ્યામાંથી બહાર કાઢવામાં પણ સફળ રહેશો, જેનાથી પરિવારમાં તમારું માન-સન્માન વધી શકશે.

**વૃશ્ચિક - (ન, ય) :-** ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ વર્ષે તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતા બહેતર રહેશે, જેના કારણે તમે તરોતાજા અનુભવશો. આ એ સમય હશે જ્યારે તમે તમારા ખુશમિજાજ વલણથી બીજા સાથે ખુલીને હસી-મજાક કરતા પણ જોવા મળશો. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારી બધી બિન-યથાર્થવાદી કે જોખમી યોજનાઓ તમારા ધનને ઓછું કરી શકે છે. તેથી એવું કંઈ પણ કરવાથી બચો જેનાથી તમારું ધન ફસાય. કારણ કે આનાથી તમે પોતાની જાતને પણ કોઈ મોટી મુશ્કેલીમાં ફસાવી શકો છો. પરિવારના સભ્યો સાથે તમે આ અઠવાડિયે થોડી આરામની ક્ષણો વિતાવી શકશો. આ દરમિયાન તમને તમારા માતા-પિતા પાસેથી કોઈ જૂના પરિચિતોને મળવા-જૂલવા અથવા તેમના વિશે કંઈક નવું અને મહત્વપૂર્ણ સાંભળવાનો અવસર મળશે. આ અઠવાડિયું કોઈ પણ નવા કામની શરૂઆત અથવા ક્યાંક રોકાણ કરવા માટે યોગ્ય અને બહેતર યોગ દર્શાવી રહ્યું છે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે શનિ ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયા દરમિયાન તમારું સ્વાસ્થ્ય ઠીક-ઠાક રહેશે, પરંતુ આ દરમિયાન કોઈ પણ પ્રકારની યાત્રા કરવાનું ટાળો. કારણ કે અત્યારે યાત્રા તમારા માટે થકવી નાખનારી અને તણાવપૂર્ણ સાબિત થઈ શકે છે. આવી સ્થિતિમાં જેટલું સંભવ હોય તેનાથી બચો. આ અઠવાડિયે આર્થિક સ્થિતિમાં સુધારાને લીધે તમારા માટે ઘરની જરૂરી વસ્તુઓની ખરીદી ઘણી હદ સુધી સરળ રહેશે. જેના કારણે તમારા ઘરના લોકો પણ તમારાથી ખુશ થશે, સાથે જ તમને પણ બહેતર કરવાનું પ્રોત્સાહન પ્રાપ્ત થઈ શકશે. આ અઠવાડિયે તમે કોઈ નવા વાહન કે ઘરની ખરીદી માટે ઘરના વડીલો સાથે વાતચીત કરી શકો છો. જે દરમિયાન તમને માત્ર તેમનો સહયોગ જ પ્રાપ્ત નહીં થાય, પરંતુ જો તમને કોઈ આર્થિક મદદની જરૂરિયાત હતી તો તેમાં પણ તેઓ તમારો સહયોગ કરતા તમારી મદદ કરશે. આ અઠવાડિયે તમારી વાણીમાં કઠોરતા જોવા મળશે, જેના કારણે તમે કાર્યસ્થળ પર નકામી કે નાની-નાની વાતો પર બીજા સાથે વિવાદ કે ઝઘડો કરતા જોવા મળશો. આની નકારાત્મક અસર તમારી છબીને તો નુકસાન પહોંચાડશે જ, સાથે જ આનાથી તમને તમારા કરિયરમાં આગળ વધવામાં સહકર્મીઓનો યોગ્ય સહયોગ પ્રાપ્ત કરવામાં પણ પરેશાની આવશે.

**મકર - (ખ, જ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ સાતમા ભાવમાં સ્થિત હોવાને કારણે કસરત કે યોગને તમારા જીવનનો હિસ્સો આ દરમિયાન તમે બનાવી શકો છો. કારણ કે આ સમયે ઘણા ગ્રહ-નક્ષત્રોની અનુકૂળ ચાલ તમને તમારા સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવા માટે પ્રોત્સાહન આપશે. તેથી આનો ઉત્તમ અને યોગ્ય લાભ ઉઠાવો. આ આખું અઠવાડિયું તમારે તમારા જીવનમાં અલગ-અલગ ક્ષેત્રોમાં ધન ખર્ચ કરવું પડશે, જેના લીધે તમે થોડી ધનની અછત અનુભવી શકો છો. આવી સ્થિતિમાં આ સમયે તમારે શરૂઆતમાં જ આર્થિક બાબતોને લઈને એક સાચી રણનીતિ બનાવવાની સૌથી વધુ જરૂરિયાત રહેશે. આનાથી તમે તમારા ઘણા નકામા ખર્ચાઓને કાબૂ કરી શકશો. આ અઠવાડિયે સમાજના ઘણા મોટા લોકોને મળવાનું તમારું સંભવ છે. આવી સ્થિતિમાં તમારે પણ આ અવસરનો યોગ્ય લાભ ઉઠાવતા પોતે તેના માટે પ્રયાસ કરવા પડશે. કારણ કે આ મુલાકાત તમને સમાજમાં પદ-પ્રતિષ્ઠાની સાથે-સાથે પરિવારમાં પણ માન-સન્માન અપાવવાનું કાર્ય કરશે. આ અઠવાડિયે તમારી સમક્ષ આવનારા ઘણા નવા પ્રસ્તાવો તમારા માટે બેહદ આકર્ષક હશે. પરંતુ તમારે આ વાતને પણ સમજવાની જરૂર રહેશે કે ભાવનાઓમાં વહીને કોઈ પણ નિર્ણય ઉતાવળમાં લેવો એ સમજદારીનું કામ નથી, પરંતુ મૂર્ખામીભર્યું કાર્ય હોય છે. ભૂતકાળના સમયમાં તમને જે અવસર પ્રાપ્ત નહોતા થયા, તે આ અઠવાડિયે મળી શકે છે.

**કુંભ - (ગ, શ, ષ, સ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ છઠ્ઠા ભાવમાં સ્થિત હોવાને કારણે આ રાશિના જાતકોને આ અઠવાડિયે નાની-નાની સ્વાસ્થ્ય સમસ્યાઓ સિવાય કોઈ પણ મોટો રોગ થવાની આશંકા નહિવત જ રહેશે. જો કે કોઈ પણ મોસમી બીમારી થવા પર ઘરે પોતે પોતાની સારવાર ન કરતા, તમને વિના ડોક્ટરની સલાહના દવા નહીં ખાવાની હિદાયત આપવામાં આવે છે. તમારા આર્થિક નિર્ણયોમાં સુધારો આ અઠવાડિયે તમારા જીવનમાં સકારાત્મક પ્રભાવ પાડી શકે છે અને આનાથી તમને ભૂતકાળના દરેક નુકસાનમાંથી બહાર આવવામાં પણ મદદ મળશે. જેથી એક વાર ફરીથી વસ્તુઓ પુનઃ પાટા પર આવતી પ્રતીત થશે. આ અઠવાડિયે તમારું મન દાન-પુણ્યના કાર્યોમાં વધુ લાગશે, જેના કારણે તમે તમારા પરિવાર સાથે કોઈ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવાનો નિર્ણય પણ લઈ શકો છો. આનાથી તમારા સ્વાસ્થ્યની સાથે-સાથે પરિવારના સભ્યોને પણ આંતરિક શાંતિની અનુભૂતિ થશે અને મનમાં સકારાત્મક વિચારો ઉત્પન્ન થઈ શકશે. આ રાશિના જાતકોને આ અઠવાડિયે કામમાંથી રજા લઈને પોતાના ભાઈ-બહેનો સાથે ઘરે જ કોઈ મૂવી કે મેચ જોવાની ઈચ્છા જાગ્રત થઈ શકે છે. એવું કરીને તમે ઘરના લોકો વચ્ચે પ્રેમમાં વધારો કરવામાં સફળ તો રહેશો, પરંતુ કાર્યસ્થળ પર આનાથી તમારી છબી પ્રભાવિત થઈ શકે છે.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે કોઈ મહત્વપૂર્ણ કાર્યમાં મળનારી સફળતા નજીક હોવા છતાં પણ તમારી ઊર્જાના સ્તરમાં ઘટાડો નોંધાશે. કારણ કે આ સમયે તમે પોતાની જાતને ઊર્જાવાન રાખવામાં સક્ષમ નહીં હોવ અને આના કારણે તમારે થોડી સમસ્યાનો પણ સામનો કરવો પડી શકે છે. જો ધન કે જમીન સાથે જોડાયેલો કોઈ મામલો કોર્ટ-કચેરીમાં લંબિત પડેલો હતો તો આ અઠવાડિયે તેનો નિર્ણય તમારા પક્ષમાં આવવાના યોગ બની રહ્યા છે. જેનાથી તમને માત્ર ધનની પ્રાપ્તિ જ નહીં થાય, પરંતુ તમારી ખરાબ આર્થિક સ્થિતિ પણ ઘણી હદ સુધી પાછી પાટા પર આવતી પ્રતીત થશે. આ અઠવાડિયે તમે એ જાણીને બહુ ઉદાસ અનુભવશો કે ઘરના જે સભ્ય પર તમે હંમેશા વિશ્વાસ કરીને તમારો દરેક રાજ શેર કર્યો, અસલમાં તેઓ એટલા ભરોસાપાત્ર નથી. સાથે જ આ વાત તમારા મનમાં તમારો ભેદ બહાર આવવાનો ડર પણ ઉત્પન્ન કરતી રહેશે. જેનાથી તમે કાફી હદ સુધી પરિવાર વચ્ચે અસહજ અનુભવશો. ચંદ્ર રાશિ પ્રમાણે ગુરુ પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારી આવકમાં સારો નફો થવાના યોગ બની રહ્યા છે. કારણ કે આ દરમિયાન તમારા દ્વારા કરવામાં આવેલી આકરી મહેનત કાર્યક્ષેત્રમાં જરૂર રંગ લાવશે. જેનાથી તમને એ બધા સારા પરિણામો મળી શકશે, જેના તમે અસલ હકદાર છો.

# શું દીકરી ખરેખર પારકી થાપણ જ રહેવાની ?

દીકરીના લગ્ન પૂરા થયા બાદ તેને વિદાય આપતી વખતેનું ' દીકરી તો પારકી થાપણ કહેવાય ' ગીત ગુજરાતમાં ખ્યાતિ પામ્યું હતું.આ ગીત વિદાય લેતી દીકરી અને તેના પિતાની અંતરની વેદનાને ઉજાગર કરતું હતું.આજે સ્થિતિ બદલાઈ છે, સમાજે પ્રગતિ તો કરી છે પરંતુ માનસિક રીતે ઘણું પછાતપણું જોવા મળે છે.દેશમાં દીકરીઓની સુરક્ષા માટેની હાલની કથળેલી સ્થિતિ જોતા દીકરી હવે જાહેર થાપણ બની ગઈ હોય તેમ છડેચોક દીકરીઓ ઉપર જાતીય હુમલા થઈ રહ્યા છે.આ ઘટનાઓ પછી પણ દિલ્હીના નિર્ભયા કાંડની દુહાઈ લઈને કેન્દ્રમાં સત્તા મેળવનાર ભાજપ સરકારની નિષ્ક્રિયતા ભારતીય સમાજને વધુ પીડી રહી છે.

**શિક્ષણ એ દરેક દીકરીનો મૌલિક અધિકાર છે. જો દેશની દીકરીઓ ભણવા જવા માટે પણ ભયમુક્ત વાતાવરણ ન મેળવી શકે, તો મહાસત્તા બનવાના આપણા દાવાઓ અધૂરા જ રહેશે. જમુઈની ઘટના આપણને યાદ અપાવે છે કે આપણે કાયદા, પોલીસ અને સામાજિક માનસિકતાના સ્તરે હજુ ઘણું કામ કરવાનું બાકી છે.**

ભારત એક તરફ 'બેટી બચાવો, બેટી પઢાવો' જેવા સશક્ત નારાઓ સાથે મહિલા સશક્તિકરણની દિશામાં આગળ વધી રહ્યું છે, તો બીજી તરફ દરરોજ દેશના ખૂણે-ખૂણેથી આવતા મહિલા ઉત્પીડન અને દૂરાચારના બનાવો સમગ્ર સમાજનું શિર શરમથી ઝુકાવી દે છે. બિહારના જમુઈ જિલ્લામાં એક સગીર વિદ્યાર્થીની સાથે થયેલી છેડતી અને સતામણીની શરમજનક ઘટનાએ ફરી એકવાર દીકરીઓની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થચિહ્ન ઊભો કરી દીધો છે. આ ઘટના માત્ર એક ભૌગોલિક વિસ્તાર પૂરતી સીમિત નથી, પરંતુ તે સમગ્ર ભારતમાં કથળતી જતી સામાજિક માનસિકતાનો પુરાવો છે.

જમુઈમાં શાળા કે કોલેજ જતી વિદ્યાર્થીનીઓ પર થતી અભદ્ર ટિપ્પણીઓ, પીછો કરવો અને શારીરિક તથા માનસિક રીતે પરેશાન કરવાની ઘટનાએ સ્થાનિક સ્તરે મોટો જનરોશ જગાડ્યો હતો. શિક્ષણ મેળવવા નીકળતી બાળકીઓ જયારે પોતાના જ વિસ્તાર કે રસ્તાઓ પર અસુરક્ષિત અનુભવે, ત્યારે તે દેશની પ્રગતિ પર એક મોટો ડાઘ સમાન છે.વર્તમાન સંદર્ભમાં જોઈએ તો, વિદ્યાર્થીનીઓ સામેની છેડતી માત્ર રસ્તાઓ કે જાહેર પરિવહન સુધી મર્યાદિત નથી રહી. ડિજિટલ યુગમાં આ દૂષણે હવે સાઈબર સ્ટોકિંગ અને ઓનલાઈન હેરેસમેન્ટનું સ્વરૂપ પણ ધારણ કર્યું છે. સોશિયલ મીડિયા પર બનાવટી અકાઉન્ટ્સ, અશ્લીલ મેસેજ, ફોટોઝનો દુરૂપયોગ અને બ્લેકમેઈલિંગ જેવી ઘટનાઓએ વિદ્યાર્થીનીઓ માટે ભણતરના વાતાવરણને માનસિક રીતે અત્યંત અસુરક્ષિત બનાવી દીધું છે.

આજે પણ સમાજના કેટલાક વર્ગોમાં સ્ત્રીઓને માત્ર એક ભોગ વસ્તુ તરીકે જોવાની વિકૃત માનસિકતા છુપાયેલી છે. શાળા-કોલેજોમાં જેન્ડર સેન્સિટાઈઝેશન (જાતીય સંવેદનશીલતા) ના અભાવને કારણે આવા ગુનાઓ વધે છે.

જોકે ભારતમાં પોક્સો અને ભારતીય ન્યાય સંહિતા હેઠળ સખત કાયદાઓ અસ્તિત્વમાં છે, પરંતુ તપાસમાં થતો વિલંબ અને આરોપીઓને તાત્કાલિક સજા ન મળવાને કારણે ગુનેગારોની હિંમત વધી જાય છે.

**[ વાત અને વિચાર ]**

ઘણીવાર પરિવાર અને સમાજનો ડર કે "લોકો શું કહેશે?" તે વિચાર વિદ્યાર્થીનીઓને અવાજ ઉઠાવતા રોકે છે. પરિણામે, આરોપીઓનો ઉત્સાહ બેવડાય છે.શિક્ષણ સંસ્થાઓ આસપાસ સુરક્ષાનો અભાવ, શાળા અને કોલેજોના મુખ્ય રસ્તાઓ પર યોગ્ય પોલીસ પેટ્રોલીંગ કે સીસીટીવી કેમેરાની ગેરહાજરી પણ આવા તત્વોને મોકળું મેદાન આપે છે.

જમુઈ જેવી ઘટનાઓ અટકાવવા માટે માત્ર આક્રોશ વ્યક્ત કરવો પૂરતો નથી; તેના માટે નક્કર પગલાં ભરવાની જરૂર છે.

કડક કાયદાકીય કારવાઈ: આવી ઘટનાઓમાં સામેલ ગુનેગારો પર વગર કોઈ વિલંબે દાખલારૂપ પગલાં લેવા જોઈએ જેથી અન્ય તત્વોમાં ભય પેદા થાય.

ઉપરાંત દરેક શાળા-કોલેજમાં વિદ્યાર્થીનીઓને આત્મરક્ષણની તાલીમ ફરજિયાત આપવી જોઈએ. સાથે જ, ગુપ્ત રીતે ફરિયાદ નોંધાવી શકાય તેવી 'ફરિયાદ પેટી' કે હેલ્પલાઈન નંબર સક્રિય કરવા જોઈએ.

પરિવાર અને સમાજની ભૂમિકા: દીકરીઓને "સંભાળીને રહેવાની" સલાહ આપવાને બદલે, દીકરાઓને મહિલાઓનો આદર કરવાનો સંસ્કાર આપવો તે આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

વિદ્યાર્થીનીઓની અવરજવરના સમયે શાળા સંકુલ આસપાસ 'શી ટીમ' કે મહિલા પોલીસનું સઘન ચેકિંગ હોવું જોઈએ.

શિક્ષણ એ દરેક દીકરીનો મૌલિક અધિકાર છે. જો દેશની પુત્રીઓ ભણવા જવા માટે પણ ભયમુક્ત વાતાવરણ ન મેળવી શકે, તો મહાસત્તા બનવાના આપણા દાવાઓ અધૂરા જ રહેશે. જમુઈની ઘટના આપણને યાદ અપાવે છે કે આપણે કાયદા, પોલીસ અને સામાજિક માનસિકતાના સ્તરે હજુ ઘણું કામ કરવાનું બાકી છે. જ્યારે દરેક નાગરિક આ અસુરક્ષા સામે અવાજ ઉઠાવશે, ત્યારે જ સાચા અર્થમાં દેશની દીકરીઓ સુરક્ષિત અને આત્મનિર્ભર બની શકશે.

# બિહારમાં લાલા મહતોનું શંકાસ્પદ મૃત્યુ : અકસ્માત કે હત્યા ?




દેશમાં કોઈ મોટી ગુનાહિત ઘટના બને ત્યારે, પોલીસ આરોપી પકડાયા પછી ગુનો સાબિત કરવા માટે અથવા કોઈ કડી ન મળે તે માટે ઘટનાનું દ્રશ્ય ફરીથી બનાવે છે. જોકે, હવે ગુનેગારો પણ તેમાં ભાગ લઈ રહ્યા છે. હત્યાનું નાટકીય પુનર્નિર્માણ એટલું વિસ્તૃત હતું કે બિહાર પોલીસ પણ મૂંઝાઈ ગઈ. આ નાટકીયકરણને સાબિત કરવા માટે, પોલીસ સરકારી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહી છે, જેમાં ફોરેન્સિક નિષ્ણાત ડૉક્ટરનો અભાવ છે. જોકે, સાક્ષીઓ સહિત અન્ય પુરાવા મળી આવ્યા છે. હાલમાં, નાટકીયકરણમાં સંડોવાયેલા વ્યક્તિને પોલીસે ધરપકડ કરીને જેલમાં ધકેલી દીધો છે.

આ ઘટના ૧૯ સપ્ટેમ્બરના રોજ સૂર્યાસ્ત પછી બની હતી. સીસીટીવી ફૂટેજમાં એક વ્યક્તિને ઈ-રિક્ષામાં એક નાના સંકુલમાં સ્થિત હોસ્પિટલમાં લાવવામાં આવતો જોવા મળે છે. આગમનનો સમય સાંજે ૬:૪૮ વાગ્યે હતો. જે હોસ્પિટલમાં તે વ્યક્તિને લાવવામાં આવ્યો હતો ત્યાં કામ કરતા ડૉ. લક્ષ્મીકાંત પ્રસાદ વર્માએ જણાવ્યું હતું કે, "ઘણા લોકો તેને લાવ્યા હતા. તે માણસ પહેલેથી જ મરી ગયો હતો, તેથી નિષ્ણાત ડૉક્ટરને બોલાવવાની જરૂર નહોતી. તે ઘાયલ હતો, પરંતુ એવું લાગતું ન હતું કે તેને ગોળી વાગી છે. વધારે લોહી વહેતું નહોતું, તેથી પોલીસને જાણ કરવાની જરૂર નહોતી. જે ??લોકો તેને લાવ્યા હતા તેઓ બે મિનિટ પછી પાછા ફર્યા." સીસીટીવી ફૂટેજ એ પણ દર્શાવે છે કે સાંજે ૬:૫૦ વાગ્યે, લોકો ઈ-રિક્ષામાં લાશ લઈને પાછા ફર્યા. એક પોલીસ જિપ્સી આગળ હતી, પરંતુ તેઓએ તેને રોકી ન હતી.

આ હોસ્પિટલમાંથી લાશ પરત કરીને, તેઓ તે જમીન પર ગયા જ્યાં ચાર દિવસ પહેલા એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા મૃતકના કબજાને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યો હતો. મૃત્યુને હત્યા તરીકે દર્શાવીને કેટલાક લોકોને ફસાવવા માટે લાશને આ જમીન પર મૂકવામાં આવી હતી. હત્યાનું નાટકીયકરણ કરવામાં આવ્યું હતું, અને પછી હંગામો થયો હતો. કોઈએ ગોળીબારનો અવાજ સાંભળ્યો ન હતો, પરંતુ એવું કહેવામાં આવ્યું હતું કે તેને ગોળી વાગી હતી. ફક્ત પરિવારના સભ્યો જ પ્રત્યક્ષદર્શી બન્યા હતા. પોલીસ એફઆઈઆરમાં જણાવાયું છે કે સ્ટેશનને રાત્રે ૧૦:૩૦ વાગ્યે માહિતી મળી હતી, જોકે આંતરિક રેકોર્ડ પણ દર્શાવે છે કે ઈઈજીજી દ્વારા મળેલી પ્રથમ માહિતી રાત્રે ૮:૧૫ વાગ્યે હતી. બીજી તરફ, એફઆઈઆર માટેની અરજીમાં જણાવાયું છે કે ઘટનાનો સમય શરૂઆતમાં સાંજે ૭:૪૫ વાગ્યે નોંધવામાં આવ્યો હતો અને પછી તેને બદલીને સાંજે ૬:૪૫ વાગ્યે કરવામાં આવ્યો હતો. આ ચોક્કસપણે બન્યું હતું, પરંતુ અરજીમાં છેડછાડ કરનાર વ્યક્તિએ એ ધ્યાનમાં લીધું ન હતું કે ૬:૪૮ વાગ્યે મૃત્યુની પુષ્ટિ કરતા સીસીટીવી ફૂટેજ પછીથી બહાર આવી શકે છે. નાટ્ય રૂપાંતરણ દરમિયાન, એ પણ અવગણવામાં આવ્યું હતું કે ગોળીબાર સાંજે ૬:૪૫ વાગ્યે થયો હતો, અને પછી ઘટનાસ્થળે ઈ-રિક્ષા લઈને ઊભેલા કોઈ વ્યક્તિએ ગોળીબાર કર્યાના ત્રણ મિનિટમાં જ તે વ્યક્તિને ૪૦૦-૫૦૦ મીટર દૂર લઈ જવામાં આવ્યો હતો.

**[ ક્રાઈમ સ્ટોરી ]**

**બિહારના બેગુસરાય જિલ્લામાં બનેલી ઘટનાએ પોલીસને પણ ચકરાવે ચડાવી, મૃતકના પરિવારજનોએ ગોળી મારી લાલાની હત્યા કરાઈ હોવાનું જણાવ્યું છતાં લાલાના મૃત્યુની ઘટનાએ અનેક રહસ્યો સર્જ્યા**

આ ઘટના બિહારના બેગુસરાય જિલ્લામાં બની હતી. કલા અને સંસ્કૃતિની સાથે, આ જિલ્લો ગુના માટે પણ પ્રખ્યાત છે, અને તેના વિશે ફિલ્મો પણ બની છે. આ ઘટના આ જિલ્લામાં બની હતી. સબડિવિઝન બાખરી છે, અને પોલીસ સ્ટેશન પણ બાખરી છે. બેગુસરાય જિલ્લામાં આવેલું બાખરી, તેની કલા, સંસ્કૃતિ અને ધાર્મિક સ્થળો માટે જાણીતું હતું. જ્યારે એક કાપડ ઉદ્યોગપતિને રસ્તાની વચ્ચે કચડીને મારી નાખવામાં આવ્યો, ત્યારે તે ગુના માટે સૌપ્રથમ સમાચારમાં આવ્યું. પછી, અહી ગુનેગારોનું રાજકારણ થયું, એટલું બધું કે ગુનેગારો સાથે વરિષ્ઠ સરકારી પ્રતિનિધિઓના ફોટા પણ દેખાવા લાગ્યા. તાજેતરનો મામલો પણ આ પરિબળોથી ઘેરાયેલો છે. જો એવું ન હોત, તો પોલીસે આ હોસ્પિટલના સ્પષ્ટ સીસીટીવી ફૂટેજ મેળવ્યા હોત. લોકો અહેવાલ આપી રહ્યા છે કે ઘટનાની રાત્રે આ હોસ્પિટલ નજીકનો સીસીટીવી કેમેરા ઉખેડી નાખવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં ઘટના કેદ કરનાર સીસીટીવી ફૂટેજ પોલીસ રેકોર્ડમાં છે. પોલીસે શરૂઆતથી જ આ કેસને શંકાસ્પદ માન્યો હતો. હવે, એફઆઈઆર અરજીએ શંકાઓને વધુ ઘેરી બનાવી છે જ્યારે પોલીસને જાણ કરવામાં આવી હતી કે મૃતકને સીસીટીવીમાં બતાવેલ હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યો હતો. હવે, પોલીસ અધિક્ષક મનીષ કુમાર વ્યક્તિગત રીતે કેસનું નિરીક્ષણ કરી રહ્યા છે, પોલીસે અરજીની હેરાફેરીથી લઈને સીસીટીવી ફૂટેજ સુધીના મુદ્દામાં ઊંડાણપૂર્વક તપાસ કરી છે.

મૃતકનું નામ લાલો મહતો હતું. મૃતકના પરિવારે પોલીસને જાણ કરી કે લાલો મહતોનો શપથ લીધેલો દુશ્મન મનોજ મહતો એક માણસ સાથે તેના દરવાજે આવ્યો અને પાણીનો વાસણ માંગ્યો. જ્યારે લાલો મહતોએ ઘડો આપ્યો, ત્યારે મનોજ મહતોએ તેને ગોળી મારી દીધી. મૃતકના પરિવારે પોલીસને કહ્યું કે તેઓ મનોજ મહતોને ઓળખે છે અને પરિવારના અન્ય સભ્યોને પણ સાક્ષી તરીકે નામ આપે છે.

પોલીસે શરૂઆતમાં આ કેસ શંકાસ્પદ માન્યો હતો, પરંતુ જ્યારે મનોજ મહતો પર ગોળીબારનો આરોપ મૂકવામાં આવ્યો, ત્યારે તેઓએ બીજા દિવસે તેની ધરપકડ કરી. હવે, મનોજ મહતોના પરિવારનું કહેવું છે કે શપથ લીધેલો દુશ્મન ઘરે આવ્યો અને પાણી માંગ્યું, અને લાલો મહતોએ પાણી આપ્યું; આ એક જ હકીકત બધું સ્પષ્ટ કરે છે. આમ છતાં, પોલીસે મનોજની ધરપકડ કરી છે. જો વૈજ્ઞાનિક તપાસ કરવામાં આવે, તો પોસ્ટમોર્ટમ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં કરવામાં આવ્યું હોત, જ્યાં નિષ્ણાત પુષ્ટિ કરી શકે કે કોઈ જીવિત વ્યક્તિની હત્યા કરવામાં આવી છે કે મૃતક વ્યક્તિ પર અકસ્માતમાં હત્યાનો આરોપ છે.બેગુસરાયના એસપી મનીષના જણાવ્યા અનુસાર, "આ ઘટનામાં ઘણી બાબતો શંકાસ્પદ લાગે છે, તેથી કોઈ પણ દ્રષ્ટિકોણથી નકારી શકાય નહીં." મોબાઈલ લોકેશનથી લઈને સીસીટીવી ફૂટેજ સુધીની દરેક વસ્તુની તપાસ કરવામાં આવી રહી છે. શરીર પરના નિશાન પોસ્ટમોર્ટમ રિપોર્ટ સાથે મેચ કરવા માટે તપાસવામાં આવશે. હાલમાં કોઈ નિષ્કર્ષ પર પહોંચ્યા નથી. ગોળીબારના આરોપી અને ઓળખાયેલા શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.

# ઉત્તરપ્રદેશમાં સત્તા મેળવવા રાજકીય પક્ષોની વ્યુહરચના

**આગામી વર્ષે યોજાનાર ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય પક્ષોએ અત્યારથી જ હથિયાર સજાવી લીધા છે.ભાજપ વિકાસ અને ગુનાખોરી ડામવાના યોગીના બુલડોઝરને આગળ કર્યુ છે,બીજી તરફ સમાજવાદી પાર્ટીએ વહીવટી પારદર્શિતા અને નાગરિક અધિકારોને પોતાના હથિયાર બનાવ્યા છે.**

ઉત્તર પ્રદેશનું રાજકારણ હંમેશા દેશના રાજકીય ભવિષ્યની દિશા નક્કી કરનારું માનવામાં આવે છે. "દિલ્હીનો રસ્તો લખનૌ થઈને જાય છે" એ કહેવત મુજબ તમામ મુખ્ય રાજકીય પક્ષોએ આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટે અત્યારથી જ પોતપોતાની વ્યુહરચના ઘડી કાઢી છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વ હેઠળ ભાજપ પોતાની સત્તા જાળવી રાખવા પ્રયત્નશીલ છે, જ્યારે અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી સત્તાવાપસી માટે મજબૂત પડકાર ફેંકી રહી છે.

ભાજપના રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના વરિષ્ઠ નેતાઓ પૂર્વાંચલ, પશ્ચિમ યુપી અને મધ્ય યુપી સહિતના તમામ વિસ્તારોમાં સતત સમીક્ષા બેઠકો યોજીને ગ્રાઉન્ડ લેવલના કાર્યકરોને સક્રિય કરી રહ્યા છે.

અપના દલ, નિષાદ પાર્ટી અને સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી જેવા નાના પ્રાદેશિક પક્ષો સાથેનું ગઠબંધન જાળવી રાખીને બિન-યાધવ મતદારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

કાયદો અને વ્યવસ્થા, સ્થાનિક વિકાસ અને કેન્દ્ર-રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓને મુદ્દો બનાવીને યુવાનો તેમજ મહિલા મતદારો સુધી પહોંચવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

અખિલેશ યાદવ પછાત, દલિત, અને અલ્પસંખ્યક ફોર્મ્યુલા પર ભાર મૂકી રહ્યા છે. પૂર્વાંચલ વિસ્તારમાં પાર્ટીનું પ્રદર્શન સુધારવા માટે સતત યાત્રાઓ અને જનસંપર્ક અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે.વિપક્ષી ગઠબંધનના ભાગરૂપે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ એકસાથે મળીને ભાજપ વિરૂદ્ધ મતોનું વિભાજન અટકાવવા માટે વ્યૂહાત્મક જોડાણ મજબૂત કરી રહ્યા છે.

બહુજન સમાજ પાર્ટી માયાવતીના નેતૃત્વ હેઠળ પરંપરાગત રીતે એકલા હાથે ચૂંટણી લડવાના મૂડમાં દેખાઈ રહી છે, જેથી દલિત કેડર આધારને ફરીથી એકત્રિત કરી શકાય.

નીતિશ કુમારની જેડીયુ પણ પૂર્વાંચલના સરહદી વિસ્તારોમાં ખાસ કરીને કુરમી અને કુશવાહા બહુલ બેઠકો પર ચૂંટણી લડવાની યોજના બનાવી રહી છે.

**[ રાજકારણ ]**

આગામી ચૂંટણીમાં મુખ્ય મુદ્દાઓ ચકાસીએ તો ભાજપ 'બુલડોઝર મોડેલ' અને ગુનાખોરી પર નિયંત્રણને પોતાનું મુખ્ય હથિયાર બનાવી રહ્યું છે, જ્યારે વિપક્ષ વહીવટી પારદર્શિતા અને નાગરિક અધિકારો પર સવાલ ઉઠાવી રહ્યો છે.

ઉત્તરપ્રદેશના રાજકારણમાં જ્ઞાતિ ગણિત સૌથી નિર્ણાયક છે. 'મ્ઝ, દલિત અને મુસ્લિમ મતદારો કઈ તરફ ઝૂકે છે તેના પર હાર-જીતનો આધાર રહેશે. વિપક્ષો રોજગારી, ભરતી પરીક્ષાઓના લીક થતા પેપરો અને ખેડૂતોના પ્રશ્નોને મુખ્ય ચૂંટણી મુદ્દો બનાવી રહ્યા છે.

સ્થાનિક તણાવ અને સંગઠનાત્મક પડકારો પણ રાજકીય પક્ષો સમક્ષ છે. સ્થાનિક સ્તરે નેતાઓ અને કાર્યકરો વચ્ચેની નારાજગી દૂર કરવી એ શાસક પક્ષ અને વિપક્ષ બંને માટે મોટો પડકાર છે.



વિધાનસભા ચૂંટણી પહેલાં વિધાન પરિષદની ગ્રેજ્યુએટ અને ટીચર્સ બેઠકો તથા સ્થાનીય ચૂંટણીઓ બંને પક્ષો માટે "સેમિફાઈનલ" સમાન સાબિત થશે. આ ચૂંટણીઓથી બંને વિપક્ષી ગઠબંધન અને શાસક એનડીએના ગ્રાઉન્ડ કનેક્ટનો વાસ્તવિક અંદાજ મળશે.

ઉત્તર પ્રદેશમાં રાજકીય માહોલ હાલ ખૂબ જ રોચક વળાંક પર છે. એક તરફ ભાજપ પોતાના મજબૂત સંગઠન, વિકાસ કાર્યો અને હિંદુત્વ તથા ઓબીસી ગઠબંધનના જોરે સતત ત્રીજી વખત સરકાર બનાવવાનો દાવો કરી રહ્યું છે. બીજી તરફ, સમાજવાદી પાર્ટી પીડીએ ફોર્મ્યુલાથી સામાજિક ન્યાયનો મુદ્દો ઉઠાવીને ભાજપના વિજયરથને રોકવા માટે પૂરી શક્તિ લગાવી રહી છે. આગામી સમયમાં આ રાજકીય ખેંચતાણ વધુ તીવ્ર બનશે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | પ્રા | સા | ભા | અ | આ | શિ | અ | પ્ર | પ્ર | ળ | પ્ર |
| જી | હિ | ધ | તી | ણ | ઈ | ર | ણ | ડો | સા | મા | બા |
| બા | ણે | મા | ગ | રા | ર | જી | અ | ર | દ | દ | ર |
| વિ | દ | ગ | ળ | ર | આ | ધ | ણ | ર | ધ | ભો | બૂ |
| ભ | મા | બા | ર | જી | વા | મ | ળ | ફ | અ | ર | ધ |
| લ | મ | ભ | કી | બં | ર | આ | ર | દા | ણા | લ | ણ |
| સા | ર | રો | અ | ક | ત | જ | રી | ગ | વા | ડો | ઓ |
| સા | ળ | અ | બ | ક્રો | દ | ર | અ | અ | ળ | અં | ણ |
| ઇ | અ | પ્રા | મા | ણિ | ક | મા | રો | આ | કા | ક | કા |
| ગ | ઓ | ન | અ | બ | રા | બ | ર | ધ | ણે | એ | ર |
| કા | ર | ફ | ણિ | ડો | દ | અ | લી | ડી | ડી | ન | ભો |
| ભો | સા | બા | ર | સ | કુ | અ | ઇ | ન | સા | ળ | ઐ |

શબ્દ શોધો: **પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# ભગવાન શિવનો સ્મશાનમાં વાસ અને શિવના વિવિધ પ્રકારે પૂજનનું ફળ

**જે ભક્ત આખા બ્રહ્માંડને લિંગાત્મક જાણી લિંગને વિશે ભગવાન શિવનું અર્ચન કરે છે તે ભક્ત ભગવાન શિવને અતિશય પ્રિય છે**



ભગવાન શિવ અનેક નામથી પ્રસિદ્ધ છે,રૌદ્ર હોવા છતાં સૌમ્ય સ્વરૂપ ધારણ કરીને રહે છે.આ જગતના સંહારક દેવ હોવા છતાં જીવમાત્રના કલ્યાણ માટે પ્રવૃત્ત છે.આ સકળ જગતના રચયિતા અને સર્વ સ્વરૂપ હોવા છતાં ભગવાન શિવ સદાય સ્મશાનમાં નિવાસ કરે છે.બ્રહ્મા,વિષ્ણુ,ઈન્દ્રાદિક દેવતાઓ સુંદર વસ્ત્ર અને આભુષણો ધારણ કરીને રહ્યા છે,જયારે ભગવાન શિવ ગળામાં નાગ,શરીરે ભસ્મ ધારણ કરે છે.આ પૃથ્વી પરના તેમના અગણિત સ્થાનો છે, આમ છતાં ભગવાન શિવ હમેંશા સ્મશાનમાં નિવાસ કરે છે.

ભગવાન શિવ પોતાના દિવ્ય સ્થાનો છોડીને શા માટે સ્મશાનમાં નિવાસ કરે છે ? એ વિષયમાં એક વખત માતા પાર્વતીજીએ ભગવાન શંકરને પ્રશ્ન કર્યો હતો.પ્રશ્ન ઉત્તરમાં ભગવાન શિવે પોતાના સ્મશાનમાં નિવાસ કરવાનું રહસ્ય જણાવ્યું હતું.ભગવાન શિવ માતા પાર્વતીજીને કહે છે કે,' હે દેવી,પુરુષનું જે કાંઈ કર્મ કહેલું છે તે કોમળ અથવા કઠોર હોય તો પણ અવશ્ય કરવા યોગ્ય છે.પ્રજાપતિની આજ્ઞા અનુસાર જ સર્વ પ્રાણીઓ રહે છે.આમ બ્રહ્માની આજ્ઞા કરેલા કર્મથી હું જોડાયેલો છું.પ્રજાના સંહારને કરનાર એવો હું સંવત્સર કાળરૂપ છું અને મારી સાથે જોડાયેલા તમે કાળરાત્રીરૂપ છો.વિધાતાએ અર્પણ કરેલું મારુ આ કર્મ યોગ્ય છે અને નીતિથી અને આચરણથી મેં ધારણ કરેલું છે.આ હેતુથી મારા માટે સ્મશાન પવિત્ર,સુંદર,સિદ્ધક્ષેત્રરૂપ અને ઈષ્ટ છે.આ કારણોસર હું સદા સ્મશાનમાં નિવાસ કરું છું.શાસ્ત્ર, તીર્થ અને શ્રુતિના વિષયમાં જે ફળ કહેવામાં આવ્યું છે તે તમામ ફળ વિભૂતિની સ્નાનચર્યાથી મળે છે'.

**[ ધર્મ દર્શન ]**

ભગવાન શિવની પૂજા કરવાથી માનવી ઉત્તમોત્તમ ફળ મેળવે છે.ભગવાન શિવની જે ભક્ત ભાવથી સેવા કરે છે તે ભક્તને ભગવાન શિવ ભવસાગરમાંથી તારે છે.ભગવાન શિવને જે ભક્ત જળાભિષેક કરે છે તે અગ્નિષ્ટોમ,સુગંધી તેલથી અભિષેક કરે તે અતિરાત્ર, મધથી સ્નાન કરાવે તે વાજપેય યજ્ઞનું ફળ મેળવે છે.પ્રતિમાનું પૂજન કરે છે તે ભક્ત અશ્વમેઘ યજ્ઞનું ફળ મેળવે છે. જે ભક્ત આખા બ્રહ્માંડને લિંગાત્મક જાણી લિંગને વિશે ભગવાન શિવનું અર્ચન કરે છે તે ભક્ત ભગવાન શિવને અતિશય પ્રિય છે.જે મનુષ્ય ચૌદશના દિવસે ભગવાન શિવના લિંગનું ઘી,દૂધ,દહી,તેલ,ગોક્ષીર અને જળથી સ્નાન કરાવે છે તે વ્યક્તિ ઉત્તમ ફળ મેળવે છે.

ભગવાન શિવના નામનો ઉચ્ચાર કરનાર મનુષ્ય ભગવાન શિવની કૃપા મેળવે છે,તો નિત્ય પૂજન કરનાર ભક્ત સર્વથી ઉત્તમ ફળ મેળવે તેમાં કોઈ શંકા નથી.ભગવાન શિવ આ જગતના કલ્યાણકારી દેવ છે,આથી આત્માના કલ્યાણ માટે ભગવાન શિવની ભક્તિ અને ઉપાસના માટે હંમેશા મન લગાડવું જોઈએ.

### જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

# અરજદારોના પ્રશ્નોને ત્વરિત અને સમયમર્યાદામાં નિકાલ લાવવા કલેક્ટરની અધિકારીઓને સૂચના






જામનગર : જામનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર પી.બી.પંડ્યાના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. આ બેઠકમાં કલેક્ટરએ અરજદારોના પ્રશ્નો અને રજૂઆતોને અત્યંત ગંભીરતાથી સાંભળ્યા હતા અને નિયમોનુસાર ત્વરિત કાર્યવાહી હાથ ધરીને તમામ પ્રશ્નોનો નિર્ધારિત સમયમર્યાદામાં ઉકેલ લાવવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં નાગરિકો તરફથી રજૂ કરવામાં આવેલા અનેક પ્રશ્નોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ લાવવામાં આવ્યો હતો.

આ બેઠકમાં કાયદો અને વ્યવસ્થાને લગતા પ્રશ્નો, રસ્તાના સમારકામ, વરસાદના પાણીના નિકાલ, ગેરકાયદેસર બાંધકામ અને દબાણ દૂર કરવા, મહાનગરપાલિકા તેમજ ગ્રામ પંચાયતના પ્રશ્નો સહિતના વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત કલેક્ટર દ્વારા વિવિધ લોકપ્રશ્નો અંગે સઘન સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. જેમાં રેશનકાર્ડ તથા વ્યાજબી ભાવની દુકાનના પ્રશ્નો, વીજ લાઈનોમાં સેફ્ટીગાર્ડ'ગ લગાવવા, પવનચક્કીની વીજલાઈન તથા પોલના પ્રશ્નો, પી.જી.વી.સી.એલ.ના વિવિધ પ્રશ્નો અને ખાનગી કંપની દ્વારા પારા તોડી ઈલેક્ટ્રિક થાંભલાઓ નાખ્યા હોવાની રજૂઆત પર જરૂરી કાર્યવાહી કરવા સૂચના અપાઈ હતી. તેમજ વીજળી તથા પીવાના પાણીને લગતા પ્રશ્નો, પીવાના પાણીની સમસ્યાઓ, જાતિ પ્રમાણપત્ર મેળવવા, ગેરકાયદેસર તળાવો બનાવવાથી જમીનમાં ધોવાણ થવા અંગે, રિ-સર્વે પ્રોમોલ્ગેશન બાદ માલૂમ પડતી ક્ષતિઓ સુધારવા, જર્જરીત ઈમારતો અને મકાનો તોડી પાડવા, ગોચર તથા સરકારી ખરાબામાં દબાણ દૂર કરવા બાબતના પ્રશ્નો આવરી લેવાયા હતા. વધુમાં, ખેતરના રસ્તામાં પાણી ભરાવાના કારણે રસ્તો બંધ થવા, વાડીના રસ્તામાં જાળી-જાખરા, બાવળનું કટીંગ અને દબાણ દૂર કરી આપવા, જાહેર રોડ-રસ્તા પરના દબાણો દૂર કરવા, રસ્તાનું સમારકામ, ગેરકાયદેસર રેતી ચોરી અટકાવવા, ઉંડ-૨ ડેમ ખાતે પ્રોટેક્શન વોલ બનાવવા, કેનાલના વધારાના પાણીના નિકાલની વ્યવસ્થા કરવા, આધાર કાર્ડમાં જન્મ તારીખ સુધારી આપવા અને મામલતદાર કોર્ટ એક્ટ હેઠળ હુકમની નોંધ પાડવા જેવા તમામ પ્રશ્નો અંગે ગંભીરતાથી સમીક્ષા કરી કલેક્ટર દ્વારા સંબંધિત વિભાગોને જરૂરી દિશા-નિર્દેશો આપવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નિશા, પોલીસ અધિક્ષકશ્રી ડો.રવિ મોહન સૈની, પ્રાંત અધિકારી વિમલ ચૌધરી સહિત સર્વે પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકા જિલ્લાના ૨૧ નિર્જન ટાપુઓ પર મંજૂરી વિના પ્રવેશ પર પ્રતિબંધ

દ્વારકા : ભારતના પશ્ચિમ છેવાડે આવેલ વિસ્તૃત કાંઠાળા વિસ્તાર ધરાવતાં તેમજ અતિ સંવેદનશીલ ગણાતાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ ૨૪ ટાપૂઓ પૈકી માત્ર ૦૨ ટાપૂઓ પર માનવ વસાહત છે જયારે ૨૨ ટાપૂઓ માનવ વસાહત સિવાયના નિર્જન છે. જે પૈકી નરારા ટાપુ માટે તા.૧૯-૧૨ના સુધારા જાહેરનામામાં જણાવેલ શરતોને આધિન પ્રાંત અધિકારી અને એસ.ડી.એમ.ની લેખિત પરવાનગી લેવામાંથી મુકિત આપવામાં આવી છે.

આ નિર્જન ટાપુઓ પર ધાર્મિક સ્થળો આવેલ હોય પ્રસંગોપાત વિવિધ શ્રધ્ધાળુઓ અવર-જવર કરે છે. સાથોસાથ રાષ્ટ્ર વિરોધી તેમજ દાણચોરી જેવી ગેરકાયદે અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો નિર્જન ટાપુઓ પર આશ્રય મેળવે અથવા હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે અથવા ત્રાસવાદી જૂથો સંગઠનો દ્વારા દેશના મહત્ત્તા ચાવીરૂપ સંસ્થાઓ તેમજ મહત્વના ધાર્મિક સ્થાનો, ભીડભાડવાળા સ્થળોએ હુમલા કરી ભાંગફોડ તથા હિંસા કરે તેવી શકયતા રહેતી હોય છે. આવી પ્રવૃત્તિઓના કારણે જનસલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા તેમને મળેલ સત્તાની રૂએ જાહેરનામું પ્રસિદ્ધ કરી જિલ્લાના ૨૧ નિર્જન ટાપુઓ ઘાની ઉર્ફે ડની, ગાંધીયોકડો, કાલુભાર, રોઝી, પાનેરો, ગડુ(ગારૂ), સાનબેલી (શિયાળી), ખીમરોઘાટ, આશાબાપીર, ભૈદર, ચાંક, ધબધબો (દબદબો), દીવડી, સામીયાણી, નોરૂ, માન મરૂડી, લેફા મરૂડી, લંઘા મરૂડી, કોઠાનું જંગલ, ખારા મીઠા ચુષ્ણા અને કુડચલી ટાપુઓ ઉપર જે તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની લેખીત પૂર્વ મંજૂરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. આ જાહેરનામું તાત્કાલીક અસરથી તા. ૨૦-૧૧ સુધી અમલમાં રહેશે. જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરશે

# સુન્ની મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદે ગોશિયાની ઉજવણી





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જશ્ને ગોષિયા' નિમિત્તે સુન્ની મુસ્લિમ જમાત જામનગર દ્વારા એક જુલુસનું આયોજન કરવામાં આવ્યુ હતું. જે અનેરા ઉત્સાહ-અદબ અને અકિંદત અને ઉમંગ સાથે પસાર થયું હતું. જેમાં હજારો સુન્ની મુસ્લિમ બિરાદરોએ બારગાહે ગાષિયામાં ખિરાજ અદિત પેશ કરી હતી. સાંજે ચાર વાગ્યે ઈમાન અફરોઝ નારાઓથી શરૂ થયેલ આ જુલુસનો રસ્તામાં ઠેર-ઠેર ગરમ દૂધ, ચા, કોફી, બિસ્કિટ, ચોકલેટ, ચેવડો, ખજુર, રસગુલ્લા,ફાલુદા, છાસ-લસ્સી તેમજ ઠંડુ પાણી વગેરે ન્યાઝ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતુ.

જુલુસ જયારે જુમ્મા મસ્જીદ પાસે પહોચેલ ત્યારે ટ્રસ્ટના પ્રમુખ હાજી અબ્દુલ રસીદ અને અન્ય ટ્રસ્ટીઓએ જૂલુસનું ફૂલહાર તેમજ સાલ ઓઢાડી સ્વાગત કરેલ હતુ. જશ્ને ગોષિયાના મોકા પર પ્યારા નબીના પ્યારા રૂહાની ફરઝંદ હઝરત ગૌષે આઝમ પ્રત્યે પોતાની ખિરાજે અકિદત પેશ કરવા સુન્ની મુસ્લિમ આગેવાનો, કમિટીના કાર્યકર્તાઓ શામેલ હતા.

## T-Mobile અને જિયોની ઐતિહાસિક સિદ્ધિ:
# વિશ્વમાં પ્રથમ વખત 5G સ્ટેન્ડઅલોન રોમિંગ કનેક્શન સફળ

બેલવ્યૂ,વોશિંગ્ટન : T-Mobile અને જિયોએ વિશ્વમાં પ્રથમ વખત 5G સ્ટેન્ડઅલોન રોમિંગ કનેક્શન સફળતાપૂર્વક સ્થાપિત કરીને વાયરલેસ કનેક્ટિવિટીના ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. Syniverse સાથેની આંતરકાર્યક્ષમતા દ્વારા આ સિદ્ધિ શક્ય બની છે. આ સફળતા આગામી પેઢીના નેટવર્કનો સીમલેસ અનુભવ હવે માત્ર વચન નહીં, પરંતુ વાસ્તવિકતા બની રહ્યો હોવાનો પુરાવો છે. આ સિદ્ધિએ સરહદ પાર ૫૧ કનેક્ટિવિટીના અવિરત અને સુગમ અનુભવ માટે નવો વૈશ્વિક માપદંડ સ્થાપિત કર્યો છે.

આ પહેલથી T-Mobileના ગ્રાહકોને આંતરરાષ્ટ્રીય પ્રવાસ દરમિયાન પ્રથમ વખત સાચા અર્થમાં ૫૧સ્ટેન્ડઅલોન રોમિંગનો અનુભવ મળશે. એટલું જ નહીં, 5G SA રોમિંગ દ્વારા વધુ ઝડપી ઈન્ટરનેટ સ્પીડ, ઓછો લેટન્સી સમય એટલે કે ડેટા ટ્રાન્સફરમાં ઓછો વિલંબ અને વધુ વિશ્વસનીય કનેક્ટિવિટી ઉપલબ્ધ બનશે. આ ટેક્નોલોજી ઈન્ટરનેટ ઑફ થિંગ્સ (IoT), રિયલ-ટાઈમ સંચાર અને ઈમર્સિવ ટેક્નોલોજી જેવી આગામી પેઢીની એપ્લિકેશન્સ માટે નવી શક્યતાઓ ઊભી કરશે, જે વૈશ્વિક સ્તરે સતત અને ઉચ્ચ ગુણવત્તાની કનેક્ટિવિટી પર આધારિત છે.

આ ઐતિહાસિક સિદ્ધિ Syniverseના કનેક્ટિવિટી પ્લેટફોર્મના સહયોગથી શક્ય બની છે. આ પ્લેટફોર્મ વિવિધ નેટવર્ક્સ વચ્ચે સુરક્ષિત અને અવિરત જોડાણ સુનિશ્ચિત કરે છે તેમજ આગામી પેઢીની રોમિંગ સેવાઓને વૈશ્વિક સ્તરે વધુ ઝડપથી અપનાવવામાં મદદરૂપ બને છે. "વૈશ્વિક વાયરલેસ કનેક્ટિવિટી ક્ષેત્રે આ એક ઐતિહાસિક અને મહત્વપૂર્ણ સિદ્ધિ છે અને તેનું નેતૃત્વ કરવા બદલ T-Mobile ગૌરવ અનુભવે છે," T-Mobileના ચીફ નેટવર્ક ઓફિસર અંકુર કપૂરે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, અમે વર્ષ ૨૦૨૦માં ૫૧સ્ટેન્ડઅલોનના ભવિષ્ય માટે પાયારૂપ કામગીરી સાથે આ સફરની શરૂઆત કરી હતી અને આજે જિયો ઈન્ડિયા સાથે વૈશ્વિક સ્તરે ભાગીદારી કરીને આ નેતૃત્વને આગળ વધારી રહ્યા છીએ. તમે એક દેશ છોડીને બીજા દેશમાં પહોંચો, છતાં તમારો ૫૧અનુભવ એટલો જ અવિરત રહેશે, પછી ભલે તમે વીડિયો સ્ટ્રીમ કરી રહ્યા હો, પ્રવાસના રીલ્સ શેર કરી રહ્યા હો કે બિઝનેસ એપ્લિકેશન્સનો ઉપયોગ કરી રહ્યા હો. આ જ આ ટેક્નોલોજીની પરિવર્તનકારી ક્ષમતાની સાચી ઓળખ છે. તેમ પણ તેમણે અંતમાં જણાવ્યું હતું.

તો, જિયોના ઈન્ટરનેશનલ નેટવર્ક, પાર્ટનરશિપ એન્ડ સર્વિસિસ હેડ માર્ક યાર્કોસ્કીએ જણાવ્યું કે, આ એક પરિવર્તનકારી સીમાચિહ્ન છે અને તે માત્ર રોમિંગ પૂરતું મર્યાદિત નથી. જ્યારે બે અગ્રણી ૫૧સ્ટેન્ડઅલોન નેટવર્ક્સ સાથે મળીને કાર્ય કરે છે, ત્યારે નવી શક્યતાઓ ઊભી થઈ શકે છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. -ર્સ્ત્રીઝ્ની અને જિયો ક્રોસ-નેટવર્ક ક્ષમતાઓ અને સેવાઓની નવી પેઢી માટે પાયો તૈયાર કરી રહ્યા છે. તેમાં ગ્રાહકો અને એન્ટરપ્રાઈઝ માટે વિશિષ્ટ સેવાઓ અને અનુભવો ઉપરાંત ૫૧ સ્ટેન્ડઅલોનની અનોખી ક્ષમતાઓનો લાભ લેતી છૈં આધારિત સેવાઓનો પણ સમાવેશ થાય છે. તેમણે અંતમાં એમ પણ ઉમેર્યું કે, અવિરત, પરસ્પર સુસંગત અને નવી સંભાવનાઓને સાકાર કરતું તથા મૂલ્ય ઊભું કરતું આ જ ૫૧ જીછનું ભવિષ્ય છે. Syniverseના ચીફ પ્રોડક્ટ ઓફિસર જહોન વિકએ જણાવ્યું કે, ઉદ્યોગક્ષેત્રે પ્રથમ ૫૧ સ્ટેન્ડઅલોન રોમિંગની આ ઐતિહાસિક સિદ્ધિ શક્ય બનાવવામાં સહયોગ આપવા બદલ જીઅહૈદ્દીજી ગૌરવ અનુભવે છે. સુરક્ષિત ઈન્ટરવર્કિંગ અને અદ્યતન મેડિએશન ટેક્નોલોજી દ્વારા આગામી પેઢીની રોમિંગ સેવા વૈશ્વિક સ્તરે વ્યાવસાયિક રીતે અમલમાં મૂકવી શક્ય બની શકે છે તે આ સિદ્ધિ દર્શાવે છે. "મોબાઈલ ઈકોસિસ્ટમમાં લાંબા સમયથી વિકસાવેલી ભાગીદારી, અમારી સ્વદેશી SEPP ક્ષમતાઓ અને વિશ્વસનીય પ્લેટફોર્મના આધારે અમે ઓપરેટર્સને ૫૧જીછ રોમિંગનું પરીક્ષણ, જરૂરી પ્રક્રિયાઓનું સંચાલન અને સેવાનું લોન્ચિંગ વિશ્વાસપૂર્વક કરવામાં મદદ કરીએ છીએ. વધુને વધુ ઓપરેટર્સ 5G SA રોમિંગ સાથે જેમ-જેમ જોડાતા જશે તેમ-તેમ, માન્યતા ચકાસણીથી લઈને વ્યાવસાયિક અમલીકરણ સુધીની સમગ્ર પ્રક્રિયામાં ૫૧માટે તૈયાર તમામ ગ્રાહકોને અમે સહયોગ આપી શકીએ છીએ." આ સહયોગ દર્શાવે છે કે -Mobile સરહદો પારની કનેક્ટિવિટીના ભવિષ્યને કેવી રીતે આગળ ધપાવી રહ્યું છે. અદ્યતન વૈશ્વિક નેટવર્ક્સની ક્ષમતાના આધારે નવી સેવાઓ અને નવા ડિજિટલ અનુભવો માટે જરૂરી પાયો આ સહયોગ દ્વારા તૈયાર થઈ રહ્યો છે.

# દ્વારકા જિલ્લા સેવા સદન ખાતે માર્ગ સલામતીના સંદેશો સાથે બાઈક રેલી યોજાઈ





દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સેવા જ્યોત કાર્યક્રમ અનુસંધાને જિલ્લા પોલીસ તંત્ર તથા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરીના સયુંકત ઉપક્રમે જિલ્લા સેવા સદન,જામખંભાળિયાથી પોલીસ હેડક્વાર્ટર સુધી માર્ગ સલામતી સંદેશ આપતી બાઈક રેલી યોજાઈ હતી.

જાગૃત નાગરિક, સુરક્ષિત સમાજના સૂત્રને ચરિતાર્થ કરતી બાઈક રેલી બહોળી સંખ્યામાં પોલીસ જવાનો જોડાયા હતા. માર્ગ સલામતી સંદેશો આપતી આ બાઈક રેલી જિલ્લા સેવા સદન ખાતેથી શરૂ થઈ રેલવે સ્ટેશન - નગર ગેટ - જોધપુર ગેટ - આઈ.ટી.આઈ - પાયલ ચોકડી - પોલીસ હેડક્વાર્ટર ખાતે સમાપ્ત થઈ હતી. ઉપરાંત, પોલીસ હેડક્વાર્ટર ખાતે સૌએ માર્ગ સલામતી શપથ લઈ હેલ્મેટ અવશ્ય પહેરવા, ઝડપથી વાહન ન ચલાવવા, રોંગ સાઈડ વાહન ન ચલાવવા સહિતના શપથ ગ્રહણ કર્યા હતા. આ તકે એ.એસ.પી. પ્રખરકુમાર, મામલતદાર વીરાંગ વ્યાસ, સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી જી.વી. તલસાણીયા સહિત પોલીસ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ જોડાયા હતા.

# જામનગર જિલ્લા પંચાયત પ્રમુખના હસ્તે સરસ મેળો ખુલ્લો મુકાયો







જામનગર : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત', મહિલા-નેતૃત્વ વિકાસ અને સ્વદેશી સશક્તિકરણના વિઝનને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં ૨૫ થી ૩૦ સપ્ટેમ્બર, દરમિયાન 'સરસ મેળો'નું આયોજન કરવામાં આવ્યું છે. આ રાજયવ્યાપી અભિયાનના ભાગરૂપે જામનગર ખાતે પણ જિલ્લા કક્ષાના 'સરસ મેળો-૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ થયો છે. જે.એમ.સી. ગ્રાઉન્ડ, મહાવીર પાર્ક, ઓસવાળ-૩, જામનગર ખાતે યોજાયેલા આ મેળાનું વિધિવત ઉદ્ઘાટન જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ ઉદ્ઘાટન પ્રસંગે ધારાસભ્ય દિવ્યેશ અકબરી, જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી નિશા તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક વિરલ માકડીયા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૨૫/૯ થી તા. ૩૦/૯ દરમિયાન દરરોજ સવારે ૧૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલ્લા રહેનારા આ મેળામાં જિલ્લાના પાયાના સ્તરેથી પરિવર્તન લાવી રહેલી મહિલા ઉદ્યોગસાહસિકો, લખપતિ દીદીઓ, સ્વસહાય જૂથો, મહિલા ખેડૂતો, સહકારી સંસ્થાઓ અને સ્ટાર્ટઅપ્સ દ્વારા પોતાના વિશિષ્ટ ઉત્પાદનો અને ઈનોવેશન્સનું પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવી રહ્યું છે.

આ મેળામાં મહિલાઓ દ્વારા સ્વહસ્તે તૈયાર કરાયેલી પ્રસિદ્ધ જામનગરી બાંધણી, હેન્ડીક્રાફ્ટ, હેન્ડલૂમ, ઈમિટેશન જ્વેલરી, આયુર્વેદિક અને હર્બલ પ્રોડક્ટ્સ, ઓર્ગેનિક વસ્તુઓ, અગરબત્તી, પેચવર્ક, ડ્રેસ મટીરિયલ તથા ઘર સુશોભનની અવનવી ચીજવસ્તુઓ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની છે. આ ઉપરાંત, સ્વાદિષ્ટ હોમમેઈડ ફૂડ પ્રોડક્ટ્સ જેવી કે અથાણાં, પાપડ અને ખાખરા જેવી ગૃહઉદ્યોગની વાનગીઓ પણ મોટી સંખ્યામાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

મહિલાઓના આર્થિક સશક્તિકરણ, સ્થાનિક ઉત્પાદન અને સ્વદેશી મૂલ્યોને પ્રોત્સાહન આપતો આ મેળો જામનગર જિલ્લાની આર્થિક ભાગીદારીને વેગ આપવાની સાથે હજારો મહિલાઓ માટે આત્મનિર્ભર બનવાની નવી પ્રેરણા પૂરી પાડશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જામનગરની જનતાને આ સરસ મેળાની મુલાકાત લઈ મહિલા શક્તિના કૌશલ્યને બિરદાવવા અને 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પને ચરિતાર્થ કરવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મગફળીનો પાક પીળો પડી જતા જુનાગઢ કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકો દ્વારા બામણગામની મુલાકાત





જામનગર : કાલાવડ તાલુકાના બામણગામમાં મોટાભાગે મગફળીનું આગોતરું વાવેતર કરવામાં આવેલ જે મગફળીનો પાક આજે અંદાજિત ૭૦ થી ૭૫ દિવસની આસપાસ થતા આખા ખેતરોમાં મગફળીના છોડ પીળા પડી ગયેલ જોવા મળેલ છે.

આવું એક કે બે ખેતરોમાં નહિ પરંતુ આખા વિસ્તારના ખેતરોમાં આ પ્રશ્ન જોવા મળેલ જેના માટે ગામના પ્રગતિશીલ ખેડૂતો અને ખેડૂત આગેવાન વિઠલભાઈ સખીયા અને રમેશભાઈ ત્રાળા દ્વારા કૃષિ યુનિવર્સીટીમાં જાણ કરતા જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો. વી.પી. ચોવટિયા દ્વારા રૂબરૂ સ્થળ મુલાકાત કરવામાં આવેલ અને સાથે વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.બી. જાદવ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગરના વડા ડો. કે. પી. બારૈયા, સંશોધન વૈજ્ઞાનિક (મગફળી) ડૉ. એન.ડી. ઢોલરીયા, સહ-પ્રાધ્યાપક, ડૉ. એમ. કે. ઘેલાણી તથા ડૉ. જે. આર. તળાવીયા અને અન્ય વૈજ્ઞાનિકોની ટીમ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી ખેડૂતોને સ્થળપ્રત માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

ફિલ્ડ મુલાકાત બાદ ખેડૂત તાલીમનું આયોજન કરી આશરે ૧૦૦ જેટલા ખેડૂત મિત્રોને તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે વૈજ્ઞાનિકો દ્વારા મગફળીની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, પાક વ્યવસ્થાપન, જીવાત-રોગ નિયંત્રણ તથા પોષણ વ્યવસ્થાપન વિષે ચર્ચા કરવામાં આવેલ તથા ભવિષ્યમાં આ પ્રશ્ન ન ઉદ્ભવે તે માટે લેવાના થતા આગમચેતીના પગલા અંગે ખેડૂતોનું ધ્યાન દોરવામાં આવેલ હતાં.

### હેપ્પી બર્થ-ડે

# બ્રહ્મ સમાજના અગ્રણી અને શિક્ષણવિદ અશોકભાઈ ભટ્ટનો આજે જન્મ દિવસ



જામનગરના પ્રતિષ્ઠીત બ્રાહ્મણ કુટુંબમાં જન્મી અને વિદ્યાદાનનું સંકલ્પ કરી ૧૯૯૦ ની સાલમાં પ્રાથમિક શાળાનો પ્રારંભ કરેલ, એવા બ્રહ્મ સમાજના અગ્રણી અને શિક્ષણવિદ અશોકભાઈ ભટ્ટ નો આજે તા. ૨૬ સપ્ટેમ્બર ના રોજ જન્મ દિવસ છે, અશોકભાઈ ભટ્ટે આર્ટસમાં સ્નાતકતા મેળવી વિદ્યાદાનનો સંકલ્પ કરી પ્રાથમિક શાળાનો પ્રારંભ કરેલ, વિદ્યાદાનના સંકલ્પ સાથે કટીબધ્ધતાથી ૩૬ વર્ષમાં બ્રિલિયન્ટ ગ્રુપ ઓફ સ્કૂલ્સ નું વિશાળ શૈક્ષણિક વટવૃક્ષ નીચે અશોકભાઈ ભટ્ટે હજારો વિદ્યાર્થીઓને તેમની પાસે રહેલ આગવું જ્ઞાન અને આવડત શિક્ષણ રૂપે પ્રદાન કરેલ છે. બ્રિલિયન્ટ ગ્રુપ ઓફ સ્કૂલ્સની સાથે સાથે બ્રહ્મ સમાજની અનેક નાની મોટી સંસ્થાઓ તથા ઝાલાવાડ ૧૭તાલુકા ઔદિચ્ય બ્રહ્મમિત્ર મંડળ જ્ઞાતિના પ્રમુખ તરીકે સેવા આપે છે. કોરોના દરમ્યાન અનાથ કે બેસહારા થયેલા ૧૭૮ વિદ્યાર્થીઓને અશોકભાઈ ભટ્ટ દતક લઈ તેમને શિક્ષિત કરવાનું ઉતમ કાર્ય કરી રહયા છે આ ઉપરાંત જામનગરમાં ઉચ્ચ અભ્યાસ અને સરકારી વિભાગીય પરીક્ષાનું કેન્દ્ર પણ ચલાવી રહયા છે જે તેમની શિક્ષણ અંગેની જાગૃતતા દર્શાવે છે. વિશાળ મિત્ર વર્તુળ ધરાવતા બ્રહ્મ અગ્રણી અને શિક્ષણવિદને તેમના જન્મદિન નિમિતે હાર્દિક અભિનંદન. તેમના મો. ૯૯૦૯૦૦૨૦૫૯ ઉપર શુભેચ્છા નો ધોધ વહી રહયો છે.

# આપણે પણ ફક્ત મત બેંકની રાજનીતિ માટે નહીં પણ સમાજમાં સતત સુધારા અને સકારાત્મક પરિવર્તન માટે કામ કરતા રહેવું જોઈએ

## વડાપ્રધાન મોદીએ કુંભ મેળામાં કામ કરતા સફાઈ કર્મચારીઓના પગ કેમ ધોયા તે સમજાવ્યું

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'સેવા સંકલ્પ અભિયાન'ના ભાગ રૂપે વારાણસીથી વડનગર જનારા યુવાનો સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાતચીત કરી. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે આપણે ગાંધીના જીવન પર નજર કરીએ છીએ, ત્યારે તેઓ માત્ર એક મહાન સમાજ સુધારક જ નહોતા પરંતુ અંગ્રેજો સામેની લડાઈ અને સ્વતંત્રતા ચળવળના નેતા પણ હતા. તેમણે હંમેશા સમાજમાં પ્રવર્તતી દુષ્ટતાઓ સામે કામ કર્યું. તેથી, આપણે પણ ફક્ત મત બેંકની રાજનીતિ માટે નહીં, પણ સમાજમાં સતત સુધારા અને સકારાત્મક પરિવર્તન માટે કામ કરતા રહેવું જોઈએ. જે લોકો સેવા કરે છે તેમનું સન્માન થવું જોઈએ. વધુમાં, વડા પ્રધાન મોદીએ કુંભના સફાઈ કર્મચારીઓ વિશે પણ વાત કરી.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે પ્રયાગરાજમાં જેમણે સફાઈ કાર્ય કર્યું, જેના કારણે આપણો કુંભ સમગ્ર વિશ્વમાં સ્વચ્છતા માટે પ્રખ્યાત થયો, ભારતનું સન્માન વધ્યું. તેથી મને એવું લાગ્યું કે જેમણે ભારતનું સન્માન ખૂબ વધાર્યું તેમના પગ ધોઈને તેમના આશીર્વાદ માંગું. એટલા માટે મેં તેમના પગ ધોઈને તેમનું સન્માન કર્યું, કારણ કે તેઓએ વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા વધારી. છેલ્લા ૧૨ વર્ષોમાં, ભારતમાં શહેરો અને ગામડાઓ વચ્ચેનું અંતર નોંધપાત્ર રીતે ઘટ્યું છે. આજે, ગામડાઓમાં માળખાગત સુવિધામાં સુધારો થયો છે. આપણી બહેનો અને દીકરીઓમાં આત્મનિર્ભરતા વધી છે.



પીએમ મોદીએ કહ્યું કે વડનગરે મને જીવન માટે મૂલ્યો આપ્યા છે, અને કાશીએ મારા મૂલ્યોને સેવાના અસંખ્ય રંગોથી ભરી દીધા છે. મને સંતોષ છે કે તમે બધા યુવા મિત્રો પણ આ યાત્રાને સેવાના રંગોથી રંગી રહ્યા છો. આ રંગો દેશભક્તિના છે, આ રંગો સેવાના છે, આ રંગો મૂલ્યોના છે, આ રંગો નિશ્ચયના છે. જ્યાં સુધી આપણે વિકસિત ભારતનું નિર્માણ ન કરીએ ત્યાં સુધી તે અટકશે નહીં. સેવા સંકલ્પ યાત્રા આ ભાવનાનું અભિવ્યક્તિ છે, અને આ ભાવના દરેક જગ્યાએ દેખાય છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે આજે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ પણ છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયે હંમેશા તેમના જીવન દ્વારા આપણને 'ચરાવતી-ચરાવતી-ચરાવતી' મંત્રનો સંદેશ આપ્યો. તેઓ પોતે એક અવિરત પ્રવાસી હતા. સેવાના પ્રવાસી તરીકે અમારું લક્ષ્ય આગળ વધવાનું છે, અને આમાં આપણે પંડિત દીનદયાળ ઉપાધ્યાય પાસેથી અપાર પ્રેરણા મેળવીએ છીએ. પંડિત દીનદયાળે આપણી સામાજિક ફરજો પૂર્ણ કરવા માટે આપણને સાત સિદ્ધાંતો આપ્યા છે.

# અમેરિકા ફરીથી હુમલો કરશે તો યુદ્ધ હિંદ મહાસાગર સુધી ફેલાશે

## ઈરાનના સર્વોચ્ચ નેતાના વરિષ્ઠ સલાહકાર યાહ્યા રહીમ સફાવીની અમેરિકાને ચેતવણી

તેહરાન,

ઈરાનના સર્વોચ્ચ નેતાના વરિષ્ઠ સલાહકાર યાહ્યા રહીમ સફાવીના જણાવ્યા અનુસાર, જો વોશિંગ્ટન (અમેરિકા) દ્વારા વધુ એક હુમલો કરવામાં આવે તો ઈરાન-અમેરિકા વચ્ચેનો સંઘર્ષ તેના વર્તમાન વિસ્તારોની બહાર પણ ફેલાઈ શકે છે. તેમણે કહ્યું કે આ લડાઈ આખરે હિંદ મહાસાગર સુધી પહોંચી શકે છે અને તેનાથી પણ આગળ વધી શકે છે.

તેમની આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે ધમકીઓ અને આક્ષેપોની આપ-લે ચાલુ છે. સાથે જ, બંને પક્ષોએ સંકેત આપ્યો છે કે કતાર દ્વારા કરવામાં આવી રહેલી વાતચીતમાં પ્રગતિ થઈ રહી છે; આમ, મુત્સદ્દીગીરી (રાજદ્વારી પ્રયાસો) અને સંઘર્ષ વધુ વકરવાનો ખતરો - બંને બાબતો એકસાથે ચાલી રહી છે.

ઈરાનની ચેતવણીઃ લડાઈ હિંદ મહાસાગર સુધી પહોંચી શકે છે. સફાવીએ કહ્યું કે સંઘર્ષ પહેલેથી જ પર્સિયન ગલ્ફ અને હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz) થી આગળ વધીને લાલ સમુદ્ર (Red Sea) તરફ સરકી ગયો છે. તેમણે ચેતવણી આપી કે અમેરિકા દ્વારા વધુ એક હુમલો લડાઈને નવા વિસ્તારોમાં ધકેલી શકે છે.

ઈરાનની 'ફાર્સ' (Fars) ન્યૂઝ એજન્સી દ્વારા જાહેર કરાયેલા એક વીડિયોમાં સફાવીએ કહ્યું, "જેમ કે સંઘર્ષ પર્સિયન ગલ્ફ અને હોર્મુઝની સામુદ્રધુનીથી લાલ સમુદ્ર સુધી ફેલાયો છે, તેમ શક્ય છે કે વધુ યુદ્ધના જવાબમાં આ મોરચો વધુ વિસ્તરે અને હિંદ મહાસાગર તથા કદાચ તેનાથી પણ આગળ પહોંચી જાય." આ ટિપ્પણીઓ એવા સમયે આવી છે જ્યારે સંઘર્ષ વધુ વકરવાની ચિંતાઓ વધી રહી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેઓ એક "મોટા નિર્ણય"નો સામનો કરી રહ્યા છેઃ શું તેહરાન સાથે શાંતિ કરાર કરવો કે પછી ઈસ્લામિક રિપબ્લિક (ઈરાન)નો "સંપૂર્ણ વિનાશ" કરવો.

# UAE એ ઈરાની એરલાઈન્સની તમામ ફ્લાઈટ્સ સ્થગિત કરી

યુએઈ

સંયુક્ત આરબ અમીરાતે એક મોટું પગલું ભરતા જણાવ્યું હતું કે, તેમના દ્વારા હવે ઈરાની એરલાઈન્સ દ્વારા ફ્લાઈટ્સ સ્વીકારશે નહીં કારણ કે તે મધ્ય પૂર્વ યુદ્ધ દરમિયાન આર્થિક દબાણ વધારવાના હેતુથી યુએસ પ્રતિબંધોમાં જોડાય છે.

યુએઈનું વાણિજ્યિક કેન્દ્ર દુબઈ, ઈરાનના કેરિયર્સ માટે એક મુખ્ય સ્થળ છે, જેમાં અનેક દૈનિક ફ્લાઈટ્સ, એક મોટો ઈરાની સમુદાય અને ગાઢ વ્યાપારિક સંબંધો છે. ઘણા અન્ય દેશોએ ઈરાની ફ્લાઈટ્સ સ્થગિત કરી છે, જોકે તુર્કી અને ચીનના રૂટ ખુલ્લા રહ્યા હતા.

"જનરલ સિવિલ એવિએશન ઓથોરિટીએ યુએઈ જતી અને જતી ઈરાની એરલાઈન્સ દ્વારા સંચાલિત તમામ ફ્લાઈટ્સ સ્થગિત કરવાની જાહેરાત કરી," સત્તાવાર ઉછર સમાચાર એજન્સી દ્વારા પ્રસારિત એક નિવેદનમાં જણાવાયું છે.

ગુરુવારથી સસ્પેન્શન, "ઈરાની એરલાઈન્સ પર લાદવામાં આવેલા યુએસ પ્રતિબંધોના આધારે હતું જે તેમને વિશ્વભરના એરપોર્ટનો ઉપયોગ કરવાથી અટકાવે છે", નિવેદનમાં જણાવાયું છે.

યુદ્ધના પ્રારંભિક તબક્કામાં હજારો ઈરાની મિસાઈલો અને ડ્રોન દ્વારા યુએઈને નિશાન બનાવવામાં આવ્યું હતું. ગયા મહિને, તેલ સમૃદ્ધ રાજાશાહીએ ઈરાન સાથે વેપાર અને નાણાકીય વિનિમય સ્થગિત કર્યા હતા. યુએઈ સેન્ટ્રલ બેંકે ઈરાનની બેંક મેલીની શાખાઓ દ્વારા ઈરાન તરફ અને ત્યાંથી વ્યવહારો અવરોધિત કર્યા હતા, તેના પર મની લોન્ડરિંગ, આતંકવાદ અને શસ્ત્રોના પ્રસાર પરના કાયદાઓનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો હતો.

# એસઆઈઆર વિવાદ: જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે કોંગ્રેસનું દેશભરમાં વિરોધ પ્રદર્શન

## જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યોએ પણ મુખ્ય ચૂંટણી કમિશનર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા

નવીદિલ્હી,

મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પર ચાલી રહેલા વિવાદ વચ્ચે, કોંગ્રેસે શુક્રવારે દેશભરમાં વિરોધ પ્રદર્શનો કર્યા. દિલ્હી, ચંદીગઢ, જમ્મુ અને કાશ્મીર, લખનૌ, કોલકાતા અને દેહરાદૂન સહિત અનેક સ્થળોએ કોંગ્રેસના કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા હતા, જેમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરવામાં આવી હતી. દિલ્હીમાં ચૂંટણી પંચના કાર્યાલયની બહાર સુરક્ષા વધારી



દેવામાં આવી હતી, અને કોંગ્રેસના વિરોધની અપેક્ષાએ પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા હતા.

જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યોએ પણ મુખ્ય ચૂંટણી કમિશનર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. ગૃહની કાર્યવાહી શરૂ થતાં જ કોંગ્રેસના ધારાસભ્યો નિઝામુદ્દીન ભટ, ઈરફાન હાફિઝ લોન અને ઈફ્તિખાર અહેમદે વિરોધ કર્યો. તેઓએ "વોટ બચાવો, લોકશાહી બચાવો" અને "નિષ્પક્ષ ચૂંટણી વિના લોકશાહી નહીં" જેવા નારા લગાવેલા બેનરો પ્રદર્શિત કર્યા.

ચંદીગઢમાં પણ કોંગ્રેસના કાર્યકરોએ પ્રદર્શન કર્યું. પાર્ટીના કાર્યકરોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી. વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને જમ્મુમાં મોટી પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌ અને પશ્ચિમ બંગાળના કોલકાતામાં પણ કોંગ્રેસના કાર્યકરોએ પ્રદર્શન કર્યું.

# કેન્સર સામે ઝઝૂમ્યા બાદ ૭૫ વર્ષની વયે પીઢ અભિનેતા મુશ્તાક ખાનનું નિધન

## પુત્ર મોહસિને પિતાની અંતિમ ક્ષણોને યાદ કરી

નવીદિલ્હી,

વેલકમ અને ગદર જેવી ફિલ્મોમાં ભૂમિકાઓ માટે જાણીતા પીઢ અભિનેતા મુશ્તાક ખાનનું ૭૫ વર્ષની વયે અવસાન થયું. અભિનેતાએ ગુરુવાર, ૨૪ સપ્ટેમ્બરના રોજ મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. તેઓ લાંબા સમયથી કેન્સર સામે લડી રહ્યા હતા. તેમના મૃત્યુના સમાચારથી ફિલ્મ અને ટેલિવિઝન ઉદ્યોગમાં શોક છવાઈ ગયો. પરિવારના સભ્યો, મિત્રો અને ફિલ્મ જગતના ઘણા લોકોએ અંતિમ શ્રદ્ધાંજલિ આપી અને તેમની સાથે વિતાવેલી ક્ષણોને યાદ કરી.

મુશ્તાક ખાનના પુત્ર મોહસીન અભિનેતાના અંતિમ ક્ષણોને યાદ કરે છે. અંતિમ સંસ્કાર દરમિયાન, મુશ્તાક ખાનના પુત્ર મોહસીન ખાને અભિનેતાના અંતિમ ક્ષણો વિશે મીડિયા સાથે વાત કરી. તેમણે ખુલાસો કર્યો કે તેમની માંદગી છતાં, તેમના પિતાએ સ્મિત સાથે દુનિયાને અલવિદા કહ્યું. મોહસીને કહ્યું કે મુશ્તાક ખાન છેલ્લા કેટલાક સમયથી કેન્સરથી પીડાતા હતા, પરંતુ તેમના અંતિમ ક્ષણો દરમિયાન તેમના ચહેરા પર સ્મિત હતું. તેમણે કહ્યું, "તેમણે કહ્યું, "વો પિછલે કુછ વક્ત સે પરેશાં થે, બિલકુલ પરેશાં નહીં થે." ક્યૂંકી હસતે હુએ હી ઉનકા કીડી હુઆ હૈ, લેકિન હાં, ઉનહે કેન્સર હુઆ થા. કેન્સર કા પહેલ સ્ટેજ કા થા, લેકિન વો આક્રમક હોતે હુએ કાફી સ્ટેજ બડ ગયા; વો હમે ભી પતા નહિ ચલ પયા.

# દિલ્હીમાં ડ્રગ્સ, રોકડ અને લકઝરી SUV સાથે 'લેડી ડોન' પાર્વતીની ધરપકડ

## નાર્કો- તસ્કરીના મુખ્ય સૂત્રધાર તરીકે હતી વોન્ટેડ

નવી દિલ્હી,

દિલ્હી પોલીસે ડ્રગ્સના એક મોટા નેટવર્ક સાથે સંકળાયેલી ડ્રગ માફિયા મહિલા ઓપરેટિવની ધરપકડ કરી છે. આરોપીની ઓળખ પાર્વતી તરીકે થઈ છે. પોલીસ દ્વારા 'ખતરનાક નાર્કો કિંગપિન' (ડ્રગ માફિયા સરગના) તરીકે વર્ણવવામાં આવેલી આ મહિલા કથિત રીતે ગેરકાયદેસર ડ્રગ્સના વેપારમાં સામેલ હતી અને તેણે આ વ્યવસાય દ્વારા અઢળક સંપત્તિ એકઠી કરી હતી. આ ધરપકડને કારણે ડ્રગ્સનું એક મોટું નેટવર્ક પોલીસની તપાસના દાયરામાં આવ્યું છે અને તપાસકર્તાઓ હવે આરોપી તથા તેના સાથીદારોના વ્યાપક સંપર્કોની તપાસ કરી રહ્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, પાર્વતી તે વિસ્તારની જાણીતી 'બેડ કેરેક્ટર' (BC - ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિ) છે અને કથિત રીતે ગુનાહિત પ્રવૃત્તિઓમાં સક્રિયપણે સામેલ હતી. સ્થાનિક ડ્રગ નેટવર્કની તપાસમાં તેની ધરપકડને એક મહત્વપૂર્ણ સફળતા માનવામાં આવી રહી છે. પોલીસે પાર્વતીના એક સાથીદારની પણ ધરપકડ કરી છે. તપાસકર્તાઓ હવે બંને આરોપીઓની પૂછપરછ કરી રહ્યા છે જેથી તેમના કથિત ડ્રગ્સના વ્યવસાય અને નેટવર્ક સાથે જોડાયેલા અન્ય લોકો વિશે વિગતો મેળવી શકાય.

ડ્રગ્સ, રોકડ અને SUV જપ્ત

પોલીસે આરોપી પાસેથી મોટી માત્રામાં નશીલા પદાર્થો જપ્ત કર્યા છે. આ કાર્યવાહી દરમિયાન મોટી રકમની રોકડ પણ જપ્ત કરવામાં આવી હતી. ડ્રગ્સ અને રોકડ ઉપરાંત, પોલીસે આરોપી સાથે સંકળાયેલી એક લક્ઝરી SUV પણ જપ્ત કરી છે. શંકાસ્પદ ડ્રગ નેટવર્કની તપાસના ભાગરૂપે જપ્ત કરાયેલા વાહન અને અન્ય સામગ્રીની તપાસ કરવામાં આવી રહી છે.ડ્રગ માફિયા પાર્વતીની તેના સાથીદાર સાથે ધરપકડ કરવામાં આવી.

# આર્મી ચીફ જનરલ ધીરજ સેઠે કર્ણાહની મુલાકાત લીધી

## હિમવર્ષા પહેલા સરહદી તૈયારીઓની સમીક્ષા કરી

શ્રીનગર,

આર્મી ચીફ જનરલ ધીરજ સેઠે શુક્રવારે કુપવાડા જિલ્લાના કર્ણાહ અને તંગધાર વિસ્તારોની મુલાકાત લીધી. તેમણે સરહદ પર સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી અને સૈનિકો સાથે વાતચીત કરી. શિયાળા અને હિમવર્ષા પહેલા સરહદી તૈયારીઓની સમીક્ષા કરવાના સંદર્ભમાં તેમની મુલાકાત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

સેના પ્રમુખે તંગધારમાં આયોજિત 'ઓપરેશન દ્રષ્ટિ' મોતિયાના સર્જરી કેમ્પની પણ સમીક્ષા કરી. તેમણે શિબિરમાં ઉપલબ્ધ તબીબી સુવિધાઓ અને સ્થાનિક વસ્તીને પૂરી પાડવામાં આવતી સેવાઓ



વિશે પૂછપરછ કરી.

મુલાકાત દરમિયાન, જનરલ ધીરજ સેઠે નિવૃત્ત સૈનિકો સાથે પણ મુલાકાત કરી અને તેમની સમસ્યાઓ અને કલ્યાણના મુદ્દાઓ વિશે પૂછપરછ કરી. તેમણે નિવૃત્ત સૈનિકો અને તેમના પરિવારોની ચિંતાઓ સાંભળી અને સંબંધિત અધિકારીઓને જરૂરી પગલાં લેવા નિર્દેશ આપ્યો.

# પૂર્વ ટીએમસી ધારાસભ્ય અજિત મૈતીની ૧૫ લાખ રૂપિયાના ૧૦ વર્ષ જૂના ખંડણી કેસમાં ધરપકડ

## ભારતીય જનતા પાર્ટીના નેતા ગોવિંદ દાસે પિંગલા પોલીસ સ્ટેશનમાં અજિત મૈતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી

કોલકતા,

તૃણમૂલ કોંગ્રેસના ભૂતપૂર્વ ધારાસભ્ય અજિત મૈતીની આજે (શુક્રવારે) પશ્ચિમ બંગાળના પશ્ચિમ મેદિનીપુર જિલ્લામાં ધરપકડ કરવામાં આવી હતી. તેમને ખંડણી કેસમાં પકડવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, પિંગલાના ભૂતપૂર્વ ધારાસભ્ય મૈતીની વહેલી સવારે માદપુર સ્ટેશન નજીકના તેમના ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી.

પશ્ચિમ બંગાળ પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "ત્યારબાદ તેમને ડેબ્રા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેઓ હાલમાં અટકાયતમાં છે." પોલીસે વધુમાં જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીના નેતા ગોવિંદ દાસે ૨૩ સપ્ટેમ્બરના રોજ પિંગલા પોલીસ સ્ટેશનમાં અજિત મૈતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે આજે તેમની ધરપકડ કરવામાં આવી હતી.

આ બાબત અંગે, ભાજપ નેતા ગોવિંદ દાસે આરોપ લગાવ્યો હતો કે ૨૦૧૬ માં, જ્યારે તેઓ પિંગલા-૨ બ્લોકના જમુના વિસ્તારમાં તૃણમૂલ કોંગ્રેસના પ્રમુખ હતા, ત્યારે અજિત મૈતીએ તેમને પાર્ટીના બ્લોક પ્રમુખ બનાવવાનું વચન આપ્યું હતું અને તેના બદલામાં તેમની પાસેથી ૧૫ લાખ રૂપિયા પડાવી લીધા હતા.

ગોવિંદ દાસે એવો પણ આરોપ લગાવ્યો હતો કે પૈસા મળ્યા પછી તેમને કોઈ પદ આપવામાં આવ્યું ન હતું. જ્યારે તેમણે પાછળથી તેમના પૈસા પાછા માંગ્યા ત્યારે અજિત મૈતીએ તેમને હેરાન કર્યા. અજિત મૈતી હાલમાં પશ્ચિમ મેદિનીપુર જિલ્લા પરિષદના ઉપપ્રમુખ છે અને ઘણા વર્ષો સુધી તૃણમૂલ કોંગ્રેસના જિલ્લા પ્રમુખ તરીકે સેવા આપી છે.

### યુપી ઈન્ટરનેશનલ ટ્રેડ શોનો ભવ્ય ઉદઘાટન સાથે પ્રારંભ

# ઉત્તર પ્રદેશ દેશનું સૌથી મોટું ઉત્પાદન કેન્દ્ર બનવા તરફ અગ્રેસર : મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ

## ઉત્તર પ્રદેશ હવે એક મુખ્ય રોકાણ કેન્દ્ર બની રહ્યું છે : અમિત શાહ

લખનૌ,

વૈશ્વિક મંચ પર ઉત્તર પ્રદેશ માટે નવી ઓળખ સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે, યુપી ઈન્ટરનેશનલ ટ્રેડ શોની ચોથી આવૃત્તિ ગ્રેટર નોઈડામાં ઈન્ડિયા એક્સ્પો માર્ટ ખાતે ભવ્ય ઉદઘાટન સાથે શરૂ થઈ. ૨૫ થી ૨૯ સપ્ટેમ્બર સુધી ચાલનારા ચાર દિવસીય ટ્રેડ શોનું ઉદ્ઘાટન કરતા, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશની ઔદ્યોગિક ક્ષમતા,એમએસએમઈ ક્ષેત્ર અને તેના કારીગરોના કૌશલ્યની પ્રશંસા કરી. તેમણે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં ક્યારેય ક્ષમતાનો અભાવ રહ્યો નથી; તેને ફક્ત યોગ્ય તકોની જરૂર હતી. હવે, પરંપરા અને ટેકનોલોજીના મિશ્રણ સાથે, રાજ્ય ઝડપથી દેશનું સૌથી મોટું ઉત્પાદન કેન્દ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.

અમિત શાહના ૨૦૧૭ના વિઝન અને ઓડીઓપીની સફળતાનો ઉલ્લેખ કરતા, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તેમના સંબોધનમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના યોગદાનને યાદ કર્યું. તેમણે સમજાવ્યું કે ૨૦૧૭ માં, જ્યારે ઉત્તર પ્રદેશમાં ભાજપનો "જન કલ્યાણ ઠરાવ" તૈયાર કરવામાં આવી રહ્યો હતો, ત્યારે તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશની સાચી તાકાત તેના પરંપરાગત સાહસોમાં રહેલી છે. જે દિવસે ઉત્તર પ્રદેશ આ ક્ષમતાને ઓળખશે, તે દિવસે કોઈ તેને ઉત્પાદન કેન્દ્ર બનતા રોકી શકશે નહીં. આ વિઝનને અનુરૂપ, રાજ્ય સરકારે 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' (ઓડીઓપી) અને 'વન ડિસ્ટ્રિક્ટ વન કુઝિન' જેવી યોજનાઓ દ્વારા પરંપરાગત કારીગરોને એક મજબૂત બ્રાન્ડ અને બજાર પૂરું પાડ્યું.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે ૧૨ વર્ષ પહેલાં શરૂ કરાયેલ 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન ભારતને ઉત્પાદન, ડિઝાઈન અને નવીનતા માટે



વૈશ્વિક કેન્દ્ર બનાવવા તરફ આગળ વધ્યું છે. ઉત્તર પ્રદેશમાં રોકાણ અને ઔદ્યોગિક વાતાવરણમાં થયેલા ફેરફારોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે પહેલા, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને કારણે, દિલ્હીમાં રોકાણ પરિષદો યોજવી પડતી હતી, પરંતુ હવે ઉત્તર પ્રદેશ એક મુખ્ય રોકાણ કેન્દ્ર બની રહ્યું છે.

# મુંબઈથી હૈદરાબાદ સુધી, સમગ્ર ભારતમાં ભક્તોએ ભગવાન ગણેશજીને ભીની આંખે વિદાય આપી

## વિશાળ પંડાલોથી લઈને પેન્સિલની અણી સુધીઃ સુરતની સૌથી નાની ગણેશ પ્રતિમાએ સૌનું ધ્યાન ખેંચ્યું

સુરત,મુંબઈ

સમગ્ર દેશ સહીત ગુજરાતમાં પણ ગણેશોત્સવની ભવ્ય ઉજવણી વચ્ચે, જ્યાં મોટી મૂર્તિઓ અને વિશાળ પંડાલો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર હોય છે, ત્યાં સુરતની એક અનોખી કલાકૃતિ ચર્ચાનો વિષય બની છે. કલાકાર પટેલ મયંક દિનેશભાઈએ પેન્સિલની અણી પર ભગવાન ગણેશની મૂર્તિ બનાવી છે, જેને સુરતની સૌથી નાની ગણેશ મૂર્તિ માનવામાં આવે છે.

મયંક પટેલ દ્વારા બનાવવામાં આવેલી આ અત્યંત સૂક્ષ્મ ગણેશ મૂર્તિ કદાચ પહેલી નજરે જોવી મુશ્કેલ લાગે, પરંતુ આ નાનકડી કૃતિમાં કરવામાં આવેલી ઝીણવટભરી કોતરણીમાં તેમની મહેનત સ્પષ્ટ દેખાય છે. ગણેશોત્સવ દરમિયાન રાજ્યભરમાં સ્થાપિત કરવામાં આવતી વિશાળ મૂર્તિઓથી તદ્દન વિપરીત અને અલગ હોવાને કારણે આ અનોખી કૃતિ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

અહેવાલો અનુસાર, ગણેશ મૂર્તિ બનાવવાનો વિચાર મયંકને કામ શરૂ કરતાની સાથે જ આવ્યો ન હતો. લગભગ બે વર્ષ પહેલાં, સુરતના આ કલાકારે પેન્સિલની અણી પર મૂળાક્ષરો બનાવવાનો પ્રયોગ શરૂ કર્યો હતો અને ત્યારબાદ તેમને ભગવાન ગણેશની મૂર્તિ બનાવવાનો વિચાર આવ્યો. મયંકે જણાવ્યું હતું કે ૬ મિલીમીટરની આ સૂક્ષ્મ મૂર્તિ તૈયાર કરવામાં તેમને પાંચ દિવસનો સમય લાગ્યો હતો. તેમણે એ પણ જણાવ્યું કે આ નાનકડી કૃતિમાં ઝીણવટભરી વિગતો ઉપસાવવા માટે ધીરજ ખૂબ મહત્વની હતી.

પેન્સિલની અણી પર કામ કરવા માટે ખૂબ જ ધીરજની જરૂર હતી કારણ કે એક નાનકડી ભૂલ પણ સમગ્ર કૃતિને બગાડી શકે તેમ હતી; આ સામાન્ય શિલ્પકળાથી અલગ છે, જ્યાં શિલ્પકાર પાસે ઈચ્છિત આકૃતિ કંડારવાની સ્વતંત્રતા હોય છે. આ લઘુચિત્ર (મિનિએચર) કળા વધુ આકર્ષક બની છે કારણ કે સમગ્ર મૂર્તિ નરી આંખે માંડ જોઈ શકાય છે.

પેન્સિલનું પણ વિસર્જન કરવામાં આવશે

સૂક્ષ્મ ગણેશ મૂર્તિ બનાવવી એ એક વાત હતી, પરંતુ મયંક માટે ખરી કસોટી તો હજુ બાકી હતી. તેમણે જણાવ્યું હતું કે આ નાનકડી મૂર્તિની પૂજા કર્યા પછી, તેઓ વિસર્જન દરમિયાન તે આખી પેન્સિલને જ પાણીમાં વિસર્જિત કરશે, જેના પર આ મૂર્તિ બનાવવામાં આવી છે.

જ્યારે ગુજરાત રાજ્યભરમાં સંગીત, નૃત્ય અને ભવ્ય ઉજવણીઓથી ગુંજી ઉઠ્યું છે, ત્યારે મયંકની આ કૃતિ શક્ય તેટલા સૂક્ષ્મ સ્વરૂપમાં ભક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

પોલીસે વિવિધ ટ્રાફિક વિભાગોમાં રસ્તા બંધ કરવા, ડાયવર્ઝન (વૈકલ્પિક માર્ગ), વન-વે વ્યવસ્થા અને નો-પાર્કિંગના નિયંત્રણોની જાહેરાત કરી છે.અનંત ચતુર્દશી નિમિત્તે સમગ્ર શહેરમાં ગણેશ વિસર્જનની શોભાયાત્રાઓ નીકળનાર હોવાથી આજે મુંબઈમાં વ્યાપક ટ્રાફિક નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે.

# ‘ગણપતિ બાપા મોરિયા..અગલે બરસ તું જલ્દી આ’ના નાદ સાથે વિઘ્નહર્તાને વિદાય

## અનંત ચતુર્દશીએ બંને કુંડમાં ૨,૬૭૯ મૂર્તિઓનું ભક્તોએ કર્યું વિસર્જન : ગણેશોત્સવ દરમિયાન કુલ ૭,૨૦૫ મૂર્તિઓને ભાવભરી વિદાય






તસવીર: સુનિલ ચુડાસમા






જામનગર : ‘છોટી કાશી’ જામનગરમાં ગણેશોત્સવના અંતિમ દિવસે અનંત ચતુર્દશીના પાવન અવસરે ‘ગણપતિ બાપા મોરિયા... અગલે બરસ તું જલ્દી આના...’ના ગગનભેદી નાદ સાથે ગણેશભક્તોએ પોતાના આરાધ્ય દેવને ભાવભીની વિદાય આપી હતી. જામનગર મહાનગરપાલિકા દ્વારા ખંભાળિયા બાયપાસ તથા સરદાર રિવેરા ખાતે તૈયાર કરવામાં આવેલા બંને વિસર્જન કુંડમાં ગઈકાલે એક જ દિવસમાં ૨,૬૭૯ ગણેશ મૂર્તિઓનું શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતુંધ્મહાનગરપાલિકાના વિસર્જન અહેવાલ મુજબ ગઈકાલે ખંભાળિયા બાયપાસ ખાતેના વિસર્જન કુંડમાં ૧,૩૬૯ તથા સરદાર રિવેરા ખાતેના કુંડમાં ૧,૩૧૦ મળી કુલ ૨,૬૭૯ મૂર્તિઓનું વિસર્જન થયું હતું.

આ સાથે ગણેશ વિસર્જનના બાર દિવસ દરમિયાન ખંભાળિયા બાયપાસ કુંડમાં કુલ ૪,૭૧૩ તથા સરદાર રિવેરા કુંડમાં કુલ ૨,૪૯૨ મળી બંને કુંડમાં કુલ ૭,૨૦૫ ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. અનંત ચતુર્દશીના અંતિમ દિવસે સવારથી જ બંને વિસર્જન કુંડ ખાતે ગણેશભક્તોની ભારે અવરજવર જોવા મળી હતી. ઢોલ-નગારાના તાલે, જયઘોષ અને ભક્તિગીતો વચ્ચે ગણેશ મૂર્તિઓને વિસર્જન સ્થળે લાવવામાં આવી હતી. બપોરથી મોડી સાંજ અને રાત્રી સુધી વિસર્જનની પ્રક્રિયા ધમધમતી રહી હતી.

જામનગર મહાનગરપાલિકા દ્વારા બંને વિસર્જન કુંડ ખાતે કરવામાં આવેલી વ્યવસ્થાના કારણે સમગ્ર વિસર્જન પ્રક્રિયા સુચારૂ અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. મહાનગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ સહિત પોલીસ, ફાયર બ્રિગેડ અને અન્ય સંબંધિત વિભાગોની ટીમોએ પણ સતત કામગીરી સંભાળી હતી. ગણેશોત્સવના અંતિમ દિવસે ભક્તોએ વ્યવસ્થામાં સહયોગ આપનાર તમામ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જામનગરમાં કાપડના વેપારીને સગાઈ તોડાવવા ઈન્સ્ટાગ્રામ પર બદનામ કરવાનો કારસો

### વારંવાર ઉશ્કેરણીજનક મેસેઝ મોકલતા અંતે ૨ શખ્સો સામે ફરિયાદ બાદ, સાઈબર ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી

જામનગર : જામનગરમાં કાપડના વેપારીને સોશિયલ મીડિયા મારફતે હેરાન-પરેશાન કરી બદનામ કરવાનો કારસો રચનારા અજાણ્યા શખ્સો સામે સાયબર ક્રાઈમ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. વેપારી યુવાનને સગાઈ તોડી નાખવાનું દબાણ કરી આરોપીઓએ વિવિધ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી ઉશ્કેરણીજનક મેસેજ અને બદનામીની ધમકી આપી ત્રાસ આપતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

શહેરના શરૂ સેકશન રોડ પર રહેતા અને પટેલ કોલોની ખાતે કાપડની દુકાન ચલાવતા વિવેક પ્રકાશભાઈ વિચ્છીની ફરિયાદ અનુસાર તેઓએ દોઢેક વર્ષ પહેલાં રાજકોટના રેલનગર વિસ્તારમાં રહેતી એક યુવતી સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. ત્યારબાદ બંને પરિવારોની રાજીખુશીથી સગાઈ કરી હતી. તેની સગાઈ બાદ કોઈ અજાણી વ્યક્તિએ તેમની સગાઈ તોડાવવાના ઈરાદે વિવિધ ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી વારંવાર ઉશ્કેરણીજનક મેસેજ મોકલવાનું શરૂ કર્યું હતું. સમાજમાં બદનામ કરવાની તથા પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાની ધમકી આપતા મેસેજ દ્વારા સગાઈ તોડી નાખવા દબાણ કરવામાં આવતું હતું. સતત આવા મેસેજના કારણે ફરિયાદી અને તેની પ્રેમિકા વચ્ચે મનદુઃખ થતાં અંતે સગાઈ તૂટી ગઈ હતી.

સગાઈ તૂટી ગયા બાદ પણ અજાણી વ્યક્તિનો ત્રાસ બંધ થયો ન હતો અને મોબાઈલ નંબર પરથી વોટ્સએપ કોલ તથા મેસેજ કરીને ગાળો આપવામાં આવતી હોવાનો તેમજ વેપારીના નામ સાથે મળતા નામોનો ઉપયોગ કરીને ખોટી ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી સોશિયલ મીડિયા પર બદનામ કરવાનો પ્રયાસ કર્યાનો આક્ષેપ સાથેની ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# લાલપુર તાલુકામાં સિક્યુરિટી કોન્ટ્રાક્ટના વિવાદમાં બ્રાન્ચ હેડની કાર આંતરી સાત શખ્સોનો હુમલો

### અદાણી કંપનીના સોલાર પ્લાન્ટનું કામ પોતાની એજન્સીને આપવા દબાણ કરનાર જે.ડી. સિક્યુરિટીના હેડ સહિત સાત સામે ગુનો નોંધાયો

જામનગર : લાલપુર તાલુકામાં અદાણી કંપનીના સોલાર પ્લાન્ટના સિક્યુરિટી કોન્ટ્રાક્ટને લઈને ચાલી રહેલો વિવાદમાં ટેરિયર સિક્યુરિટી સર્વિસના બ્રાંચ હેડની કારને આંતરી સાત શખ્સોએ કારના કાચ તોડી લાકડાના ધોકા વડે હુમલો કર્યો હોવાની ફરિયાદ લાલપુર પોલીસ મથકમાં નોંધાઈ છે. પોલીસે જે.ડી. સિક્યુરિટીના હેડ સહિત સાત શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત ફરિયાદ મુજબ મનમોહનસિંહ અમરેન્દ્રપ્રસાદસિંહ તોમર ટેરિયર સિક્યુરિટી સર્વિસમાં બ્રાંચ હેડ તરીકે ફરજ બજાવે છે. તેમની કંપની દ્વારા લાલપુર તાલુકાના હરીપર સહિતના વિસ્તારમાં આવેલી અદાણી કંપનીની સાઈટ પર સુરક્ષા સેવા પૂરી પાડવામાં આવે છે. અગાઉ આ સિક્યુરિટીનું કામ જે.ડી. સિક્યુરિટી પાસે હતું અને ત્યારબાદ ટેરિયર સિક્યુરિટી સર્વિસને કામ મળતાં બંને પક્ષ વચ્ચે વિવાદ સર્જાયો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ જે.ડી. સિક્યુરિટીના હેડ દ્વારા અગાઉ ફોન કરીને સિક્યુરિટીનું કામ બંધ કરવા તથા કામ પોતાની એજન્સીને આપવા દબાણ કરવામાં આવ્યું હતું તેમજ ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ છે. આ બાબતને લઈને બંને પક્ષ વચ્ચે તણાવ ચાલી રહ્યો હતો.

દરમિયાન મનમોહનસિંહ પોતાની હ્યુન્ડાઈ એક્સેન્ટ કાર નં. જીજે-૦૧-કેસી-૭૧૩૨ લઈને લાલપુર તરફથી જામનગર તરફ જઈ રહ્યા હતા. તે સમયે મુરીલા ગામથી આગળ ગોળાઈ નજીક કાળા રંગની સ્કોર્પિયો કાર તેમની પાછળ આવી ઓવરટેક કરી આગળ ઊભી રાખી રસ્તો રોક્યો હતો અને જે.ડી. સિક્યુરિટીના હેડ સહિત છ અન્ય શખ્સો નીચે ઉતર્યા હતા. અને હુમલાખોરોએ કારના કાચ તોડી નાખી લાકડાના ધોકા વડે મનમોહનસિંહને માર મારવામાં આવ્યો હતો, આ બનાવ અંગે લાલપુર પોલીસમાં મનમોહનસિંહ તોમરે ફરિયાદ નોંધાવતા પોલીસે જે.ડી. સિક્યુરિટીના હેડ સહિત કુલ સાત શખ્સો સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## રૂપેણબંદરમાં માછીમાર યુવાને ગળાફાંસો ખાઈ જિંદગી ટુકાવી

દ્વારકા : દ્વારકાના રૂપેણબંદર વિસ્તારમાં એક માછીમાર યુવાને કોઈ કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ સ્ટાફ સ્થળપર દોડી ગયો હતો અને મૃતદેહનો કબ્જો મેળવી પીએમ અર્થે હોસ્પિટલ ખાતે મોકલી આપી યુવાને કયા કારણસર અંતિમ પગલું ભરી લીધું તે અંગે જુદી - જુદી દિશામાં કાર્યવાહી આરંભી છે.

મળતી માહિતી પ્રમાણે દ્વારકાથી ૩ કિમી દુર આવેલ રૂપેણબંદર વિસ્તારમાં ભાગીરથી ગંગા મંદિર પાસે રહેતા યાસીન ઉર્ફે સોયબ સલીમભાઈ ભેંસલીયા નામના ૨૬ વર્ષના યુવાને ગઈકાલે કોઈ અકળ કારણસર પોતાના રહેણાંક મકાનના રૂમમાં પિઢીયામાં દોરી બાંધી ગળે વીટાળી ફાંસો ખાઈ જિંદગીને અલવીદા કરી નાખતા પરિવારમાં માતમ પ્રસરી ગયો છે. બીજીતરફ સલીમભાઈ જુમાભાઈ ભેંસલીયાએ આ બનાવ અંગે દ્વારકા પોલીસ દફતરે જાણ કરતા હે. કો. એ.આઈ. ડુમણીયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# હાપા માર્કેટ યાર્ડમાં ચોમાસુ તલની પ્રથમ આવક, મણના રૂ.૨૨૫૧નો ભાવ બોલાયો





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના હાપા માર્કેટ યાર્ડમાં આજે ચોમાસુ સીઝનના તલની પ્રથમ આવક થઈ હતી. પ્રથમ આવક સાથે તલની હરાજીનો મુહૂર્ત સોદો યોજાયો હતો, જેમાં ખેડૂત દ્વારા લાવવામાં આવેલા તલના જથ્થાની હરાજી દરમિયાન મણના રૂ.૨૨૫૧નો ભાવ બોલાયો હતો. હાપા માર્કેટ યાર્ડમાં થયેલી ચોમાસુ તલની પ્રથમ આવકમાં ખેડૂત દ્વારા લાવવામાં આવેલા તલની હરાજી કરવામાં આવી હતી. પ્રથમ મુહૂર્તના સોદામાં સોજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ દ્વારા તલની ખરીદી કરવામાં આવી હતી. પ્રથમ આવકના મુહૂર્ત સોદામાં મણના રૂ.૨૨૫૧નો ભાવ મળતાં યાર્ડમાં ઉપસ્થિત ખેડૂતો અને વેપારીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ચોમાસુ સીઝનમાં તલની આવક શરૂ થતાં આગામી દિવસોમાં યાર્ડમાં તલની આવક વધવાની શક્યતા છે.

# જામનગરમાં પ્રેમ સબંધ કેળવી સગીરા સાથે દુષ્કર્મ આચરનાર આરોપી જેલ હવાલે

### અગાઉ ૪ વખત પોલીસ ચોપડે ચડેલા શખ્સ સામે વધૂ એક ગુનો નોંધાયો

જામનગર : જામનગરના ઠેબા ચોકડી નજીક રહેતા પરિવારની ૧૭ વર્ષીય સગીરા સાથે સંબંધ કેળવી દુષ્કર્મ આચર્યાની ફરિયાદથી શહેરમાં ચકચાર મચી ગઈ છે. આ મામલે સગીરાની ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે ગુનો નોંધી તેની ધરપકડ બાદ જેલ હવાલે કર્યો છે. પોલીસની પ્રથમીક તપાસમાં આરોપી અગાઉ પણ ૪ વખત પોલીસ ચોપડે ચડી ચૂક્યાનું ખૂલ્યું છે.

મળતી માહિતી મુજબ, જામનગરના ઠેબા ચોકડી નજીકની એક સોસાયટીમાં રહેતી સગીરા સાથે આરોપી અરબાજ ફારૂકભાઈ કટારીયા (રહે. સુભાષ શાક માર્કેટ) પ્રથમ પ્રેમ સંબંધ કેળવ્યો હતો. તળાવની પાળ સહિતના સ્થળોએ અવારનવાર મુલાકાત બાદ તેણીને પોતાની હવસનો શિકાર બનાવી કુકર્મ આચરતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. સમગ્ર મામલે સિટી એ ડિવિઝન પોલીસે ફરિયાદના આધારે આરોપી સામે પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાન પોલીસે આરોપી અરબાજ ફારૂકભાઈ કટારીયાને ઝડપી લીધો હતો.

આરોપીને રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં કોર્ટે તેને જેલ હવાલે કરવાનો હુકમ કરતા આરોપીને જેલમાં મોકલી દેવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં આરોપી અગાઉ પણ બળજબરીથી પડાવી લેવું, હુમલો, ધમકી અને ચોરી સહિતના ગુનાઓમાં સિટી સી ડિવિઝન અને સિટી એ ડિવિઝન પોલીસ મથકના ચોપડે ચાર વખત ચડી ચૂક્યો હોવાનું સામે આવ્યું છે.

## જામનગર અને દ્વારકા જિલ્લામાં પાંચ દિવસમાં ૫.૮૪ કરોડની વીજચોરી ઝડપાઈ

### ૫૨ ટીમો દ્વારા કુલ ૩,૮૨૫ વીજજોડાણોની ચકાસણી દરમ્યાન ૫૩૨ માંથી વીજચોરી ઝડપાઈ

જામનગર : જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પીજીવીસીએલના જામનગર સર્કલ દ્વારા ગત તા.૨૧ થી તા.૨૫ સપ્ટેમ્બર સુધી પાંચ દિવસ દરમિયાન સઘન વીજચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું હતું. વીજચોરી અટકાવવા માટે બંને જિલ્લામાં કુલ બાવન ટીમોને મેદાનમાં ઉતારીને શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વીજજોડાણોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી.

પીજીવીસીએલની ટીમો દ્વારા જામનગર શહેર ઉપરાંત જામનગર, લાલપુર, કાલાવડ, ધ્રોલ અને કલ્યાણપુર તાલુકા તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ અને ખંભાળિયા તાલુકાના વિવિધ ગામોમાં સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. પાંચ દિવસ દરમિયાન કુલ ૩,૮૨૫ વીજજોડાણોની તપાસ કરવામાં આવી હતી.

ચેકિંગ દરમિયાન કુલ ૫૩૨ વીજજોડાણોમાં વીજચોરી ઝડપાઈ હતી. આ વીજચોરીના કેસોમાં પ્રાથમિક આકારણી મુજબ કુલ રૂ.૫૮૪ લાખ એટલે કે અંદાજે રૂ.૫.૮૪ કરોડની વીજચોરી પકડી પાડવામાં આવી હોવાનું પીજીવીસીએલના જામનગર સર્કલના આંકડામાં સામે આવ્યું છે.

પીજીવીસીએલ દ્વારા પાંચ દિવસ સુધી સતત ચલાવવામાં આવેલી આ મેગા વીજચેકિંગ ઝુંબેશમાં મોટી સંખ્યામાં વીજચોરીના કેસો સામે આવતા વીજચોરોમાં ફફડાટ ફેલાયો હતો. શહેરથી લઈને ગ્રામ્ય વિસ્તારો સુધી એકસાથે તપાસ હાથ ધરાતા વીજચોરી કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

# જામનગરમાં ઓનલાઈન ચલણથી બચવા નંબર પ્લેટમાં છેડછાડ કરનાર યુવાન ઝડપાયો

જામનગર : જામનગર શહેરમાં સીસીટીવી કેમેરા મારફતે થતા ઓનલાઈન ચલણની કાર્યવાહીથી બચવા માટે સ્કૂટર પર ખોટી નંબર પ્લેટ લગાવી ફરતા યુવાનને ટ્રાફિક પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે સ્કૂટર સહિત અસલ અને ખોટી બંને નંબર પ્લેટ કબજે કરી યુવાન સામે ગુનો નોંધ્યો છે.

જામનગર ટ્રાફિક શાખાના હેડ કોન્સ્ટેબલ સત્યજીતસિંહ નોઘુભા વાળા કમાન્ડ એન્ડ કંટ્રોલના સીસીટીવી કેમેરાના મોનિટરિંગ દરમિયાન સફેદ રંગના એક્સેસ સ્કૂટર પર ક્યારેક જીજે-૧૦-ઈએલ-૩૧૦૦ અને ક્યારેક જીજે-૧૦-ઈએલ-૩૧ નંબરની પ્લેટ લગાવીને વાહન ચલાવાતું હોવાનું ધ્યાને આવ્યું હતું. તપાસ કરતાં સ્કૂટરનો સાચો નોંધણી નંબર જીજે-૧૦-ઈએલ-૩૧૦૦ હોવાનું બહાર આવ્યું હતું.

આથી પોલીસે વાહન પર વોચ ગોઠવી હતી. દરમિયાન ગઈકાલે બેડી ગેઈટ તરફથી સફેદ રંગનું સુઝુકી એક્સેસ સ્કૂટર જીજે-૧૦-ઈએલ-૩૧ નંબરની પ્લેટ સાથે પસાર થતાં તેને ટાઉન હોલ નજીક અટકાવવામાં આવ્યું હતું. અને ચાલકની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ ફૈઝલ યુનુસભાઈ મુનરાઈ જાતે ભડાળા, ઉંમર ૨૩ વર્ષ, રહે. ઈદ મસ્જિદ પાછળ, ગરીબનગર, પાણાખાણ, જામનગર હોવાનું જણાવ્યું હતું. પોલીસે સ્કૂટરના દસ્તાવેજોની તપાસ કરતાં આર.સી. બુકમાં નોંધાયેલ સાચો નંબર જીજે-૧૦-ઈએલ-૩૧૦૦ હોવાનું જાણવા મળ્યું હતું. સ્કૂટરના ચેસીસ અને એન્જિન નંબર પણ દસ્તાવેજ સાથે મેચ થયા હતા.

વધુ તપાસ દરમિયાન સ્કૂટરની ડેકીમાંથી આરટીઓ માન્ય અસલ નંબર પ્લેટ જીજે-૧૦-ઈએલ-૩૧૦૦ મળી આવી હતી. વધુમાં યુવાને અસલ નંબર પ્લેટ કાઢીને તેની જગ્યાએ જીજે-૧૦-ઈએલ-૩૧ નંબરની પ્લેટ લગાવી હોવાનું જણાવ્યું હતું. શહેરમાં સીસીટીવી કેમેરા મારફતે ઓનલાઈન ચલણ આપવામાં આવતું હોવાથી આ કાર્યવાહીથી બચવા માટે ખોટી નંબર પ્લેટ બનાવડાવી લગાવી હોવાનું તેણે જણાવ્યું હતું. જેથી પોલીસે સ્કૂટર કબ્જે કરી આરોપી ફૈઝલની અટકાયત કરી હતી.